# શ્રી કાવ્યાનંદનિધિ.

## વિભાગ ૪ થો.

ઇન્દિરાનંદ લલિતાનંદ પંડિત.

# શ્રી કાવ્યાનંદનિધિ.

## વિભાગ ૪ થો.

રચી પ્રસિદ્ધ કર્તા

ઇન્દિરાનંદ લલિતાનંદ પંડિત.

નાગરફળીયા–સુરત.

પ્રથમ આવૃત્તિ.

સંવત ૧૯૮૫ સને ૧૯૨૯

મૂલ્ય રૂા. ૧—૮—૦.

છપાવી પ્રસિદ્ધ કર્તા

ઇન્દિરાનંદ લલિતાનંદ પંડિત.

નાગરફળીયા—સુરત.

છાપનાર

નારાયણરાવ લક્ષ્મણરાવ નીકમ.

શંકર પ્રીન્ટીંગ પ્રેસ, ચઉટાબ્રીજ—સુરત.

# ઉપોદ્ઘાત.

આ પરિવર્તનશીલ પ્રતિક્ષણે પલટાતું નિયત પરાધિન ઇશ્વરી ઇચ્છા અનુસાર પ્રવૃત્ત થનારૂં જગત છે. એવું શિષ્ટ લોકો માને છે. પ્રાચીન વામ માર્ગને અનુસરનારા લોકો વ્યષ્ટિ રૂપ અંહ મમત્વને લીધે અહંકારથી કર્મ કરે છે. વેદ ધર્મમાં તો સમષ્ટિ અર્થે એકજ શુદ્ધ ચૈતન્ય સર્વ ક્રિયા કરે છે. અથવા તો ત્રિગુણાત્મક માયા રૂપ નટી વ્યષ્ટિરૂપ આ જગતના નાટકના પાત્રોને નચાવી રહી છે. અને જે વ્યષ્ટિનું અંહ મમત્વ છે. અને કર્તવ્ય ભાવ છે તે લોભગ્રસ્ત મોહાત્મક મિથ્યા પરાભવ પામનારૂં છે. એટલે કે નાશવંત છે. એવું જણાય છે.

શ્રાવકો જન્મથીજ અહિંસા ધર્મનું પ્રાધાન્ય માને છે એમ કહેવાય છે. પણ વેદાનુયાયી શિષ્ટ લોકો સમય પરત્વે હિંસા ધર્મનું પ્રાધાન્ય માને છે. અને તેથીજ દેવ અને અસુરોના યુદ્ધ પુરાણોમાં ઠેર ઠેર ભાસે છે. આર્ય ધર્મી વેદશાસ્ત્ર અને પુરાણ પ્રતિ પાદીત ધર્મને માનતો નથી. અથવા જાણતો નથી તે અનાર્ય કહેવાય છે. અષ્ટા દશ પુરાણ સ્મૃતિઓ વીગેરે ઠેકાણે જે ધર્મોમાં રજોગુણાત્મક રાજ પ્રપંચ અને યુદ્ધાદિકનું વર્ણન છે ત્યાં સત્વ પ્રધાન ધર્મ અધર્મરૂપ મનાય છે. તેમજ લડાઇના સાધન અને સૈન્ય વિના જે મીથ્યા બકવાદ કરે છે તે કમજોર ગુસ્સા ભોત માર ખાનેકી નીશાની એવા ગણાય છે.

જે ગ્રંથ, જે ધારાઓ, એટલે કે મહર્ષિઓની સ્મૃતિઓ, વીગેરે ગ્રંથોમાં અથવા કાર્યોમાં પ્રારંભે મધ્યે અને અંતે ઇશ્વરનું નામ નથી કિંવા નમસ્કાર નથી તે ગ્રંથો અને તે નિયમો નાસ્તિકોના લોભગ્રસ્ત અને મોહાત્મક અમંગલ ગ્રંથો છે એવું શિષ્ટ સંપ્રદાયીઓ માને છે. ઉત્તમ ગ્રંથમાં નીચે પ્રમાણે આઠ વિભક્તિઓમાં જે આશયનો સમાશ અને હેતુ દર્શાવ્યા નથી તે અમંગલ ગ્રંથો નાસ્તિકના છે. એમ કહેવાય છે.

જે શ્રુતિ સ્મૃતિઓ અને કાયદાઓમાં ઈશ્વરનું નામ નથી તે કાયદાઓ ચાંચીયા, લાંચીયા, લુંટારા, ધનલોભી અને રૈયતના રક્તનું શોષણ કરનારા હોઇ અને તેમના ન્યાયાસને। તે તોપના ગોળાના જોરે ખીસાં ભરવાનાં કારખાનાંઓ છે. આવી દશામાં ત્રણ વસ્તુનું જોર ઘણું ચાલે છે.

માંસ ચર્મની થેલી. (બૈરી)

ચીઠ્ઠી ચપાટીની થેલી. (સીફારસ)

નાણાની થેલી. (લાંચ)

આ ત્રણ થેલીનું જોર ચાલે છે. આ વાત હિન્દુસ્તાનમાં અરાજકતા ફેલાવનારા સીકંદર મહમદ, ડચ, પીંઢારા, લુંટારા અને વિધર્મી વિદેશી વ્યાપારને મીસે આવી દેશ દેશાંતરોની ખુવારી કરવા લાગ્યા તે સમયના ઈતિહાસની દંતકથાઓમાં આગલા જમાનાના ડોસાઓ કહેતા હતા. ત્યાર બાદ ઈંગ્રેજી રાજ્ય સુસ્થિર સ્થાપન થયું. સુરાજ્ય અને ઉત્તમ પ્રકારના કાયદાઓ રૈયતના જાનમાલના રક્ષણ ઉદ્યોગ ધંધા વ્યાપાર અને કેળવણીની સ્થાપનાઓ થઈ અને સુવ્યવસ્થિત રાજ્ય ચાલવા માંડયું. દીન દીન પ્રત્યે પ્રજાની ઉન્નતિ થતાં થતાં આજે સ્વરાજ્ય આપવાની ઈચ્છા ઈંગ્લંડ દર્શાવી રહ્યું છે.

પ્રાચીનકાળમાં ઈ. સ. પૂર્વે ધર્મના મીસે લડાઇ થતી અને અશ્વમેધાદિક યજ્ઞો થતા. ત્યારબાદ સીતા, હેલન ઈત્યાદિક સ્ત્રી વિષયક લડાઈઓ થઇ તે રામાયણ ઈલીયડ અને કુરાન ઈત્યાદિ ગ્રંથો ઉપરથી જણાય છે. ઈલીયડમાં કહ્યું છે કે માઈટી વીલ રીવેજં એટલાસ્ટ અર્થાત બળવાન મનુષ્ય આખરે પણ વેર લીધા વિના છોડશે નહિ. રાજાને શીખામણ આપવા જવું એ મૃત્યુ.ને બોલાવવાની બરાબર છે. આ પછી પૃથ્વીના રાજ્ય લોભ કરવા માટે જમીન લેવા બદલ અને પોતાનું રાજ્ય સ્થાપન કરવા બદલ રોમ અને મીસર દેશ વીગેરેની લડાઈઓ થતી ઈતિહાસ ઉપરથી જણાઈ છે. ત્યાર બાદ વ્યાપારને અર્થે સ્પેનીશ આરમેડા અને

ફ્રેંચ જર્મનની લડાઈઓ જગ જાહેર છે. ત્યાર બાદ બંદર નાકાં અને કોલસા વગેરેના સ્થાનો લેવા માટે રાજયોની ચળવળ ચાલી રહી હતી ત્યારબાદ રાજા પૈસાદાર અને કામદાર લોકો વચ્ચેની લડાઈ, તેમજ હાલમાં કમ્યુનીસ્ટો લડાઇની ચળવળ કરી રહ્યા છે એવું ન્યુસ પેપરો ઉપરથી જણાય છે. કમ્યુનીસ્ટોનો મત સર્વ કોઇને માન્ય નથી. તેથી તેમનો મત ફેલાતાં કેટલા એક વાંધાઓ ઉઠશે. અને તેનું કારણ અને કાર્ય તથા પરિણામ નવ પ્રકારે આંધળા એવી મનુષ્ય જાતિ જાણી શકતી નથી. મંગલ ગ્રંથોમાં જે અમે કહ્યું છે તેમાંની આઠ વિભકિતઓમાં પ્રથમ વિભકિત કર્તાની છે. અને તે કર્તા સ્વતંત્ર છે. તેનું નામ જીવ ઈશ્વર વીગેરે છે. અને તે પંચ અવયવ વ્યાકરણનું પ્રથમ અંગ છે. અને તે સ્વેચ્છાવડે જે કાંઇ ક્રિયા કરે છે તેનું નામ ક્રિયા પદ છે. જે ક્રિયા થાય છે. તે ક્રિયાનું નામ કર્મ છે. અને તે દ્વિતીય વિભકિતમાં આવે છે. તૃતિય વિભકિતમાં કરણ અને ઉપકરણ કાર્ય સિદ્ધ કરવા માટે છે અને સાધન વિનાનો મનુષ્ય પરાજયપામી માર ખાય છે. ચોથી વિભકિત કારણ દર્શાવે છે. અથવા પ્રયોજન બતાવે છે. પાંચમી વિભકિત અંતર અથવા હેતુ દર્શાવે છે. અને છઠ્ઠી વિભકિત્ત સંબંધ બતાવે છે. સાતમી વિભકિત દેશકાળ દ્રવ્ય દિશામાં જે કાર્ય થાય છે તે બતાવે છે. અને આઠમી વિભકિતમાં સંબોધે છે. એટલે કે પુકારીને બોલાવે છે. આ સર્વ વસ્તુઓ ઈશ્વરના નમન પૂર્વક જે ગ્રથમાં છે તે ગ્રંથ ને શિષ્ટ લોકો મંગલ કહે છે.

ચિત્તમાં બે પ્રકારની શકિત છે. (૧) અભિવ્યંગા. (૨) નિત્યોદિતા.

જગતનો કોઈ પદાર્થ લેઇ તેના આધારથી જે કાંઇ અજ્ઞાત છે. તેનું જ્ઞાન થાય છે. દરિયામાં આગબોટ કોઇ જગ્યાએ હોય તે દેખાતી નથી અને તે છે કે નહિ કયા રાજ્યની આગબોટ છે વીગેરે વાત ચિત્ત પણ થઇ શકિત નથી પણ તેનો અભીવ્યંજક

જે દુરબીન તે વડે જોવાથી આગબોટ આટલા માઈલ દૂર છે તેના ઉપર અમુક રાજાનો વાવટો છે વગેરે જાણી શકાય છે. એટલે કે દૂરબીન જે સાધન છે. અને જ્ઞાન પેદા કરનાર છે તેનું નામ અભિવ્યંજક છે એમ કહે છે. એ જગતમાંનો માયાવી પદાર્થ છે તે દુર્બિન વિના જણાતો નથી. અને જ્ઞાન પણ થતું નથી. ચિત્તની બીજી શકિત એવી છે કે તે સમાધિ યોગવડે શાંત અને એકાગ્રતા પ્રાપ્ત કરી ચૈતન્યમાં ભળી જાય છે. તેથી કરીને જે પ્રમાણે ધગધગતી લુહારની ભઠ્ઠીમાં લોઢું લાલચોળ થઈ અગ્નિનું સ્વરૂપ અને અગ્નિની શકિત અને ગુણ ધારણ કરે છે તે પ્રમાણે એ ચિત્ત શુદ્ધ ચૈતન્ય જે બ્રહ્મ તે રૂપ થાય છે.

આ લોઢાની અંદરથી કાળાશ જઇ લાલ રંગ અગ્નિવર્ણો પ્રાપ્ત થાય છે તેને અડકતાં દઝાય છે. તે ઉપર કોઇ ચીજ મૂકતાં તે બળીને ભસ્મ થાય છે અને તેના પરમાણુઓ છિન્નભિન્ન થાય થાય છે. ભડકો થઈ પ્રકાશ થાય છે અને તેમાંથી ધુમાડો પણ નીકળે છે. આ શકિત પ્રાપ્ત થવાથી જે જ્ઞાન થાય છે તેનું નામ ચિત્તની નિત્યોદિતા શકિત છે. જો કે सर्वं खल्विदं ब्रह्म એ શ્રુતિને આધારે જે કાંઇ છે તે સર્વ બ્રહ્મ છે ત્યારે આપણે કાંઇ કર્તવ્ય નથી અને મનુષ્ય પણ નથી. એવો નાસ્તિક વાદ ચિત્તમાં ઉત્પન્ન થાય છે તે શ્રુતિ વિરૂદ્ધ ભ્રમ છે. यथोर्णनाभि सृजते એ કઠ-ઉપનિષદ્‌ની શ્રુતિ અનુસાર એકજ બ્રહ્મમાં અનંત પ્રકાર છે શુદ્ધ તે પણ બ્રહ્મ છે અશુદ્ધ તે પણ બ્રહ્મ છે. જડ પણ બ્રહ્મ છે. જીવ પણ બ્રહ્મ છે. સતત્ ઇશ્વર તથા માયા પણ બ્રહ્મ છે. જેવી રીતે કે ઘોડો એક છે. તેની શુદ્ધ ચૈતન્યરૂપ આંખમાં જો મરચાંની ભુકી આંજી તો ઘોડો કૂદાકૂદ કરી મૂકે છે અને લાતો મારે છે. અને એજ ઘોડાને ગરમ પાણીએ નવડાવીએ ચોખ્ખું લીલું ઘાસ નાખીએ બાફી પલાળીને ચણા ખવડાવીએ તો તે પોતાની પીઠ ઉપર બેસાડી જ્યાં જવું હોય ત્યાં આપણી મરજી પ્રમાણે લઈ જાય છે. તે પ્રમાણે લાદ અને મૂત્રમાંથી અથવા મરચાં આંજવાથી

દૂર રહી ઘોડા ઉપર બેસી ગંતવ્ય મંતવ્ય અને કર્તવ્ય કરવાં છે અને ઇચ્છાનુસાર ઘોડાને ધારેલે ઠેકાણે દોડાવી લઈ જવાનો છે. તે પ્રમાણે આ જીવરૂપ કરમના કીડાને આંતરડામાંથી દૂર કરી મોક્ષગતિએ પહોંચાડવાનો છે, ઘોડાની ખરીને અથવા નીમાળાને ચાકુએ કાપવાથી ઇજા થતી નથી પણ તેનો તેજ ચાકુ એના પેટમાં ખોસીએ અથવા મરચાની ભુકી આંજીએ તો ઘોડો લાત મારે એમાં કાંઇ નવાઇ જેવું નથી. તેથી તે પ્રમાણે આ જીવનની નારકીય અધોગતિ થાય છે.

આજકાલ ધર્મ અને ઇશ્વર તથા મોક્ષ અને જન્મ મરણ, પુર્નજન્મ ઇશ્વર પ્રિત્યર્થે કર્મ ઉપાસના અને જ્ઞાન, દેવયાન, યમયાતના, વિગેરે વસ્તુની ઉપેક્ષા કરવામાં આવે છે. તેવા સમયમાં ધર્મ, જ્ઞાનના પુસ્તકો વાંચનારા અધિકારી જવલ્લેજ હોય છે. ઇશ્વર તો જાણે શુન્યવત હોય અશકત હોય. આપણે અને તેને કોઇપણ પ્રકારનો સંબંધ નથી એવું માનવામાં આવી ઉપેક્ષા કરાય છે. અને આવતો જન્મ ઉત્તમ પ્રકારનો મળી સાધન સહિત પાછો જન્મ થાય તે વિષે બિલકુલ વિચાર કરવામાં આવતો નથી. જો આપણા વેદ શાસ્ત્ર, પુરાણ સત્ય છે તો આ લોકોની શી ગતી થશે તે સમજાતું નથી. આજકાલ સ્વરાજ્ય સ્વરાજ્યની બુમો પાડવામાં આવે છે. પણ જેમ તાળી પાડવાથી સિંહ નાશી જતો નથી. પણ સિંહ ફાડી ખાય છે. તે પ્રમાણે આજકાલ સાધન રહિત દ્રવ્ય રહિત, સંપરહિત જલયાન ખેચરયાન, ભુયાન, અગ્નાસ્ત્ર શતઘ્નિ ભુસંડી, રીવોલ્વર બાણ અન્ન વસ્ત્રાદિ સામગ્રી વિના ભીખ માંગવાથી છાંડેલુ અનાજ કે સૂકો રોટલો પણ મળતો નથી તે પ્રમાણે અનેક રાજ્યકિય પ્રપંચ કરી પોતાના સૈન્યના લોહી વહેવડાવી જે રાજ્ય સંપાદન કર્યું છે તે રાજ્યને અમથી બુમો પાડી ખીજવાટ ઉત્પન્ન કરવો અને જેલમાં જઇ કર્તવ્ય કર્મથી બેચાર વર્ષ વિમુખ થઇ રહેવું. તેથી કાંઇ શુકરવાર વળે એમ લાગતું નથી. આવા વિચાર જનસમુદાયના ઘણાં લોકો ધરાવે છે. એમ તેમની પ્રવૃત્તિ જોતાં લાગે છે.

કોઇ ભીખારીને કોઇએ રાજ્યદાન કર્યું એવું ઇતિહાસ ઉપરથી જણાતું નથી. જ્યારે પરાજય પમાડી પરકીય વિધર્મીઓ કોઇ દેશનો પરાજય કરી તે ઉપર રાજ્ય કરે છે તે કાંઇ સ્વેચ્છાથી ભીખ માગનારને દાન કરતો નથી. પરંતુ જ્યારે લાચારી અવસ્થા થાય છે ત્યારેજ મુઠી દાણો કોહ્યલો અને સડેલો હોય તે માંગનારાઓને આપે છે.

પૂર્વ જન્મના પાપને લીધેજ પરાજય પરતંત્રતા, સાધન રહિતતા કુસંપ, દ્રારિદ્રય. અવિદ્યાત્મક સ્થિતિ પ્રાપ્ત થાય છે. અને તે સ્થિતિ પુરૂષાર્થ હિનને ઇશ્વરે આપેલી હોય એમ જણાય છે. તેનું કારણ એ કે વેદાંતશાસ્ત્રમાં અખિલ બ્રહ્માંડ એકજ બ્રહ્મસ્વરૂપ છે. તે બ્રહ્મમાં એક એકથી વિરૂદ્ધ એવા અનંત ગુણો અને શકિતઓ રહેલી છે. જ્યારે એકજ ચૈતન્ય સર્વ કાંઇ ચલાવે છે ત્યારે આપણા કર્મનું ફળ દુઃખ દારિદ્રય વીગેરે ઇશ્વરજ આપે છે. માટે ઇશ્વરને કોપાયમાન નહિ કરતાં તેનું શરણ શોધવાથી આપણને સદ્દબુધ્ધિ પ્રેરે છે. તે વિનાના દહીંને બદલે જળ વલોવે છે. અને તેમાંથી કાંઇ માખણ પ્રાપ્ત થતું નથી.

શીતતા અને ઉષ્ણુતા એ બે જીવનશકિતના મુખ્ય આધાર રૂપ છે. શીત અને ઉષ્ણ અથવા તો બરફ અને અગ્નિ પરસ્પર વિરોધધર્મમાં પરસ્પર જુદા છે. બરફ ઠંડું છે. અને ઉષ્ણ છે. એ બંનેના ધર્મો એકજ બ્રહ્મની શકિત છે. કર્તાના ડહાપણ ઉપર વિચાર કરતાં તેણે ગરમી અને શરદી ત્રાજવામાં તોલી, કાંટો બરાબર રાખ્યો છે. અગ્ની; સૂર્ય, અને વિદ્યુત એ ત્રણ ગરમીના પદાર્થ છે. ત્યારે ચંદ્ર, મેઘ (બરફ) અને સમુદ્ર નદીઓ એ ત્રણ વસ્તુ બરાબર ઠંડી છે. ઇત્યાદિ ઇત્યાદિ.

આ પ્રમાણે હોવાથી અમારા ગ્રંથો અને કાવ્યોમાં ઇશ્વર પ્રાપ્તિના સાધનો અને ઇશ્વરી ગુણ, કર્મ, સ્વભાવ અને શકિત તથા સાધનો કેવી રીતે સંપાદન થાય તે વિષય અમે અખીલ જગતના મનુષ્યોના કલ્યાણ અર્થ દર્શાવ્યા છે.

પથ્થર, લાકડું, હાડકું, ચામડું ઇત્યાદિ પદાર્થો નાશવંત અને સંસ્કાર તથા ઇચ્છાથી અને ચેતનથી રહિત જડ છે. તેનામાં હેતુ નિયમપૂર્વક બરાબર જગતના પદાર્થોની ખુબી કર્તાનો ઉપકાર માને અને પ્રસાશન ખપે અને સુખ દુ:ખની લાગણી થાય એવુ કાંઇ જડમાં નથી. તેતે માત્ર જીવનામાંજ બંધનથી છૂટી ડરી જવું, દુ:ખથી ઉગરવાના ઇલાજ કરવા, સત્ય શું છે તેનો નિર્ણય કરવો એ મનુષ્ય જાતિમાંજછે. કાંઇ પહાડ વીગેરે જડમાં નથી. આપણે અને ઇશ્વરનો સંબંધ કેવો છે. તે નીચેના દૃષ્ટાંત ઉપરથી જણાશે ?

એક ખેડુત ખેતરમાં જઇ ખેતી કરેછે. સારૂં અને પુષ્કળ ધાન્ય મેળવવાની આશા રાખેછે પણ કુદરત એવું કર્મ કરે છે કે તેની ખેતી અના વૃષ્ટિ અતિ વૃષ્ટિ, તીડ પડે, ખેડુત માંદો થાય અને ખવાય નહિ, ગોધાઓ ચરી જાય અને હંકાય નહિ. ખેડુત મરી જાય એ સર્વ કાંઇ ખેડુતના હાથમાં નથી. તે કાંઇ પારકાના હાથમાં છે. અને તેજ બાબદને પ્રારબ્ધ કહે છે. અથવા કર્મફળ કહે છે. અને તે પ્રભુના હાથમાં છે એમ કહે છે. માટે આપણા કરતાં જોરાવર કોઇ મહાન શકિતછે એમ સ્પષ્ટ જણાઇ આવે છે. મોરના માથા ઉપર કલગી મૂકી વિવિધ રંગે રમણીય રંગ ભરી નાચ નચાવી મનોહર ટોકાર અને પીચ્છનો પંખો ખીલાવી અને ખેલાવી તેને આનંદ આપનાર કોઇ મહાન શકિત છે એમ કહ્યા વગર ચાલતું નથી. વેદનું પ્રમાણ માની એ તો

सनः पितेव सुनवे प्रे सुपायनोभव

એ શ્રુતિમાં કહ્યા પ્રમાણે કોઇ ચૈતન્યને વિનંતી કરે છે. ધગધગતા સળગતા કોયલા જે જડછે. તે કાંઇ વિનંતી સાંભળી શકતા નથી. અને પીતાવત્ પાલન પણ કરી શકતા નથી. એટલા માટે ઇશ્વરને ન માનવા અગર ઉપેક્ષા કરવી એ મહા અજ્ઞાની મૂર્ખતા અભિમાન વડે પોતે માનેલી લક્ષણા અને પ્રમાણ વગરની કપોળ કલ્પના છે અને અસત્ય નિર્ણય ઉપર આવી પોતાને હાથે પોતાના માથામાં પથરો મારી લોહી કાઢી દુ:ખી થાય છે.

રેલ્વેની ગાડીમાં ત્રણ શકિત પ્રતિત થાય છે. આગળ અથવા પાછળ હઠવાની, દોડવાની કે ઉભા રહેવાની, માલ અથવા ઉતારૂ-ઓના ડબ્બા દોડાવવાનું કે થોભાવવાનું સામર્થ્ય એનજીનમાં છે. બીજી શકિત એથી અવળી એવી છે કે તે ગાડીની શકિતને અટકાવી નાંખે છે. અને તેનું નામ બ્રેક છે. ત્રીજી શકિત એન્જીન ડ્રાયવર અથવા ટ્રાફીક મેનેજરની ઇચ્છા પ્રમાણે વર્તવું એવી છે. ટીકીટના પૈસા ભરવા એ પુણ્યકર્મ છે. વગર ટીકીટે ઘુસી જવું એ પાપકર્મ છે. તદઅનુસાર આ જગતની રચના છે. એવું શિષ્ટ સંપ્રદાયીઓ માને છે.

લોકોને વાંચવાની ઇચ્છા થાય અને સત્કર્મમાં પ્રવૃત્તિ થાય એટલા માટે યમનિયમ સંયમ ઇત્યાદિની વિભૂતિ વિષે જે ફળ પાતંજલ યોગદર્શનમાં અમોએ દર્શાવ્યા છે તેમાંથી કંઇએક અમે નીચે પ્રમાણે બતાવીએ છીએ.

૧ અહિંસા પાળવાથી તે પ્રાણીનો વૈરભાવ નિપજતો નથી. સત્યની પરીપાક દશાવડે જે ક્રિયા કરીએ તે સફળ થાય છે. અસત્યવડે ક્રિયાની નિષ્ફળતા નિવડે છે. ચોરી નહિ કરવાથી આંટ અને વિશ્વાસ બેસે છે. અને આપણી પાસે નાણું ભેગું થાય છે. બ્રહ્મચર્ય પાળવાથી શરીર મન અને ઇન્દ્રિયો તથા આત્મા પુષ્ટ થઇ ઓજસ વધે છે.

કોઇની પાસે દાન ન લેવાથી અથવા ભીખ ન માગવાથી તેની પરાકાષ્ઠાએ કેવો જન્મ હતો તેની વાતનું જ્ઞાન થાય છે. સફાઇ અને શુદ્ધિ રાખવાથી પોતાનું શરીર માંસ મળમુત્ર આદી ગંદા પદાર્થો તથા રોગથી પીડીત થાય છે એવી અભરચના આવે છે. અને ગંદા પદાર્થ જ્યાં હોય ત્યાંથી ખસી જવાનું મન થાય છે. સંતોષવડે કરીને નકામી ધાંધલ મચાવી ફાંફા મારવાની વિકલતા દુર થઇ સુખે સુવાય છે. ભૂખ તરસ વેઠવાથી તથા ટાઢ તડકો ખમવાથી ગમે તે સ્થિતિમાં કામ થઇ શકે છે. અથવા કામ કરવાની ટેવ પડે છે. નિત્ય અભ્યાસ કરવાથી ઇષ્ટદેવતા

સાથે વાતચિત થાય છે, મન વાણી અને કર્મે ઈશ્વરને શરણે જવાથી સમાધિ સીદ્ધ થાય છે. ત્રિકાળ જ્ઞાન થાય છે. શબ્દ અર્થ અને જ્ઞાન ભિન્નભિન્ન છતાં તેનો ભેદ દેખાતો નથી. તે દૂર થાય છે. આકાશમંડલ અને તેના ગૃહો ઉપગૃહો ઈત્યાદિ અંતરિક્ષના પદાર્થનું જ્ઞાન થાય છે અને તેના નિયમ રચના ગુણ ઈત્યાદિ સમજાય છે. અંતરધ્યાન થવાય છે ઇન્દ્રિયોરૂપં કરણવિના દૂર શ્રવણ દૂર દર્શન, સારા સારા સ્વાદ જ્ઞાન સુગંધ, દુર્ગંધ આવે છે. મન અને વિજળીના જેવી ગતિ પ્રાપ્ત થાય છે. અને સામર્થ્ય આવે છે. (યુનિવરસલ બ્રધરહુડ) ભાઈ ચારો વધે છે. અંતરધ્યાન થવાય છે. કાયાકલ્પ સધાય છે. દીર્ઘાયુ થવાય છે મરણનું જ્ઞાન છે. પરમાણુથી માંડી મહતતત્ત્વ સુધી ત્રિગુણાત્મક માયાના પર-માણુઓનો વશિકાર થાય છે. પ્રભુનું દર્શન થાય છે. સર્વ સામર્થ્ય આવે છે ઈત્યાદિ ઈત્યાદિ સર્વ ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે. સત્તાવીશ તત્વમાંથી મરણ પછી દેહની રાખ થઈ દશ તત્વો જતા રહે છે. બાકી રહેલાં ૧૫ તત્વોને લીંગ શરીર કહે છે. પુરૂષ અને પ્રકૃતિ એ બે અવિનાશી પદાર્થ છે. એમ કરી ૨૭ તત્વનો આ દેહ છે. લીંગ શરીર સર્વત્ર ગમન કરવા શકિતમાન છે. અને આખરે મોક્ષની એટલે ઈશ્વરની સર્વશકિત પ્રાપ્ત થાય છે.

સર્વત્ર ગમનનો વિશેષાર્થ તે ભિંત અને કીલ્લાઓમાંથી પસાર થાય છે. સૂર્ય મંડળમાં જઈ શકે છે. ચંદ્ર મંડળમાં જાય છે. ત્યાં વૈભવ ભોગ ભોગવે છે. અને ત્યાં ગમે તેવો દેહ ધારણ કરી શકે છે તો પણ તે પાપ પુણ્ય સંસ્કારના નિયમે બદ્ધ હોવાથી ઇશ્વર ઈચ્છાનુસાર જન્મ આયું ભોગ ભોગવી શકે છે. વા લઈ શકે છે.

જયારે મુર્ખ વિદ્યાર્થીને વેદ વેદાંત યોગ ગુરૂએ ભણાવા માંડયા અને કહ્યું કે આ સર્વ બ્રહ્મસ્વરૂપ છે. એનો અર્થ એ છે કે જયાં સત્ય છે જયાં સુખ છે. જયાં આનંદ છે. જયાં પ્રજ્ઞાન છે. જયાં દ્રષ્ટાપણું છે. સાક્ષીપણું છે. જયાં ચિદ્રુપતા છે. તે સર્વ

બ્રહ્મ સ્વરૂપ છે. અખિલ બ્રહ્માંડમાંના એક અણુમાં એટલી પણ જગ્યા ખાલી નથી કે જયાં બ્રહ્મ નથી. શિષ્યે આ સાંભળી કહ્યું કે ગુરૂજી, મને તો આપના બોલવામાં કાંઇ સમજણ પડતી નથી. જયારે આ એક વસ્તુમાં શિષ્યને સમજ ન પડી ત્યારે ગુરૂએ બે સ્વરૂપમાં સમજાવવા માંડયું. જડ અને ચેતન. પુરૂષ અને પ્રકૃતિ. જ્ઞાન અને અજ્ઞાન. શુદ્ધ અને અશુદ્ધ. સુખ અને દુઃખ. આનંદ અને કલેશ. વીગેરે વીગેરે. શિષ્યે કહ્યું આતો તમે મને બમણો ગુંચવાડામાં નાંખ્યો. ત્યારે ગુરૂ બોલ્યા ગુણ ત્રય છે. જડ જીવ અને શિવ એમ ત્રણ વસ્તુ છે. મહાકાળી, મહાલક્ષ્મી, મહા સરસ્વતિ એવી ત્રણ શકિત છે. બ્રહ્મા વિષ્ણુ અને મહેશ્વર એવા ત્રણ ઈશ્વર છે. શિષ્યે કહ્યું કે આ કાંઇ મારા અનુભવમાં આવતું નથી. બમણો ગુંચવાડો થાય છે. મન મુંઝાય છે ત્યારે ફરી ગુરૂએ સમજાવ્યું કે વૈશ્વાનર હિરણ્ય ગર્ભ, સૂત્રાત્મા અને અંતરાત્મા એ એક અદ્રવ્ય છે. તોપણ શિષ્યને કોઈપણ જાતનો અનુભવ થયો નહિ. ત્યારે ગુરૂજીએ સમષ્ટિરૂપ પંચ મહાભુતો બતાવ્યા. અને તે ભુતોના પ્રચાલક અને ભોકતા પાંચ પ્રકારના દેહમાં અનુભવ લે છે એવું બતાવ્યું. તે પણ શિષ્યને અનુભવમાં આવ્યું નહિ. ત્યારપછી તેથી પર એવું શુધ્ધ ચૈતન્ય છે. એમ કહ્યું ત્યારે શિષ્ય બમણો ગુંચવાડામાં પડયો ત્યારે વેદ શાસ્ત્ર પુરાણ ઉપનિષદો વીગેરેના વ્યાખ્યાન કરી સમજાવવા માંડયું. ત્યારે શિષ્યે કહ્યું કે આ તો બ્રાહ્મણોએ પેટ ભરવાના ગપાટા માર્યા છે. અને બધું ખોટું છે. ત્યારે ગુરૂજીએ કહ્યું કે તારા સંસ્કાર ઘણા નઠારા છે તું વ્યસની–વ્યભિચારી–જડમતિ લોભી લંપટ ઇત્યાદિ સંસ્કારો તારામાં દ્રઢ થઈ બેઠા છે. માટે ધર્મની નીશાળમાં બેસવાને પણ તું અયોગ્ય છે. તારાથી વ્યવહાર અને પરમાર્થ સાચવી સુખ લઇ ઉત્તમ જન્મ દીર્ઘ આયુંદા, દિવ્ય ભોગો ઇત્યાદિ ભોગવી શકાશે નહિ. તું પ્લેગના જંતુ કે નરકના કરમીઆ પેટે વારંવાર જન્મ મરણ અલ્પ આયું, અલ્પ શકિત દુઃખ દારિદ્રય પરતંત્રતા ભોગવ્યા કર. ભરતીમાં જેમ મુડદું.

પવન પાણી અને મોજાં જ્યાં ઉછાળી નાખે ત્યાં પડયા કર. તને આગબોટ વિમાન કે મોટરની સહેલ કરી ઇચ્છાનુસાર ગમન કરવાની શકિત પ્રાપ્ત થશે નહિ.

ઉપર પ્રમાણે આ વિધર્મી વિદેશીની પરતંત્ર ઝુંસરી નીચે ચંપાયલાઓની દશા છે. તે જોઈ તેમાંના એકાદને પણ શુદ્ધ સંસ્કાર બેસે અને સુખ પામે એવી ઇચ્છાથી આ ઉપોદ્દઘાતમાં અમે સહેજ સાજ કાંઇ લખ્યું છે. એમાં અમારી ગાંઠનું કાંઇ નથી. શિષ્ટ સંપ્રદાયીઓ જે વારંવાર પ્રબોધે છે અને સપ્રમાણ વાત કરે છે તેમાંનું કાંઇ એક લખ્યું છે તે વિદ્વજનના અને ઈશ્વરના ચરણમાં મૂકયું છે. इति ॐ शांतिः

અદ્રષ્ટ વસ્તુને શાસ્ત્ર સિવાય કોઇપણ સાધન નથી કે જેથી તેનું સત્ય જ્ઞાન થાય.

---

# અનુક્રમણિકા.

# ચૈતન્ય મૂર્તિનું ખંડન કે પથ્થરનું ખંડન

## કકડા કોના ?

ધર્મ શબ્દનો અર્થ એ છે કે સૃષ્ટિના ક્રમ અને નિયમને અનુસરી તેમાંથી સુખ મેળવવું અને દુઃખને ત્યજવું તેનું નામ ધર્મ છે. અને સૃષ્ટિક્રમ અને સૃષ્ટિના નિયમ વિરૂદ્ધ આચરણ તેનું નામ અધર્મ છે.

આપણે કોંગ્રેસવાળામાંથી તેમજ કોમ્યુનીષ્ટોમાંથી તેમજ રૈયતના કેટલાએક અવિચારી સાહસિકો, કોમકોમની લડાઈઓ કરી સરકારની સામા કૂતરાની પેઠે નકામા ભસ ભસ કર્યા કરે છે. પરિણામ એવું આવે છે કે ભસનારા કૂતરાથી કંટાળી તેને લાકડીનો માર પડે છે અને આખરે કૂતરૂં ગાંડમાં પૂછડી ઘાલીને ત્યાંથી નાસી કોઇ ઠેકાણે ભરાઈ જાય છે. અને તેની મદદે બીજા કોઇપણ કૂતરા કે મનુષ્ય પ્રાણીઓ જતા નથી એવું ઘણે ખરે ઠેકાણે જોવામાં આવે છે. ગુણત્રય માયાના પરમાણુઓના સાધન વિના, તોપ ગોળા વિનાના, દ્રવ્યરૂપ સાધન વિનાના, એક સંપ અને સૈન્ય વિનાના, માંગણોને દાન આપવાને બદલે ઇશ્વર અને રાજાઓ તેના સામે ઘંટડી વગાડવા છતાં કાંઈ આપતા નથી. અને ધમકી આપવાથી ડરતા નથી કે રાજાઓ નમતા નથી પણ પેલા કૂતરાની માફક ભસનારને માત્ર લાકડીઓ પડે છે. ભરાઈ જવું પડે છે કે નાસી જવું પડે છે. ઈશ્વરને પણ પ્રકૃતિરૂપ પરમાણુ દ્રવ્ય વિના એક સરખી મહેનત કર્યા વિના, અતિશ્રમ વેઠયા વિના, આ દુનિયાની રચના થઈ શકી નથી. ઈશુખ્રિસ્તના પિતાને થાક લાગવાથી તેને રવિવારે વિસામો લેવો પડયો એવું ખ્રિસ્તીઓના ભાષણથી સમજાય છે તો મસીનગન લશ્કર. દ્રવ્ય વિના અને ઐકય વિના કોમકોમની લડાઇઓથી ધારેલો બેડોપાર પડે એ અશક્યવત લાગે છે.

મહાભારતના શાંતિપર્વમાં લખ્યું છે કે શસ્ત્ર રહિતના ઉપર શસ્ત્ર મનુષ્યો શસ્ત્ર ઉગામે તો તે નારકી ગતીને પામે છે. પણ વીરપુરૂષના સરખું સ્વર્ગ સુખ પમાતું નથી. કુસ્તીની સામે કુસ્તી, લાઠીની સામે લાઠી, ગનબોટની સામે ગનબોટ, વિમાનની સામે વિમાન રથની સામે રથી, પાયદળની સામે પાયદળ, તીરકામઠાની સામે તીરકામઠાવાળા એવો યુદ્ધનો પ્રકાર છે. પણ મશીનગનની સામે કૂતરાએ ભુભુભુ કરવું તેથી કાંઇ મસીનગન ફાટી જતી નથી એમ લોકવાકયતા છે.

કેટલાએક અભણ લોકો મૂર્તિપૂજાની નિંદા કરે છે અને કહે છે કે મૂર્તિના પથરાને ભાંગી તેના બે કકડા કરી એક મક્કાની મસીદના પગથીયા ઉપર અને બીજો પથરો બીજે કોઇ ઠેકાણે ભાંગીને તેવેજ ઠેકાણે ચોઢયો છે કે જેથી બધાના તે ઉપર પગ પડે. અજ્ઞાની લોકો પુલાઇને માને છે કે અમે મૂર્તિના કટકા કર્યા અને ધર્માન્ધ લોકો એમ માને છે કે હાય હાય મહાદેવની મૂર્તિના કટકા થયા. આ બંને માણુસો ભરમે ભૂલાય છે.

મહાદેવના કટકા કરે એવો કોઇ હજુ સુધી જન્મ્યો નથી. તેમજ કવિના મગજમાંથી, શીલ્પીના ટાંકણામાંથી ચિતારાની કલમમાંથી. પુરાણીઓના પુરાણુમાંથી દિવ્યશકિતને પરશાનીફીકેશન (Personification) એટલે રૂપકાલંકારને કોઇ કાઢી શકયું નથી. એક પથરાના બે કટકા કર્યા તેથી નથી તો મહાદેવના કટકા થયા, નથી તો કવિની અલંકારની મૂર્તિનો ભંગ થયો, નથી તો શીલ્પીનું ટાંકણું ભાંગ્યું વીગેરે વીગેરે. હાલમાં કવિઓ છે તેના મગજમાં, ભકતના હૃદયમાં, મૂર્તિ છે. યોગીના ધ્યાનમાં મૂર્તિ છે. ઇત્યાદિ ઇત્યાદિ તે ભુતકાળમાં પણ હતી. વર્તમાનમાં પણ છે અને ભાવિના કવિઓ પણ મૂર્તિ ચિતરવાના. તો એનું ખંડન કેવી રીતે કરી શકશે. જેના કટકા કર્યા તે તો પથરાંના કર્યા. પણ મૂર્તિના કયાં કીધા ?

મસીદમાં જડેલા પથરાના કટકા ઉપર જોડા મૂકીને ચાલ્યા તે તો પથરા ઉપર જોડા મૂકયો. કાંઇ મહાદેવ ઉપર મૂકયો નથી. મહાદેવની મૂર્તિ તો વિશ્વવ્યાપક છે. જ્યાં તમે જોડા પહેરીને પગ મૂકશો ત્યાં મહાદેવજ છે. મહાદેવ વિનાની જગા હોય તો મહાદેવ ઉપર જોડા ન મૂકાય. અને ચલાય પણ નહિ. એટલા માટે જે લોકો પુલાય છે તે ખાંડ ખાય છે. મૂર્તિપૂજા ખંડન કરી એમ કહે છે પણ મૂર્તિનું ખંડન થયું નથી. પણ પથ્થરનું ખંડન થયું છે. માટે મૂર્તિખંડનકારકો અમથા પુલાશો નહિ. મસજીદમાં જેમ ગોખલો છે અને ઇંટ છે તથા મુલ્લાને બેસવાને પાટ છે. આર્યસમાજમાં જેમ કુંડની ઈંટો છે. તેવો મંદિરમાં મૂર્તિનો પથરો છે. પણ મૂર્તિ તો મૂરખના જોવામાં આવીજ નથી. આવું કેટલાએકનું કહેવું અને માનવું છે.

મૂતપૂજકો પૂંજા કરતી વખત એમ નથી બોલતા કે ઓ પથરા તને આબુ પર્વતમાંથી ખોદી આણ્યો છે કે તને અમૂક શીલ્પીએ ટાંકણુાવતી ઘડયો છે કે તું રંગે કાળો છે. ઇત્યાદિ ઇત્યાદિ. પણ હાથ જોડી એમ કહે છે કે

अजंम शाश्वतं कारणं कारणानाम
शिवं केवलं भासकम भासकानांम

વીગેરે, વીગેરે. હે દેવ કરૂણામય અમે અજ્ઞાની છીએ તમે અમારૂં કલ્યાણ કરો. આપના જ્ઞાનનો પ્રકાશ કરો. જેમ કોઈ રાજા કે અતિથીને બોલાવીને સત્કાર કે પૂજા કરે છે તેમ તે પથરા આગળ બેસીને મન અથવા ધ્યાન તો ઇશ્વરમાં પ્રોય છે. માટે મૂર્તિપૂજકો પથ્થરના ઉપાસકો નથી પણ શુદ્ધ ચૈતન્યના ઉપાસકો છે.

તમે પૂછશો કે આ વસ્તુ શું છે તો તે એમ નહિ કહે કે આ પથરો છે. પણ એમ કહેશે કે આ મહાદેવ છે. આ જગદંબા છે. આ વિષ્ણુ છે. ઇત્યાદિ. ઇત્યાદિ માટે મૂર્તિના ખંડકો મૂર્તિ પૂજાની નીંદા કરી કોમ કોમ વચ્ચે લડાલડી અને મારા

મારી કરી અંતે ગોળીબારથી મરી જઈ વિશ્રામ પામે છે. અને ફાટફુટ તથા વૈર કરાવે છે. તેથી કરીને દેશમાં એક સંપને બદલે કુસંપ થાય છે. અને નકામી ફાટફુટ અને મનુષ્યના જીવની હાનિ થાય છે. જે લોકો પુનર્જન્મને માનતા નથી તેમને અમે ભલામણ કરીએ છીએ કે તેમણે પાતંજલ યોગ દર્શન સૂત્રો ૯, ૧૧, ૧૨. અધ્યાય ત્રણમાં લખેલા ત્રણ પરિણામ વાંચવા. નિરોધ પરિણામ. સમાધિ પરિણામ અને એકાગ્રતા પરિણામ. આ ઉપરથી પ્રાણી પદાર્થ માત્રની ખાત્રી થશે કે આકાર માત્રનીજ અદ્રશ્ય અને દ્રશ્ય ઇત્યાદિ સ્થિતિઓ તથા દેહના ષડ્ વિકાર. અને વસ્તુમાત્રનું ત્રીભેદ કરણ અતિત, અનાગત, અને વર્તમાન દશાનું અવલોકન કરવું. દ્રષ્ટાંત તરીકે એક કેરીનો ગોટલો છે. એને બીજભાવ કહે છે. અથવા તો રૂદ્રભાવ કહે છે. આ સિવાય બીજો વિષ્ણુભાવ છે. વરસાદના દહાડામાં એ જમીનમાં દટાયલા કેરીના ગોટલાને ફણગો ફુટે છે તેને ગર્ભદશા અર્થાત અંકુરાવસ્થા કહેવામાં આવે છે. એ અંકુરને જ્યારે થડ ડાળી પાંદડા ફુલ અને ફળ આવે ત્યારે તે વ્યકતદશામાં જેને અંગ્રેજીમાં 'ફુલગ્રોથ' કહે છે. તે સ્પષ્ટ વર્તમાનકાળે જણાય છે. એને બ્રહ્માનું સ્વરૂપ કહે છે. અને એ પાછું મુડદાની રાખ થાય છે તે વખત અવ્યકત દશામાં રૂદ્રભાવે પાછું બીજરૂપે દેખાય છે. તેમજ ન્યાયશાસ્ત્રમાં પરમાણુનું સ્વરૂપ અવિનાશી છે. એ પરમાણુના આકાર તે બધા નાશવંત છે. અને ત્રણ પરિણામ પામનારા છે. એનું નામ અતિત અવસ્થા, વર્તમાન અવસ્થા અને અનાગત અવસ્થા અથવા તો ભૂતકાળમાં સ્થિતિ, વર્તમાન-કાળમાં સ્થિતિ અને ભાવિમાં અદ્રશ્ય અથવા સંકુચિત ભવિષ્ય કાળની સ્થિતિ કહેવાય છે. એનું નામજ અવ્યકત અથવા વ્યકત સ્થિતિ બોલવામાં આવે છે. દીવા સામાન્ય અને વિશેષ એવું કહેવાય છે. વિશેષ એટલે પરટીકયુલર અથવા ઇનડીવીજ્યુઅલ અને સામાન્ય એટલે યુનીવરસલ એમ કહેવામાં આવે છે. દીવો હોલવાઇ ગયો. તે કયાં ગયો. તો તે સામાન્ય અગ્નિજ્યોતિમાં

બળી ગયો. જેમ ચૂનાના પથરામાં અગ્નિ દેખાતો તેલ– નથી. દીવેટ અને કાંડી એ ત્રણ જ્યારે સાથે મળે છે ત્યારે પાછો અસ્પષ્ટ અગ્નિમાંથી સ્પષ્ટ અગ્નિ દેખાય છે. જેવી રીતે કે ચુનાના પથરા ઉપર પાણી રેડીએ ત્યારે માખણ જેવો ચુનો થાય છે અને ફફડી ઉઠે છે. દઝાય છે. આ ઉપરથી જગતના સર્વ પદાર્થની સમજણ પડશે.

જીવ નથી તો કબર ઉપર ફુલ ચઢાવે છે તે કોને પૂજીને ચઢાવે છે? મરતી વખત કોઈએ દાન કીધા ખૂન કર્યાં તો તેનું ફળ ક્યારે મળશે અને કોણ ભોગવશે. માટે હિંદુધર્મમાં જે વ્યવસ્થાપૂર્વક પુનર્જન્મ અને કર્મના ફળ ભોગવવાને જે વ્યવસ્થા કહી છે તે વાંચવાથી સ્પષ્ટ સમજાશે. ગ્રંથવિસ્તારભયે અમે ઝાઝું લખતા નથી.

હવે દેશભકત વીરો જે પારકાના કલ્યાણને અર્થે પોતાનો જીવ અપણ કરે છે. અને ફાંસીએ લટકે છે. તેના જન્મ કેવી રીતે થશે. તેનો એક નમુનો અમે બતાવીએ છીએ.

ઇસુખ્રિસ્તે જગતના હિતાર્થે પોતાનો પ્રાણ ખોયો તો તે પ્રભુને ત્યાં અત્યંત સુખી સ્થિતિમાં રહ્યા છે. કોઈ ફ્રેંચમેન મારૂં ફ્રાન્સ મારૂં ફ્રાન્સ એમ વદતો વદતો લોક કલ્યાણ કરી મરી ગયો તો તેની મનઃકામના પૂર્ણ થવાના સાધન સહિત નેપોલીયન થઇ ફ્રાન્સની ગાદી ઉપર બેઠો. અને સુખ ભોગવ્યું અને પૂણ્ય પુરૂં થતાં કેદખાનામાં મરી પણ ગયો. આવીજ રીતના અનેક દ્રષ્ટાંતો છે અને તે બાલ ગંગાધર તીલક, લાલા લજપતરાય, ગાંધીજી, પટેલ વલ્લભાઈ ઇત્યાદિ ઇત્યાદિ જેલ વેઠનારાઓ મરણ પછી હિન્દુસ્તાન હિન્દુસ્તાનનું કલ્યાણ થાઓ. સમ્રાટ જર્યોજનો વિજય થાઓ એમ કરતા કરતા ગયા અને જશે એજ ફરી પાછા ઇંગ્લંડના ગ્લેડસ્ટન અને રીપન જેવા પ્રધાનો જન્મશે એવી કલ્પના આર્યોને થાય છે. ઇતિ

---

ॐ

# કાવ્યાનંદનિધિ.

## ભાગ ૪ થો.

### મંગલાચરણ.

પદ (હમીર કલ્યાણ તાલ તેતાલો.)

નિડર મસ્ત જેના જોરે હું. ખાઉં પીઉંને ચમન ઉડાવું,
પ્રજ્ઞાન આનંદ સ્વરૂપ નમું હું,
નાગર નટવર જગદવિલાસી.
એકનો જે અનેક થયો ને અનેકનો તો એક* સંકેલતો સત્યવિલાસી, નિડર.
અંતરિક્ષના પોલાણમાંહિ ઝગમગ ઝગમગ જ્યોતિ પ્રકાશી.
અણુ અણુમાં વ્યાપક થઇને સ્થિતિ લય ઉદ્ભવ કરતા અવિનાશી; નિડર.
એ આકર્ષણ અદ્ભુત શકિત, અતર્કય અગમ્ય તેથી વહું છું.
નંદ ઇંદિરા ઉન્મનને મન તર્કથી શી રીતે નમન કરી દર્શાવી શકું હું. નિડર.

---

### રાગ એજ.

સત્ય સમાધિ ઉન્મન લાગી, ઝળહળ જ્યોત અંતરમાં જાગી,
ધર્મ મેઘની અનંત ધારા અમૃત આનંદ ધન વરસણ હારા;
ત્રિવિધિ તાપ તપન શમન સુહાગી. સત્ય.

---

*જે પ્રમાણે એક મ્હોટાં બરફના વાદળામાંથી અનંત વરસાદના ટીપાં થાય છે તે પ્રમાણે એક બ્રહ્મમાંથી અનેક જીવ થાય છે. તેમ છતાં જળ એ સ્વરૂપ જે જે સ્થિતિમાં અને જ્યાં જ્યાં જાય છે એટલે કે જાગ્રત સ્વપ્ન કે સુસુપ્તિમાં કર્મ ઉપાસના કે જ્ઞાનમાં જોડાય છે. ત્યાં ત્યાં તેવું સ્વરૂપ ધારણ કરે છે. પણ જે સ્થિતિમાં હોય છે. તે જળ રૂપેજ રહે છે. જળ બદલાતું નથી. જળ સમાન સત્યબ્રહ્મ છે. અને એટલા માટેજ શ્રી ગોપીજી અને રક્ષિયનોનો સદા વિજય છે. કેમકે તે સત્યના આશ્રયી છે. અને મુની-વરસાળ બધરકુડ સર્વ ધર્મમાં કહ્યું છે.

અસ્તિ ભાતિ પ્રિય વિપર્યય થાતી;
પરિણામ પામી લયમાં જતી,

નિત્ય નવીન નવીન પ્રગતિ પૂર ઉર ઉભરી ઉભરી ઉછળવા લાગી,
અણુઅણુમાં ચિદ્દશકિત વિવિધ રસીલી નૂતન ઘાટ ઘડવા જગલાગી.

જીર્ણ તણા મરણે ભૂત ભાવિ થઈ જન્મ મરણ સંસૃતિ થઈ સંગી,
જીવવું જન્મી કારાગ્રહ દેહ રોગ દુઃખ ભય કલેશ ભોગવવા લાગી સત્ય.

અપક્ષીયતે મ્રિયતે રસમય પ્રિય જગ સુખ આનંદમય,
રમણુ રસવિધિ લીલા ભરી રમતો વિલાસી. સત્ય.

સ્વરૂપ સ્થિતિ ચિદ્દ આવરણુ તમમાં ભૂલી હું પદ મમભાવ ધરી,
એ દુઃખથી મરણુ સુખદ ઉગારે સમષ્ટિ દેહ શીવ રૂપ કરી. સત્ય.

અનેકમાંથી અદ્વય રૂપે સાક્ષી સ્વરૂપે ચિદ્દ ઠરી,
દ્રષ્ટા દ્રશ્યનો વિલાસ નીરખી સતત્ શાંતિ આનંદ ભરી. સત્ય.

પલ પલ પલટે સકળ આકૃતિ, એક ચિદ્દ રૂપ સ્થિર ઠરી,
નંદ ઈન્દિરા જગત રમાડું જડ ચેતન[1] બાલકવત[2] કરી. સત્ય.

---

# પરોપકારી યોગી

(બીજા ભાગના પૃષ્ઠ ૬૬ થી)

અહાલેક ! ! ! હાથમાં નાળીયરનું કાચલું. ભણવાં વગર રૂદ્રાક્ષમાળા કંઠમાં ધારણુ કરેલી અને કપાળે ભસ્મ લગાવેલી એવો યોગી ગલીએ ગલી ભટકે છે. અહો. ગુરૂજીની આજ્ઞા પ્રમાણે ભીક્ષાને મીષે શહેરમાં જઇ લોક સંગ્રહાર્થે ઉપદેશ કરવો અને દુઃખીને દુઃખમાંથી છોડવવા ઇત્યાદી પરોપકૃતિના કામો કરવા માટેજ ભીક્ષાનું તો મીસ છે. જંગલના વૃક્ષો સમાન કોઇ

---

૧ જડચેતન :થુલ જગત તે જડ છે. સુક્ષ્મ જગત તે એટલે મનોમય જગત છે. અને તેનાથી પર તે પુરૂષ છે.

૨ બાલક છોકરાને હું જેમ વહાલથી રમાડું તેવી રીતે આ નવીન સૃષ્ટિનું દ્રષ્ટા સાક્ષીરૂપ રહી વિલસીત આનંદમાં ભોગવું છું.

ઉહારહાતા નથી તેના મીષ્ટ ફળ કંદમૂળ આગળ ગૃહસ્થના આહીષ્ટ ભોજન પણ મને રૂચિકર લાગતા નથી. પણ ગુરૂ આજ્ઞા પ્રમાણે રોજ સંધ્યાકાળે અલેક જગાવી લોક ચર્ચા જોવી. લોકો કહે છે આ કલિયુગ છે એમાં કલિ કલેશ વૈર ક્રોધ, ચોરી, જારી જુગારી સટ્ટા અકાળ મૃત્યુ અને રોગ હોય છે. રાજાઓ રાક્ષસ થયા છે રાજા ધનલોભે વ્યાપારના મિષે નબળાના શસ્ત્ર છીનવી ચાંચીયાને લુંટારાનું રૂપ ધારણ કરી પ્રભુને ભૂલી ગયા હોય એવું આ કાળચક્ર ફરતું દીસે છે. પણ મારી નજરે તો કાંઇ દેખાતું નથી. સર્વત્ર બ્રહ્મ દર્શન થાય છે. શાંતિ આનંદ સુખ અને પ્રજ્ઞાન વિના બીજું કાંઇ દેખાતું નથી.

(ગાતો ગાતો જાય છે.)

શબ્દની ગતિ નહિ જ્યાં, દેખું હું તુજ પદ ત્યાં;–શબ્દની.
નેતિ નેતિ કહી શ્રુતિઓ વિરામે. ત્યાં છે શિવપદ ધામે;–શબ્દની.
સહસ્ર મુખથી શેષ છે ગાયે, અગાધ ગુણ તે પ્રભુના;–શબ્દની.
શારદ લખી લખી લેખણ ભાંગી ખૂટયો ગુણ નિધિ ના;–શબ્દની.

## ગરબી.

જ્યાં જ્યાં જોઉં ત્યાં પ્રભુતા પ્રભુની.
વિસ્તૃત લીલા વિશ્વંભર વિભુની; જ્યાં–૧.

પિપલ વડ સાગ પ્રચંડ ભણી,
જોતાં ઉઠે ઉર્મિ કવિને ઘણી. જ્યાં–૨.

જંગલ મોટાં વાઘ વરૂ કાજે,
પરવત ગુહમાં કેશરી ગાજે; જ્યાં–૩.

બિલાડી કાજ ઉંદરને કર્યા,
મનુષ્યને અન્ન કોઠાર ભર્યા; જ્યાં–૪.

પક્ષીને કાજ મિષ્ટ ફળો ઉંચે,
કૂમી કીટને ભક્ષ દે કાહવે. જ્યાં–૫.

મચ્છાદિકને જળમાંય ભોજનદે,
ચિંતાશીદ માનવ તું કરીરે. જયાં-૬.

સૌનું રક્ષણ ભક્ષણ ચિંતિ રહે,
જો જો તે પ્રભુ સર્વાન્તરબાહ્યે; જયાં-૭.

વિછું સરપ પાપની ચોની વિશે,
તેના પર પણ હરીની કૃપા દિશે; જયાં-૮.

કીડીને કણ મણ હાથીને આપે,
બળદ ભેંસ કાજે તૃણો ભાસે; જયાં-૯.

જન્મ થતાં જનુનીના ઉર માંહે,
ભરે મિષ્ટ પય પ્રભુ ત્યાંયે; જયાં-૧૦.

સકર ખોરને સાકર સૃજી આપે,
જન્મ થતાં પહેલાં અન્ન યોજે; જયાં-૧૧.

સહુની અક્ષી તણી ઝીણી રચના કીધી,
તેમાં સાક્ષી શીવ તેજ નિધિ; જયાં-૧૩.

થવાનું તે એણીપેરે થઇ જાશે.
શ્રીફળમાં જળ ભરાયું તેમ થાશે. જયાં-૧૪.

જવાનું તે એણીપેર ઝટ જાશે,
હાથી ગળે કોઠું ગર ભસ્મજ થાશે. જયાં-૧૫.

અકલ સકલ મ્હાંય લીલા વિસ્તરી,
ઇંદિરા રહે આનંદ શાંતિ ભરી; જયાં-૧૬.

---

લાવણી (ડરમાં તું દીલ સાથ એ લય.)

સત સંગતથી સુખ થાય કુટીલ નિજ સંગે કુપથે વ્હાય,
જો પુણ્ય ઉદયપુર થાય;
ઓ બોધે કુમતિ કૂર પલટાય કુમતિ સુત.
નીતિ ધર્મ સત કર્મોને ન્યાય,
ઉન્નતિ આત્માની સમજાય; ૩

પરસ્પર સૃષ્ટિ લોક આત્માય,
નૃપતિના નિયમો નહિ અથડાય. ૪
સુખે ચડી દીન દીન પ્રભુ ગુણ ગાય,
ઇંદિરા જગ નંદન વન જ્હાંય. ૫

(પ્રેમનિધિ પ્રિયા સુખી ન શરણે એ રાગ.)

નકી છોડશે તે તુજને કેતું તે, ભરમે ભુલના જીવ માયીકને;
ક્ષણુ ક્ષણુ છે સ્વભાવે બદલાતી, પરમાણું સંયોગ વિયોજકને.
મ્હારી મ્હારી કહે ત્હારી ન કોઇ, રોઇરોઇ રહે જશે જે તજીને;
સુંદર મુગ્ધા મદભરશૂરી, ડોસી માવલી કુરૂપ થૈ જતીને.
કાળ ખાટી લીલી કઠીણુ ફૂચકેરી, હતી તે મીઠી પોચી પીળી આજને;
નંદ ઇંદિરા એક અચળ છે, સત્ય જ્ઞાન અનંત પ્રજ્ઞાન આજને.

અપૂર્ણ.

## લંકાદહન.

સર સરરર વાયુ વંટોળ છુટયો,
ભડ ભડક ભડકી અગ્ની ભભુકયો.

ધુમ્ર ગોટેગોટ ઉઠતાં ધૂળ રાખ તનખા ઉડયા.
છાપરાંને ભીંત નળીયાં ખડ ખડી ભંભં પડયા,
લાકડા ઘર સ્થંભ સળગ્યા દ્વારવાડી ના રહયા,
બુમરાણ દશદિશમાં થયુંને અશ્વ રથ ગજ હય બળ્યા.
નાશા નાશ થઇજ સઘળે ઘરમાંહિ રહી બાળક ગયાં,
ઘરડા અને ડોસાં રહ્યાં તે અગ્નિથી ભસ્મજ થયાં.
પેટીપટારા અને ઘર વાખરા સઉ બળી ગયા,
વસ્ત્ર અલંકાર ધન ગોંદડાં પણ ના રહયા.
કોઇ ઊંઘતાતે નગ્નનાઠા, પ્રસરી જવાળા દશદિશે,
સામટા સઉ ઇંદિરા અગ્નિ પ્રકોપે ગ્રસિત થયાં.

(ભાગ ૩જા માં બાકી રહેલી કવિતા.)

# રામાયણ નાટય લહરી.

( વિભાગ ૩ ના પૃષ્ઠ ૭૪ થી )

## કેરબાની ચાલ-એક તાલી

કોઇ દેખાબિ યારો મેરા સનમ એ રાહ

ત્રીજટાઃ- રોઇ રોઇ બ્હેની 'શીદ આમ કરે.
આંસુ ઢાળિ ઢાળિ ખુટયું નીર અરે

સાખી.

કવિઃ- ત્રિજટા રાવણુની દુતી, મનમાં ડરતી જાય,
વ્હાલ બતાવી સેવીરે પણ દુતત્વ ન થાય.

સીતાઃ-( મનમાં )

આવ્યા આવ્યા પતી પ્રીયપ્રાણુ શું રે
દીવ્ય ધનુર્ધરા શ્રી બે ભ્રાત ખરે

ત્રીજટાઃ- લાલ આંખ ઉંચી છે વિચાર ભરે,
ગાલ ગુલાબી લાલે ધાર ઝરે. રોઇ.

સાખી.

કવીઃ- મધ્યાન્હે જયમ આગીઓ ઝાંખો ફીકો થાય,
હુકમ સખ્ત પણ શું કરે અઘટીત નવ બોલાય

સીતાઃ- બ્રહ્મચારી જુગલ રૂપ વેશ ભરે,
જટા ભસ્મ રૂદ્રાક્ષની બાલ ધરે. આવ્યા.

ત્રીજટાઃ- ક્રૂરભાવશું કામ ઓ દેવી અરે,
ઊના શ્વાસ નિશ્વાસ શું કામ કરે. રોઇ.

સાખી.

કવીઃ- કરજોડી અનુમી પદે હુતી વારંવાર,
નામી શીસ જોડી કરે વૈદેહી સુનકાર.

સીતાઃ- મુની ગણો તંપસ્વી સ્તુતી કરે,
પુજ્યા તોથ જે પુજ્યનો ભાવ ધરે. આ૦વ્યા.

ત્રીજટાઃ- મેન દ્રય એકી કરી ત્રીજી દિશે,
ભ્રુવ કમાન સાંધી લક્ષ્ય વિશે. રોઇ.

સાખી.

કવીઃ- સ્તુતી વચનો જે ભણે, તે ભણી લક્ષ ન જાય,
રામ રસે લીન જે થઇ તેથી શું સંભળાય.

સીતાઃ- શીવજી સમાન રજ શીશ ધરે,
પતિતને પણ જે પાવન કરે. આવ્યા.

ત્રીજટાઃ- આતો અશોક છે શીદ શોક કરે,
ભર આનંદ મુક ઉચ્ચાર આરે. રોઇ.

સાખી.

કવિઃ- ખોળા પાથરી પાથરી પાય પડે છે તોય
સતિ ભ્રાંતિ એ ઉરે પતીને લાવી હોય.

સીતાઃ- કરી પાવડી દૂર તે જાણી ઉરે,
એતો પ્રેમીને એક પ્રેમ ઉર ધરે. આવ્યા.

ત્રીજટઃ- જો આ શિતળ ચંદનિ શ્વેત ખરે,
સહુ જગત સુખી દુખી એક તું રે. રોઈ.

કવિઃ- સાબુને મળ કયમ કરી મેલો કરી જળ માંય
સમીપ જલાંમાં મેલને શ્વેત શુભ્ર ગુણ થાય.

સીતાઃ- પદ પાદ કોમલ દલ કંટકરે,
લોહી ખુંચે કંકર પણ વન ખરે. આવ્યા.

ત્રીજટાઃ- હવેલી આ કાળી ચંદનીએ,
ચાંચણી છે પચાંરી આમનીએ. રોઈ.

સાખી.

કવી:— ખાળકુંડીઓ ગગનનો પ્રભાવ શું હરશેજ,
પાસ જતામાં ગંગ થઇ દેવ શીરે ચડીરેજ.

સીતા:— જેથી રેહ ઝાંઝી રજ તેમ કરે.
પ્રલયાંત થતાં સુધી સૌ ઉર ધરે. આવ્યા.

ત્રીજટા:— મંદશીતલ વાયુથી વેલ હીંચે.
રતી સમય વેણી ખરે પુલ નીચે. રોઇ.

કવી:— ગંદકી ઉંચે ફેલીને રવીને શું કરશેજ,
સ્વચ્છ સ્હેજ જાતાં બની પ્રાણ પ્રાણીનેદેજ.

સીતા—રામરામ જપીને જીવું ખરે, અબળા એકલી ધીર શું ધરે, (ટેક.
વાકબાણુથી મેં લક્ષ્મણુ કેરૂં ચીર્યું કુમળું ઉરે.
ભૂતે ભમાવી શું મર્યાદ મૂકાવી, પાડી વિખુટા ખરે.—રામ૦
ઉડગણો સમા નૃપ સર્વ અરે,
પુર્ણ પ્રતાપી એ ઇંદુ એકે ખરે. આવ્યા.

ત્રીજટા:— ઊંચી વાડી અશોક નીશોક રહે,
પરવતની ટેકરી ઉપર ખરે. રોઇ.

સાખી:—

કવી:— કપટીના મન કપટમાં કર્મ વાણી ઉચાર,
નિર્મળ નિરખે મનવિના શુધાંતર સતસાર.

સીતા:— એકઠારી સકલ જગ પ્રીતભરે,
અન્ય અનુજ પ્રતાપિ તપસ્વિ ખરે. આવ્યા.

ત્રીજટા:— ઘુઘુઘુ નદીનાથ શબ્દ કહે,
એ પર્વતમાં મત્ય મારી પુરે. રોઇ.

ત્રીજટા:— સ્નાન મધ્યે પ્રાય જયમ શીશધરે,
થાકી રતી શ્રમે સુએ પ્રીયાપરે. રોઇ.

સીતા:— જયેષ્ટ પ્રેમ થકી આનંદ ભરે,
જયમ હ્રદય વિકાસી કુમુદતરે. આવ્યા.

સીતાઃ- એક અગ્નિ સ્વરૂપ હોય છે રે,
અરી નૃપો મુગટ જેને પાય ધરે. આવ્યા.

ત્રીજટાઃ- ગઢલંકા વિટલઈ ખાઈ ખરે,
મ્હોટી નાવ નાચે જો હર્ષ ભરે. રોઈ.

સીતાઃ- મૃગકંચનનો કર શેચ પૂરે,
આભ અવનિ તૂટે પણ એજ કરે. આવ્યા.

ત્રીજટાઃ- દીપમાળ અંડાકાર વ્યુહ કરે,
બાળારાણીએ હેમની ઘુઘરી ધરે. રોઈ.

સીતાઃ- એક પત્નિ વચન પ્રિય માત્ર કરે,
થું કપડે પ્રિયાનું ત્યાં લોહી ઝરે. આવ્યા.

ત્રીજટાઃ- ઊંચા પર્વત ઝાડને ચિમની ધુરે,
ઊંચી હવેલીઓ નીચી જેહ કરે. રોઈ.

સીતાઃ- અન્ય અનુજભોળો સેવા સત્ય કરે,
મારાં વાક્ય શરો સ્હેજમાં વિસારે. આવ્યા.

ત્રીજટાઃ- ચાલિ રેલની ગાડી જો દંતિ હોયે,
પુલ ઉતરી ઝાડી ગુહામાંહિ ઘુસે. રોઈ.

સીતાઃ- એક પ્રેમ હીન સુકોમળ મૂર્તિ ચરે,
અન્ય શૌર્ય પ્રતાપિ રણે છે સ્થિરે. આવ્યા.

ત્રીજટાઃ- નરનારી કીનારે જોડી ફરે,
વાજે બેલની ઘંટડી એ તટપરે. રોઈ.

## સાખી

કવીઃ- હાથે કબુતર ખેલતાં, ઉડી ઉડી ચકરી ખાય,
કામ ન મુકે તેહને, કહો કંકર જે ખાય.

સીતાઃ- ક્યાં છે આંબાવાડી આતે કેમ કવી,
મ્હારી પ્રીતિ ખેંચી લાવી હોશે મળી. આવ્યા.

ત્રીજટાઃ- અહા મેઘની મળી શી અન્ધ ધસે,
રથ ગાડીને કીડી સમાન ખસે. રોઈ.

સીતાઃ- પાદ પદ્મ-પખાળું હર્ષ શ્રિ પુરે,
પ્રેમ પુષ્પ કમલ ચઢાવું ઉરે. આવ્યા.

ત્રીજટાઃ- ઊંચે વિમાન તારા વ્યૂહ દીસે,
નિચે શહેર પયોધિ તૂં મધ્ય વશે. રોઈ.

(સાખી.)

કવીઃ- કોમલ કરદલ કમલીની, જયમ જયમ ભીડતી જાય,
દબાય ત્યમ ત્યમ સુખગણે, ધન્ય મર્ણા છો થાય.

ત્રીજટાઃ- ધન ધન્ય એ સાધવી? શિયળવતી,
તને મળજો તારા પ્રાણ પતી. રોઈ.

( સાખી. )

કવીઃ- કમળવાસી ભમરો પ્રીતે ભર્યો ભીડાઇ જાય,
પ્રેમાશ્રયથી અહી પણ શીવને શીર ચઢી જાય.

સીતાઃ- મુને દેખાડ થઈ બહુવાર હરે,
ખુટી ધીરજ દોડી દોડી ઉલટ ભરે. આવ્યા.

કવીઃ- પારસમણીના સંગથી, લોહ હેમ જયમ થાય,
સીતારામ સ્મરતાં કવી, સીતારામ રૂપ થાય.

કવીઃ- આવો રામ પસારી બાથ બેઉ કરે,
દિન વિત્યા થયા કૃશ દુઃખ ઉરે.

કવીઃ- કવી તરકે તરતો હતો પીગળી પીગળી રસ થાય,
શોક સમાધિ શુદ્ધી દે તદ્રુપતા ફેલાય.

સીતાઃ- છે અખીલ વિશ્વ આ રામ ખરે,
તેથી રામ કહી કર હદયે ધરે, આવ્યા.

ત્રીજટાઃ- તુજ સદ્‌ગુણ તુજ રક્ષાય કરે,
સત્યશીલ ચોપાસ જયમ સહુ ફરે. રોઈ.

( સાખી. )

કવીઃ- તર્ક ખૂટયા સહુ કવિતણા, દુતિ શબ્દ સૂકાય,
પ્રેમપયોધી ઉભરા, તાપે ઢળી બળી જાય.

કવીઃ- ન દે ઉત્તર ત્યારે વૃક્ષ ભાન ભરે,
ઢળે ધર્ણી ફુટી ભાળ એક કરે.

ત્રીજટાઃ- તને પામ્યા હશે મહા પુણ્ય કરે,
ગુણ તપ તમારાં દો ત્રિજય ખરે.

સીતાઃ- તેને વાર શી આ મુજ પાપ વડે,
મધ્ય પર્વતસમ કરી આડ નડે. આંખ્યા.

ત્રીજટાઃ- શુદ્ધ બહેરી કે શું અવિશ્વાસિ તુંરે,
પ્રભુ નેન સંધ્યાથી પ્રણામ કરે. રોઇ.

સીતાઃ- એક સગુણ સ્વરૂપ પ્રિતીપાત્ર પરે,
અન્ય ઉજ્વળ નીર્મળ બ્રહ્મ ઠરે. આંખ્યા.

ત્રીજટાઃ- હવી જાએ છે એક જીભ સબળ ખરે,
રીઝે મીઠી ન વાણે ખભળે ન કુરે. રોઇ.

સીતાઃ- એક પ્રિયા પ્રિયા શબ્દ છે ઉચરે,
અન્ય દમી દમી કૃશ કાય કરે. આંખ્યા.

ત્રીજટાઃ- ભીંત ધોળી, ઢોળી જોની ચાંદનીએ,
પાથરી છે પિછોડી અવનિએ. રોઇ.

સાખી.

કવીઃ- વ્યાઘ્રસીંહ છુટા મુકયા ડરાવવાને કાજ,
પ્રેમ પ્રભાવે લાડતાં સસલાં હરિણ સમાજ.

સીતાઃ- એક રાજ યોગી તે શ્રીરામ ખરે,
અન્ય લક્ષ્મણ તે હઠ યોગી ઠરે. આંખ્યા.

ત્રીજટાઃ- બીહે વાઘ વરૂથી ન સિંહ ભયે,
હવે મનાવું તુને ઉપાય કયે. રોઇ.

ત્રીજટાઃ- સતિ સતિ તું તો હું છું દુષ્ટ ખરે,
મન નીર્મળ દર્શન ત્હારૂં કરે. રોઇ.

દુષ્ટ અજ્ઞના ઓર કાઠ હું છું ભરે,
વિષમય નિચ બુદ્ધી હું પાપ ભરે. રોઇ.

કુળ સહિત મરો દશાનન ખરે,
સોંપ્યું કામ તેં દુષ્ટ શું આવું અરે. રોઇ.

સીતાઃ- અન્ય ઉદારકુળ લક્ષણ ભરે,
પડે ઘણું તે પર લાત કેમ ભરે. આવ્યા.

ત્રીજટાઃ- આમ અર્ધ પતંગ કુપ્યોજ જળે,
પુરવે છે કળા કર સોળકળે, રોઇ.

સીતાઃ- મૃદુતાનું તે અન્ય શું જ્ઞાન ધરે,
અંકે લેઇ તપાસું તે જાણું ખરે. આવ્યા.

ત્રીજટાઃ- હાર પક્ષિનિ આ વિશ્રાંતિ ધરે,
જ્યાં ત્યાં યુગલ જોડાયાં ડાળ પરે. રોઇ.

સીતાઃ- ખોળે થકી ઉચલી મુક્ક લેઇ ઉરે,
પામિ શાંતિ કંપિત કુચ જેથી ઠરે. આવ્યા.

ત્રીજટાઃ- આમ આવીઆ તગતગ ઝાડ પરે,
કોઠી હોય પુટી પુલ કેલ ખરે. રોઇ.

સીતાઃ- સીંહ કટી આ મન બાહુ એક ખરે,
બીજો વિશાલ ઉરૂ ભુજદંડ ઉરે. આવ્યા.

ત્રીજટાઃ- શકે નભ મંડળ અવની ઉતરે,
કે રીઝવવો રાવણ અહોસ્થિરે. રોઇ.

સીતાઃ- કાંઇ કાવ્યું છે બોલ બોલ એક અરે,
કાંઇ ઓધાણી દીધી છે અશ્રુપુરે, આવ્યા.

ત્રીજટાઃ- ઘુમે ગતી સ્વાભાવીક ચળ ફરે,
બ્હીક લંકપતિ સ્થિર તાજધરે. રોઇ.

સીતાઃ— સેતુ શરનો માર્ગ જવાંને કરે,
નભ અવનિ સિંધુ ઓળંગી ધરે. આવ્યા.
વાગે ઘંટ દેરે આરતિ ઉતરે,
શીવ સેવક તે તો પ્રણામ કરે.

કવીઃ— ખુટે નહીં કેમેકરી કલમ ચાલી કવી ધાય,
સીતા સીતાના સદ્રૂપે ભળી મળી ચૂપ થઇ જાય.

કવીઃ— ઇંદિરા અતિ આનંદ સ્વરૂપ ભરે,
સીતારામ અભેદરૂપ રૂપધરે.

સીતાઃ— કેમ ગઇ વધાવાણુ કહે શીતરે,
એતો જો મન પર આ ના ઉચરે.

મીઠીવાણી રસે ભરી રામનીરે,
સુણી ધન્ય તપસ્વિનિ કોઇ તુંરે.

કોઇ મુનીની કુમારી તું સત્ય દુરે,
કરી વાતતે સુણીઆવી અહીં ખરે.

સુણી વાતતે આવી દયાથી ખરે,
બાકી રામ તું શૂં કહી ના ઉચરે.

એક પત્ની વ્રતે પૂજાય ખરે,
એક વચનને શર એક ટેક ધરે.

વૃદ્ધામાત યુવા બ્હેન જહેવિગણે,
બાળા જગતમાં સર્વ તે તનુજા ગણે.

જ્યાંહાં રામ ત્યાં સૃષ્ટિ છે પ્રેમ ઝરે,
ખુલીખીલી રમણી થઇ હર્ષ ભરે.

એતો પ્રેમ પ્રભાવ છે તેજ ખરે,
ક્રૂર સર્પ ને સિંહ તે લાડ કરે.

તજી ભક્ષ્ય મયુર ભુખ્યો પણ નાચ કરે,
એલચીઓ પ્રેમામૃતનું પાન કરે.

જયાંહાં રામને ચંદ્રની ચાંદનીરે,
વૈર નૈસર્ગીકી ત્યાં ત્યાગ કરે.
ભય ત્રાસ જઇ એક પ્રેમ તરે,
રવીકુલ દીપ ત્યાં શું તિમીર ઠરે.
એતો અખુટ અમૃત રસ પાન ખરે,
ગુરૂ વશીષ્ઠના શિષ્ય શું ન કરે.
એતો આકર્ષણ પરમાણું ભરે,
જોડી બે ચીકટાવીને સૃષ્ટિ કરે.
થઇ એક તે મુર્તીનું રૂપ ધરે,
મુજ હૃદય પાત્ર કરી જેહ ઠરે.
છે આત્મને રૂપમાં રામ ખરે,
જયમ સાકર સાગર પ્રેમ નિરે.
જયમ રવિથી પ્રકાશ શશી છે ધરે,
વૈદેહી આ દેહને ગુણ ભરે.
જોકે અખિલ વિશ્વમાં વ્યાપ્ત ખરે,
પણ છુપે ત્યાં સ્થીતી જડ આમ ધરે.
મનવાણી અર્પણ જીવ તોય અરે,
સુનકાર સાક્ષાત્કાર નાહીં ઠરે.
ઓમકાર પ્રજ્ઞારૂપ પ્રેમ ખરે,
નીર વીકારથી સાક્ષાત કરે.

---

## અશોક વનમાં વૈદેહી ટવળે છે તેનો દેખાવ.

સીતાઃ-છો દીવ્ય ધનુર્ધર રામ, મમ હૃદય તણા વિશ્રામ;
પ્રીત પુષ્પ પુંજ સુખધામ, સૌભાગ્ય સદન આધાર. છો. ૧.
શાકો કેમ વિરહ સહી વીર, મન શીદ રહ્યું તમ સ્થીર;
મુજ મન હવે નહી ધીર, કરી કૃપા જુઓ આ વાર. છો. ૨.

મન મચ્છ તાપે ટવળે, થઈ કેદ કંઈ ના કળે;
જો પુણ્ય સફળ મુજ ફળે, જોઊં એકવાર શ્રીકાર. છો. ૩.

આ અંત સમે રઘુવીર, નથી હાય જાય છે જીવ;
કરો સહાય હવે શીવ શીવ, કરૂં રામ પોકાર. છો. ૪.

દો રામ ચરણુની સેવા, હું ટુંજન્મ જન્મ એ મેવા;
નથી અન્ય સહન મન રહેવા, રઘુવીર ચરણુ રજ શીર. છો ૫.

ઇંદિરા ટિટોડી ટવળે, ઢળી કેળ વહનીમાં ઞળે;
હા, દૈવ, રામ કયાં મળે ? વ્હારે ધાઓ ધાઓ સુકુમાર. છો. ૬

રામઃ-(એકદમ આવેશમાં આવી, બાણુ ચઢાવી) ગભરાઈશ ના, ગભરાઈશ ના, આ ધાયો તારી વારે પ્રાણુાધાર

## હનુમાન રામને સીતાની શોધ લાવ્યો તે કહે છે.

જરી એક ઘડી મોડા ઊગજે ચાંદલીયા—એ રાહ.

સતત સતત રામ નામ જપે છે;
ઘડી ઘડી મૂર્છીત વિરહે પડે છે. સતત. ૧.

અન્ન અશન તજ્યું જલપાન તે પણુ;
લાગી સમાધિને ધ્યાન ધર્યું છે. સતત. ૨.

બ્રહ્માંડમાં ધુમ્રગોટ ઊડે છે;
ગગનના ગ્રહ માર્ગ ગોલ મુકે છે. સતત. ૩.

વન વૃક્ષ વેલીને હરીણી રૂવે છે;
ઇંદીરા દુઃખ જોઈ ધરણી ધ્રુજે છે. સતત. ૪.

હા ! વૈદેહી અનીવાર્ય પ્રીતિ દુઃખ (એમ શ્રીરામ કહી ધરણી ઢળે છે) ભાઇ સાવધાન થાવ. ગુલાબજળ પંખા નાંખે સર્વ મળી સાવધ કરે છે.

# લંકાની શોભા.

## ઠુમરી.

અનૂપમ વરણું શું, લંકાની શોભારે    ટેક.

ઉદધ્ધી ઉછળે જળ, ગંભીર ગગનમાં,
ખડકને ટેકરી શૂં, તરંગ અફાળે. અનુ. ૧

ઊંચા ઊંચા અવાસોને, કોટ કીલ્લા ઊંચા,
ગગડે છે નોબતોને, ઉડે ધ્વજ ભારી. અનુ. ૨

જ્યાંહાં ત્યાંહાં શીખરોને સૂવર્ણ છે ઓપે,
ચલકતાં મણીમય, ઈંદ્રપુરી લાજી. અનુ. ૩

દુરથકી ધસમસે, વીર વાનરોતે,
સેતુપર સૈન્ય ચાલે, કરી કીકીયારી. અનુ. ૪

છર છર ચર ચા ચાલે, કાપીને તરંગો,
સ્ટીમ લોંચ ઝડપમાં, વરાળની પ્રેરી. અનુ. ૫

જોલી બોટો સ્લુપચને, ગનબોટ મનવારો,
ડક્કા ગોદીયંત્ર કામ, તોપને ચઢાવી. અનુ. ૬

નિશાન દીવાને દૂર, બીન જોએ તાકી,
સુરંગ ડેટ્નોટ, પડાઊંને તાકું. અનુ. ૭

ઠામ ઠામ નીશાનીઓ. તારની છે જાળી;
ગુંચવીને ફોડે વ્હાણ, ઉરાડીને બાળી. અનુ. ૮

વિદ્યુત યંત્રના તાર, પુલ બાંધ કામો,
વીશ્વકર્મા તણી કૃતી, અહીં સર્વ સારી. અનુ. ૯

અગાસીમાં ઈંદિરાએ, જુવે દુરબીન લેઇ,
ટોરપીડો બોટ ઝીણી, જળમાં સંતાઇ. અનુ. ૧૦

## રામચંદ્રજીના લશ્કરની કુચ.

માતા ટળવળે પુત્ર વિનાની એ રાહ.

આત્મ દેશ કુલ ધર્મ પ્રજાને, ગો બ્રાહ્મણ સાધુ રક્ષણને,
મ્લેચ્છ યવન દૈત્યો હણવાને, થશો ચકિત જગે. ૧

સજી સર્વ શરીર ભુજબંદીને, મહાકાળિ [illegible],
સરસ્વતી હય અમિપૂજીને, રઘુનાથ જાગે. ૨

માંધાતાદિ [illegible]; શ્રી [illegible] દેત્યો [illegible],
વેદેહિ સતી મેળવવાને, શ્રીરામ કૂચ કરે. ૩

[illegible] વિજય [illegible] ઉતારે [illegible],
ધ્વજ ફરકાવે પામી રાજ્યપદ, અસુરનો [illegible]. ૪

---

## હનુમાનજીની ચિંતા.

[illegible] વાનરતણું સૈન્ય [illegible],
સમાઈ શકતું ના કદી વ્યવસ્થિત કેમ [illegible].

ટરરરર કૂપ, ટરરરર કૂપ, કુપ, કુપ, કુપ,
આ. ઝાડોની પેલી ડાળ, કુદીએ પણ ના [illegible].

ખજુરી તાડ નાળીએરી તમામ, પુગી ફળની [illegible],
વડ પીપળા લીમડા આમલી, [illegible].

અનાજનું ના કાંઈ પડતું કામ વિધાતાએ કીધા નીર્માણ,
ખાતા ખૂટે નહિ જરીએ શું કરીએ શકો સંઘરી.

પથ્થર દંડને લાઠી તમામ, બાહુ બળનું છે એક કામ,
એક શાખાએ સહસ વાનર, ચઢી છાપરે બાંધો હરહર.

ઊંઘતા ઉપર બેસી ચઢી, નાક કરડીને મુકે [illegible],
[illegible] મુછને ખીચખા [illegible], પીંછા તોડી પજવો [illegible].

ગભડાવો બાળક છપરથી નગ્ન નારી મારો મુષ્ટીથી,
ગડદા મુક્કા કરડવું આમ ચ્હોંટી લઇને ઉખાડો ચામ,
રોળો સક્ષસ આમ તમામ, કોઇ ન લેઇ શકે કદી નામ.
અચુક રામનું બાણુની સાન, અરીદળ સંહાર કરી દે છે તમામ,
શસ્રતણું બળ ચાલે નહિ, રામબાણ જ્યાં છુટયું તંહિ.
લાવો તોડી ડાળ તમામ, મારો અરીને હાંરે હામ,
મદ્યમાંસ પીને એ પડયા, દુષ્ટ રાક્ષસો કેફે નર્યા.
દેહનું જેને છે નહિ ભાન, શું લડશે વાનરસહ સંગ્રામ,
હરાહરા બોલો શ્રી રામ, ઇંદિરા કુહાકડાનું છે કામ.

---

સીધાં સ્થિર કોઇએ નવ રેવું, પાછળથી ચઢી નાક કરડી લેવું,
ઝાડીમાં સંતાઇ રેવું, ઘડીકમાં ધસી આગળ જાવું.
રાવણને દોડાવિ હાંફલો, કરી ફાંફલો ભરાઇ જાવું,
આંખ આપણી ઢાંકી દેજો, ઉરાડીને મરચાંની ભૂકી.
છુપી રહી રથ ચક્ર ખીલીને, કાઢી જોવું ચુપકીથી મઝાને,
ઘોડાને બકરાં ભરી મીઠું, ગભડાવો દો જઇને અઠીઠું.
શીલાનો વરસાદ કરો ને, ડાળ થકી ઝપેટી દીયોને,
પકડી દાડી પીંખી નાંખો, વસ્ત્ર ફાડી કરડી ચીરી નાખો.
એકલડો પાડીને હઠીલો, ઓચીંતા આયુધ છીનવી લ્યો,
આપણુ વાનર દૈત્ય દુષ્ટને, મારી ભાંગો ખાત કષ્ટને.
રામ નામની જે જે બોલો, મારો મારને મોટી પોલો.

---

દેશમાં કળબળ હળધંધો એ રાહ.

બોલો શ્રી રામ નામની જે ટેક.

દુષ્ટ દુઃખદરાવણ રાક્ષસની કરો હાનિ ને ખે,
મદ્યપીનેજ માંસાહારી. આ લંપટ છે જે. બોલો. ૧

દૈત્ય અરી દેવોને પીડે, એક પત્નીવ્રત સ્નેહ,
ધર્મ તણો કરી ધ્વંસ વેદને, ડુબાવિ બાળીદે. બોલો. ૨

ફળખાઈ વ્રત કરી તપસ્યા તેને તુચ્છગણિ રેહ,
રંકહરિણ ગો સંતપીડે, સાધુના દમિ દેહ. બોલો. ૩

સતકર્મે મનતન ધનજનનો ભોગ આપિ બળી દે,
લોહી પીવાને ધરતી તરસી, કાળીમુખ પ્રસારી રે. બોલો. ૪

જીવ્યાતો અહીમહી ભોગવીશું ને મુવા તોય સ્વર્ગેહ,
યશ મુગટ કીરતી વરી રેશું, ભગવદ્ ગીતા કેહ. બોલો. ૫

સીતા લાવવી સ્હેલ નથી જે, લંકાગઢમાં રેહ,
સહૃણુખ્ખી પરકાજ આદરો, રામજયે ફતેહ. બોલો. ૬

---

## રાવણનું જાહેરનામું.

### હરીગીતની ચાલ.

બાળી ગયો દાડી અને મૂછ, પૂછ સળગ્યું ને કૂદ્યો,
મુવો નહી ને ઘાણ વાળ્યો, ઘેર ઘેર અગ્નિ દીધો;
એક વાનરે શો કહેર કીધો, પ્રતિહાર માર્યા પાંચસો,
એ જંગલીમાં જોર કયાંથી, (જાઓ) વીર રાક્ષસ બારસો. ૧

એક વાનરાનું ડોકું આણે, તેહને દઉં દોડસો,
અધિકારીનું આણીદીએ, તેહને દેઉં પાંચસો;
એ મુખ્ય વાનરને હણી કો, પૂછ પકડી લાવશે,
વીશ લાખ મ્હોરો માનથી તે, સદ્ય મુજથી પામશે. ૨

લૂંટી કરી સઉ ખાદ્ય એનાં, શસ્ત્ર છીનવી લાવશે,
તે લાખ મ્હોરોથી વધુ, મુજ પાસથી ઝટ પામશે;
એ રામ લક્ષ્મણ બેઉના શીશ કોઈ આણી આપશે,
ને લંક આ સોનાતણીનું અર્ધ આસન પામશે. ૩

---

## રાવણે સભા મેળવી તેમાં.

વસંતતિલકા.

બ્રાહ્મણ:— બુદ્ધી અધર્મ તણી થાય ન ન્યાય જ્યાંયે,
સદ્જ્ઞાન શાંતિ સુખ ઉદય નાહીં ત્યાંયે;
જ્યાં મદ્યમાંસ તમ વિષય વાસનાએ,
કોપે મહાશીવ દીસે અતિ ભારી પાપે. ૧

ક્ષત્રીઓ:— આપી બલિદાન સ્વરાજ્ય લંકા,
છોડો ન ટેક વજ્રપાણિ દિલોની ડંકા;
મૂકો ન વેર આરિ ક્રોધ વિનાજ શંકા,
શું વાનરોથકી ભયે સુભટોજ (રાંકા) રંકા. ૨

વૈશ્ય:— વેવાર એજ સત છે જગમાંય જાણો,
જો હોય રામ નબળો હણિ મારી આણો;
તોલે ન હીંગ, ન નફા વિણ મૂલ્ય શાણો,
સ્વેચ્છાથી આપિ સમજાવિ ન ખાણું આણો. ૩

શુદ્ર:— આપી મજુરી પડશેજ જ્યારે,
થોડું તમોને મળશેજ ત્યારે;
મંદોદરી રોટલો દે ઘડીને,
શું કામ સીતા વળી લો લડીને. ૪

રાવણ:— મંત્રીતણી મસલતો મનમાં વિચારે,
સંસ્કાર બુદ્ધિ મતિ કર્મ સમાન ધારે;
શું મૂકું સુંદરિ રૂપાળીજ આશા વિચારે,
જો જાય જીવ પણ હું નહીં મોહ મારે. ૫

# યુદ્ધ કાણ્ડ.

## દોહરો.

વંદું સ્મરણ કરી ચરણને રમા રમણ ભગવાન;
કવિતા કરવા દો મતી વરણું હું સંગ્રામ. ૧

વંદું શારદ શેષ અજ ઉમાપતી ગણનાથ;
વિદ્યા શ્રી મંગલ વિજય અંતર માંય અગાધ. ૨

રામ અને રાવણ તણો વિગ્રહ રાવણ રામ;
જાણે કેવો તેજ તે હું બાળક અજ્ઞાન. ૩

ચહવા લહવા વરણું હું જયમ બાળક નાહાન;
ગમે તેમ લવી જાય પણ પિતુ હરખે પુરકામ. ૪

આઠ જિહ્વમાં પુરૂષ રામ પરબ્રહ્મ આત્મન;
અવ્યય તે અખંડ શીવ પ્રકાશ રૂપ પ્રચંડ ૫

જાગૃત થઈ આળસ તજી મરોડતો નીજ અંગ;
નિર્ગુણ તે સગુણ કૃતી પુરૂષ પુરૂષમાં સ્પંદ. ૬

એટમ એટમ નભોલીક્યુલ રસાયનીના જેમ;
આત્મન માયા મુલ બન્યું આકૃતી રૂપ સહુ તેમ. ૭

નામ વિના વિદ્યા નહિં નામ વીના નહીં જ્ઞાન;
નામ વિના મુગા સમો ના ભારતી ભગવાન. ૮

નામ રૂપ વ્યવહારમાં પુરે મુક્ત કરી કામ;
નામ રૂપ પ્રગટે સદા રટન રામ શ્રી રામ. ૯

કામ થકી થાકી મનુજ રાતે ઉંઘી જાય;
પ્રાતઃસમે જાગ્રત બને ત્યાસ સ્થિતિ લય ભવ થાય. ૧૦

પ્રકૃતિ જો પુરૂષ તણી સ્વભાવિક છે જાણ;
જાગે ઉંઘે સ્વપ્નમાં શેષ હોશ ના ભાન. ૧૧

ઉદધી જળમાં જળ સહુ તરંગ જુદા જુદા ને વળી ફેન;
કુદે સમે ઉદ્દભવી લડે આથડી તીરે તેમ. ૧૨

ડુબાડી દે છે ઝાઝ ને, કે તરણી તીર જાય;
નથી હાની કે લાભ કૈં જળનિધિ જળ જળમાંય. ૧૩

જાગૃતમાં ઝાઝું દીસે પ્રચંડ મનનું ખંડ;
સ્થુલ પદાર્થો સાથ તે વિભાગ વિસે ખંડ ૧૪

અખંડ ખંડે ખંડ થૈ અણું અણું રૂપમાંય;
અદ્વૈતે પ્રતિતિ થતી દ્વૈત તમે ભય જ્યાંય. ૧૫

જીવ શીવ પીતર મનુજ સુર અસુર ને જડ જીવ;
દેશ કાળ આત્મા નવે દ્રવ્ય સર્વરૂપ શીવ. ૧૬

સર્વ બ્રહ્મ શ્રુતિ છે કહે તે ખંડન કયમ થાય,
અલ્પમતી માનું છું શ્રદ્ધાથી મનમાંય. ૧૭

નથી ખ્રિસ્તી કે મુસલમીન હું નથી જૈન કે બુદ્ધ;
કુરાન બૈબલ ગોરજી પુજું અનાર્ય અશુધ્ધ. ૧૮

ગૌરીસમ પશુ ગરીબનાં ગળાંકાપું કદી નાંહીં;
જે ઉપયોગી પશુ વધી મદ્ય ન પિવું જગમાંહી. ૧૯

આર્ય આચરણોમાંય હું આર્ય દ્વિજ શ્રુતિ વાક્ય;
પ્રેમ ભકિત વિશ્વાસને અનુભવથી લહું આદ્ય. ૨૦

ભ્રાતૃ ભાવ ભૂ મંડળે સર્વ ધર્મ સુખકાર;
જેનો જે તે દેશમાં ભાતે ધરે તે સાર. ૨૧

એક પ્રભુ આ સૃષ્ટીનો એક ધર્મ એ સાર;
વીવીધ માર્ગોથી સહુ ભળે, એક પ્રભુને દ્વાર. ૨૨

ઉચનીચ નીજ કર્મથી, વાળી થૈ સંસાર;
અંધ સ્વાર્થને વશ થૈઈ, કરવો નહીં સંહાર. ૨૩

પરહીત પ્રાણી માત્રનું, કરવું કરી વિચાર;
પેટ કબરમાં દાટવા નહીં અવર પશુસાર. ૨૪

અન્ન ઉગે છે અતીશયે પ્રભુની લીલા લ્હેર;
પેટ સારૂ પશુના લઈ પ્રાણ કરવો ન કહેર. ૨૫

જરૂરની સહુ વસ્તુ તો સોંઘી સ્હેલી સદ્ટ;
માંસ મદ્ય વ્યભીચાર છે મોઘાં મેલાં ફદ્ટ. ૨૬

અખીલ ભૂ મંડળ વિશે ધર્મ કર્મ વ્યવહાર;
સ્વતંત્રતા સામ્રાજ્યને ગણવો ઠીક અવતાર. ૨૭

પોરાણીક પધ્ધતિ દીસે એમાં હાની ત્યાંહીં;
અલંકાર નીજ અનુસરે જુદા જુદા ધર્મ જનમાંહી. ૨૮

સ્રીનો ધર્મ રજ દર્શને ગર્ભ ધરે તે નાહીં;
હિસે પુરૂષમાં કદી નએ લેવું નીજ ઉરમાંહી. ૨૯*

આર્યાવર્તનો આર્ય ને અભિમાન તો હોય;
ચીન જાપાની આદિને અહીંનું તે નહીં હોય. ૩૦

---

શીવ સત્ય જ્ઞાન અનંતરે આ જગતરૂપ ઓંકાર.—એ ઢાળ.

પીયો રામ નામ અમૃતને, જય રક્ષણને દેનાર;
ડરશો ના ઓ વાનરો સતી, સીતા શકતી ભરનાર. પીયો. ૧

આજ ચઢાવવો છે વાવટો, ગઢ લંકા પર આવાર,
કરી કીકીઆરી ઝટ ધાવોને, ધસિ છીનવી લો હથિઆર. પીયો. ૨

વરસે છે મહા યંત્રથી, ધન ધુંઢ અગ્નિ અનિવાર;
ને તરતા કીલ્લા વહાણ છે તે, મારે ગોળામાર. પીયો. ૩

જન જન્મ્યો છે રે એકલોને, એકલડો મરનાર;
આવે ધર્મ કર્મને વાસના, જીવસાથ ફરી ઉગનાર. પીયો. ૪

---

* આજે આખા દેશમાં સ્રી અને પુરૂષોના સમાન હકની લડત ચાલી રહી છે. પણ જ્યાં કુદરતેજ ઉભયતા શારીરની સમાન રચના કરી નથી ત્યાં તેમના ગુણ, કર્મ, ધર્મ, સ્વભાવ એ સર્વમાં ભીન્નતા રાખેલી છે ત્યાં એનું પ્રયોજનજ કેટલું રહે છે તે સુજ્ઞે વિચારવાનું છે. જ્યારે પુરૂષ ગર્ભ ધારણ કરશે, પુરૂષને રજોદર્શન થશે કે સ્તન પ્રકટી દૂધ નીકળશે તે દિવસે સુધારકોના સમાન હકના વિચારો ફતેહમંદ નીવડશે.

સત ધર્મ ન્યાયને કામ જે વીર, થયા આવુ તૈયાર;
તેહેની અનૂપમ સ્વર્ગ કે ઉજાસ, મહિ ગુણ ધરનાર. પીપી. ૫

ધન રાજ્ય લેવાને કાજ, જેઓ ઉપાડ્યો હથિયાર;
ઓર હુંકારા નામ છે તે, નરકે પીઠ અવતાર. પીપી. ૬

નંદ ઇંદ્રિય સમરાંગણમાં, કે વનયોગ વિચાર;
કે સ્વતંત્રતા પ્રીય ગૌહમાં જીવ, અર્પણ કરી જનાર. પીપી. ૭

સાખીની.

નમન થકી ટળે શું દુષ્ટ દૈત્યોત કાળ,
મુબારક મળીશું બાંધે ઘંટડી જે બીલાડ.
શુક સમ મીઠી ગીરાથી શું ડરશે જ બાજ,
ક્રમ કરી ખતલાવીશું વાનર વીર વિશાળ. ૧

---

## લંકા ગઢ પર છાપો.

પગ ઉપાડો ઝટ ઝટ માર્ગ કાપવા,
ધર્મ રાજ્યને સ્વતંત્ર, દેશ સ્થાપવા. પગ. ૧

રાક્ષસો ઊંઘે મદ્ય, પી, પી ને પડ્યા,
કર્મ કુટીલ ફળ ઊગીને, આજથી નડ્યાં.. પગ. ૨

તેહેની લાકડી તે તેની, પીઠ પર પડે,
શસ્ત્ર અસ્ત્ર છીનવી લો, બધાં બાહુના બળે. પગ. ૩

કાકડા પ્રગટાવી મ્હેલ, બાળી ને મુકો,
આજ લાગ ફાવીયો તે, યોગ ના ચુકો. પગ. ૪

સ્વાર કેળવી હળ અસીનો, અશ્વ પર ચડો,
તોડી ફોડી લુંટી લઇ, યુક્તિથી વઢો. પગ. ૫

ગજ રથો હય બાંધીયા તે, ત્યાંથી છોડીલો,
જોડી રથને સ્વાર થઇ, લક્ષ્મી લુંટી લો. પગ. ૬

વીકટ તારની આ બાજ, ઝટ કાતરી,
કાઠી પર ચઢી ધ્વજમાં, ચીપાસ કરી. પગ. ૭

શ્રી રામની ધ્વજાને, રોપી ગઢ ચઢી શ્રહો,
લો કુઠારને અંગાર, દ્વાર ફોડી દો. પગ. ૮
(આ) લંકનો ગઢ હાથનેમીટે ઉડાવી દો,
અઢાર પદ્મ એક સામટા, ધસી તુટો. પગ. ૯
ડાંગ દગ ડડાળીને ગલોલ ફેંકવી,
કર્દી મર્દી ન્હાસી જવું, કપી કુદો કળી. પગ. ૧૦
ઈંદિરા સતી એકલી, અકળાઈ કેદી થૈ,
શ્રી રામ નામ એક સતી રસન બોલી રે. પગ. ૧૧

---

## લાવણી.

એક આંખમાં શ્રાવણે વરસે અન્ય આંખમાં ભાદરવો એ ઢાળ.

રામ નામની અકલ ગતી છે, ભુખ્યાં શૌર્ય બલ દેનારી;
મદોન્મત દળ રાક્ષસો કેરાં, દળી ન્યાખને દે નારી. રામ. ૧

તે એક બળે ઝુઝનાર વાંદરાં, શસ્ત્ર રહીત પણુ બળધારી;
અસ્ત્ર ધારી બલવાન દૈત્ય શું, કરી જુદ્ધ રહે સંહારી. રામ. ૨

શસ્ત્ર ધારીની સાથે નિશસ્ત્રની. લડત વીપરીત રહી ચાલી;
પાડા બકરાં કુકડાં ખાતા, તેથી સાથે [illegible]. રામ. ૩

એક પાસ છે ગૌ ઠીસકને, બીજી પાસ [illegible];
એક પાસ છે અંગ પાનને, ફોજ દૈત્ય મદ પીનારી. રામ. ૪

એક પાસ સ્ત્રી લંપટ જારો, બીજી પાસ છે બ્રહ્મચારી;
મહાકાય વિકરાળ દૈત્યની, અલ્પ કાર્ય કપી કુદનારી. રામ. ૫

એક પાસ છળ લોભિ લુંટારા, બીજી પાસ ધર્મી [illegible];
એક પાસ અકૃતિને, બીજી પાસ પ્રભુ નમનારી. રામ. ૬

ખુસી પરાયા રાજ મહીં એક, સ્વતંત્રતા દળી લુંટનારાં;
બીજી પાસ છે બંધન ઝુસરી, તોડી છુટને દેનારાં. રામ. ૭

રામ નામ મુખ પુર્ણ ભારતી દ્રઢ, ભાવ ભર્યા છે રહે જપી;
કરી સૈન્યની વ્યવ સ્થીતી દશ, દશ ઉપર છે એક કપી રામ ૮

દશ મુખીપર એક અગ્રીણી, તે પર પાછો એક મુકયો;
અંજની સુતની સહાય સકલને, એક સકળ શું દેહ ઝુકયો. રામ. ૯

કોટી કોટીનો એક અગ્રીણી, સ્નાન કરી ન્હાસી જાએ;
એક પલકમાં ફરી એકઠા, પદ્મ અઢાર થૈ હરખાએ. રામ. ૧૦

મદ્ય માંસ મદીરાને લુટયાં વાનર તેને કહો શું કરે,
લંક સુનાની લૂંટી પરંતૂ અન્ન અને ફળ નાહી મળે. રામ. ૧૧

ફીકર રામને પડી કયાંહાંથી, વાનર ખાશે શું પીશે;
ધ્યાને અન્ન પૂર્ણા ને ગંગા, સ્તવન કર્યું ત્યાં સર્વ દીસે. રામ. ૧૨

જેણે ઉદર નીરમ્યું તેને છે, તેની ફીકર છે દિન ઊગવે;
કીડીને કણ મણ હાથીને, દેતો પેટ પુરી સહુ સુએ. રામ. ૧૩

કાદવમાં પણ કીટને કાજે, ભક્ષણુ મુકયું જગરાયે;
ઉંદર બીલાડી વાઘને બકરી, કાજે અખુટ નીરમ્યાં પ્રભુએ. રામ. ૧૪

કહો કુતરે પુણ્ય કર્યાં શાં, અશ્વરથે ખોળે બેસે;
મડમ સાહેબ લાડે રસીલી, જોય તેહને શું કરશે. રામ. ૧૫

સાધુ સંત ગૌ બ્રાહ્મણ અર્થે, નિયતિ નિયમે ધરવી છે;
ધર્મ સ્થાપના યુગયુગમાં કરી, ઉદભવ સ્થિતિ સંહરવી છે. રામ. ૧૬

હું પણ ઇચ્છે આસુરીમતી એમ. હું એક સૂખીઓ રહું જાતે
સૌને શાસન મ્હારૂં થાયે, સુતો ખાઉં હું નિરાંતે. રામ. ૧૭

સૃષ્ટી સકલનું દ્રવ્ય સામટું, મ્હારે કબજે થૈ જાઓ;
કે.ઇને કોડી દઉં નહી છો, થથરી ભુખે સૌ મરી જાઓ. રામ. ૧૮

તે સમયે ત્યાં ખાતાં બગાસૂં, પવન ગયો નહિ આવ્યો કે;
રામ રામ ઊડી ગયો પંખીડો, ઊડયા આશના કીલ્લા તે. રામ. ૧૯

વગર ડાયનેમીટ શતઘ્ની, વીના સૂરંગો ફુટી ગયુ;
પરાયું ધન લૂંટવાને તાકે, લુંટાયો હા સર્વ ગયૂં. રામ. ૨૦

એક ધર્મ ને કર્મ તણાં શુભ, અશુભ સંસ્કારો સાથે;
વિશ્વ નિયામક યંત્ર ઘાણિમાં, પિલાય છે ફરી સૌ સાથે. રામ. ૨૧

આવ્યાં સાથે પુત્ર દાર ધન, ચાકર કે સીપાઈ ભલો,
ભેગી કરી લુંટી લુંટી સમૃદ્ધી, પડી રહી કોહી ચાલ્યો. રામ. ૨૧

પુલાતો તો તેનિ દેહડી, પુલાવા લાગી ફાટી ગઈ;
નીકળી રસ ગંધાઈ ઊઠીને, પડયા કીટને મીટ થઈ. રામ. ૨૩

એક રામનું નામ સુઝાડે, કર્તવ્યો કરવા માટે;
વાનરને નહીં ભય કશાનું, મરે એક એ સત સાટે. રામ. ૨૪

પી, પીને, પાપીઓ, પાપે મુવા, શું મારવા તેને છે;
મરી ચુકયા નિજ કર્મે જેને, નીતિ તમામ એક થાવું છે. રામ. ૨૫

ઉઠો વાનરો નિર્ભય થઈને, સાત્વીક સૈન્ય તે સજ્જ કરો.
પૂર્ણ ભકિત વિશ્વાસ દૃઢતા, સંકલ્પે ફળ ઉદય કરો. રામ. ૨૬

રામ નામ એ અખુટ અલૌકિક, પ્રીતી રસાયન જ્ઞાન ભરે;
પીઓ પીઓ દૃઢ ભકિત ભાવિકો, અહીં તહીં સુખશાંતિ ઠરે. રામ. ૨૭

કરી કિકયારી ધસ્યા લંકમાં, ઢાળી દૈત્ય પકડી પાડે;
છીનવી લે તેની તલવારો, તેના પર મારી હાવે. રામ. ૨૮

ધસ્યા કાકડા લઈ જયાં ત્યાં, આગ લગાડી ભડકે છે;
ન્હાસા ન્હાસ ભુમરાણુ વ્યવસ્થા, ઘણી રડાપીટ થૈ રૈ છે. રામ. ૨૯

નંદ ઇંદિરા વિજય પતાકા, રામ નામની ઝગકી છે;
જઈ દારૂનાં પીપ ગંગાજળ, લીલા લહેર લખ ખળકી છે. રામ. ૩૦

---

દોહરા.

શીયાળ સમ કૃતીને કરી, ધરે સૂખની આશ;
એહવાને મન છે નહીં, શ્રદ્ધા ને વિશ્વાસ. ૧

વલણ.

શ્રુતિ શાસ્ર ઉપર દૃઢ પ્રેમ ધરો,
બનો અચલ વંટોળથી નાહીં ડરો.

દોહરા.

જેણે નીશ્ચય તેહને, નીભાવવા છે સર્વ,
ક્ષણ ક્ષણ ક્ષણુ કરી રહે, સીધ્યા ભસ્મને ગર્વ. શ્રુતિ. ૨
શસ્ત્ર શ્રાગું ઘસતાં ખસી, બચી મર્મ સ્થળ રેહ.
આર્યુદા ખુટ્યા વીના, છુટે કદીના. દેહ. શ્રુતિ. ૩
અજગર કરે ન ચાકરી, કરે પંખી નહી કામ;
દાને દાને પર લીખ્યો, ખાનારે કે નામ. શ્રુતિ ૪
કર્તવ્યો બળ બાહુથી, પ્રેરો સત બીજ કર્મ;
શીર વ્યવસ્થા ફળતણી, કરશે એ છે મર્મ. શ્રુતિ ૫
ધર્મ ઈશ્પર શ્રદ્ધા અને, પૂર્ણભાવ વિશ્વાસ;
જેને નથી તેને નથી, સ્વપ્ને સુખની આશ. શ્રુતિ ૬
વ્યંઢલ કેરી નારને, ભોગવશે કો જાર;
ભેગું કરશે ધન કદી, ભોગ અવર કરનાર. શ્રુતિ ૭
કપુત અગ્નિ નૃપ ચોરકે, જારીણી થાશે નાર;
કુકર્મિ રોએ રડી મરે, જન્મ જન્મ જમદ્વાર. શ્રુતિ. ૮

---

( ચાહ—ચમ રાજકાજના કામ હમારા લેખામાં શું. )

આ શતકીના શા ભારરે, ધસો વાનર પદ્મ અઢાર;
લેવો લંકાગઢ ઘડીમાંયરે, બોલો રામ રામ જયકાર. ટેક. ૧
સીધા કોઇએ જવું નહીં ને, કુદાકડાનું કામ;
ધ્વજા ચઢાવો કાઠીપર ચઢી, રામ નામ નીશાન રે. આ. ૨
અબળા રાક્ષસો પોલાઢોલા, પોલું રાક્ષસિ કામ,
દારૂ પી લડવા આવ્યા, પ્રથમ, ગુમાવી સાન રે. આ. ૩
એકખીલો મારે કે કાઢે, ચક ન ચાલે નામ;
મહામંત્રજોગ કીલ્લે જઈ, હણશે દૈત્ય તમામ રે. આ. ૪
હસવા સરખાં સૌ હથિયારો. તે પર સૌ આધાર;
વીર વીનાનું સૈન્ય રાક્ષસો, દેખાવો દેનાર રે. આ. ૫

ઝાડ ઊંચાની ટોચે બાળક. વળગાડી જાનાર;
ફળતોડી અહીંથી તહીં કુદકે, આવી ઝટ મારનાર રે. આ. ૬
લગ્ન કોહનાં કરવાં છે કહો, વાજાં શું કામ;
પ્રેમ શૌર્યથી જવલ અંતર, બસ શ્રીરામનું નામ રે. આ. ૭
ખિલાઠોકી ભુષંડિમાહે, વ્હાણુ તણું સૂકાન;
એક વાંદરો બસ એ માટે,(જોઈએ)ન્હાસી જવાની હામરે. આ. ૮
છરા નિરખતાં ભયે ધ્રુજતાં, ઢોર ઢાંખરા અંગ;
માંસ વડે થૈ પુષ્ટ દેહને, ભયે ધ્રુજે થૈ દંગ. આ. ૯
પરનારી સતીસીતા હરતાં, પુણ્ય સુકાયું આમ;
પૂર્ણ ભરાયો ઘટ રૂધીરે છે, કોપ્યા શીવ સહુવામ રે. આ. ૧૦
અઢાર ટુકડી માંય વાંદરા, અઢારસેં કરી કામ;
નંદ ઈંદિરા કીકીયારી કરી, પીખ્યાં દૈત્ય તમામ રે. આ. ૧૧

---

સમાલજો રે ઓ વાનરો આ કપટ તારની જાળ રે.

એક બાણુથી અનેક નીસરે, બાણુ કરી સણુસણાટ,
વરસે જ્યમ ઘંન બુંદ તેમ અહાં, છરા ગોળીનો માર રે. આ. ૧
વિશ્વકર્તૃની ચતુરાઈનાં, મહા રાક્ષસી કામ,
શીવ સમો રક્ષક છે માનો, તે હણુવા સમરથ રામ. આ. ૨
લો સૂડાને મોટી કાંતર, કુવાડાનું કામ,
તોડી નાંખો તાર થાંભલા, રેલગાડી તમામ રે. આ. ૩
ક્રુર દૈત્ય મદિરા પી આવ્યા, પુણ્ય થયું પુરૂં આમ,
પરાઈ સ્રી હરી જાતાં કોપ્યા, સદાશીવને રામ રે. આ. ૪
ખીણુ ખેતરો ઊંચી ટેકરી, રણનું મહા મેદાન,
ગુહાં માંહય ભરી શસ્ર અસ્રને, હયગજ રથ ભીમાન રે. આ. ૫
રામ રાજ્યના જાહેરનામાં, ચ્હોડી દો ઠામ ઠામ,
સદા ચર્ણીઓ સતી સહાય કરી, થશે મીત્ર પૂંજી રામરે. આ. ૬

ઘંટ વગાડી સીસોડીઓને, રણુ શૃંગ નોબત,
ઢોલ અને વાજાંઓ ગડગડે, લંકા થઇ રણુ મસ્ત. આ. ૭
ઊંડા જળમાં વિદ્યુત ડબ્બા, દારૂ કામ ફૂટેજ,
ઉરાડી નાખે ઝાઝ ફોડીને, કાચ કિરણુ બાળે ઝેર. આ. ૮
રસાયનીઓને લુહારો, ઈજનેરો ને શસ્ત્ર,
અસ્ત્ર તોપ બંદૂક ને બાણો, અદ્‌ભુત શકિત ધરેજરે. આ. ૯
કીલ્લાં ફરતાં હોય તેહવાં, લોહ મ્હડેલા વ્હાણુ,
અરમ સાર તરાવ્યાં દૈત્યે, તર્યા રામથી વ્હાણુ રે. આ. ૧૦
એક થકી એક બળીયા દીસે, દેવ રાક્ષસો આમ,
મ્હોઢે રણુ શ્રૃંગ શંખ પુંકી, બોલો રામ જય રામ રે. આ. ૧૧
નંદ ઇંદિરા વિજય પતાકા, ચઢાવિ દો નિશાન,
પોંખી નાંખજો દૈત્ય પુરણુઘટ, પાપ ભરાયો શામરે. આ. ૧૨

---

આ રાજકાજના કામ હમારા લેખા માંહે શું એ ઢાળ. (અશ્રુમતિ).

છે કવચ રામનું નામને સતિ સત્ય સહાય કરનાર,
ત્યાં અજય અને ભય રેહ કયાંથી નીશ્ચે જય જયકાર. ટેક
અધર્મ પર છે ક્રોધને બે, હાથ એજ હથિઆર,
સદ્‌ગુણુ વિરશ્રી રામ તેપર, દ્દઢ ભકિત ઉદાર. છે. ૨
આ ભોંય ઉપર ઊભાજ તેને, કયાં નીચે જવું છેજ,
જે અગાસીમાં સૂતાંજ તેને, નિશ્ચે પડવું એજ. છે. ૩
નથી એક કોડી હમપાસ, કહો શું હરવું હમારૂં છેજ,
આ લંક સુના હીરાતણી ત્યાં, જંગલ થઇ જાશેજ. છે. ૪
સતીતણો વરદ છે હસ્ત શીરપર, એથી શું વીપેશ,
ધસો કીકીયારી કરી ગર્જના, છે રામ રામ જયએજ. છે. ૫
સદ્‌ગુણુ મૂર્તિ રામ શું કર્યું, વૈર સતી હરીનેજ,
હુત દ્રવ્યે આ જળ હોમાયું છેતે, ભભુકી ઊઠશે સ્હેજ. છે. ૬

સદ્‌ગુણ મૂર્તી રામ કોપ્યા, તે કહો શું ન હરેજ,
આ લંકતણો દી ઉઠયો છે, કાળચક્ર ધરેજ. છે. ૭

શીત્ર સમાન રક્ષક તેહને ત્યાં, અનીલ અગ્ની છે દાસ,
તે ગોરૂપ પૃથ્વી અન્ન પુરે, વરૂણ ચરણની પાસ. છે. ૮

શે પાસે છે ટેકરીઓ, મધ્યે ઉદધી વાર,
તે સહસ્રક્ષી મહામંત્ર મોટો, મોટો કરે છેજ સંહાર. છે. ૯

ચોકી કરતા રાક્ષસોને, દીવાને નીશાન,
ધ્વજા ફરકતી લહેરમાં તે, ઉડે રહી અશમાન. છે. ૧૦

ખીણ ખીણના ગુપ્ત મારગ, સુરંગ કીલ્લા કોટ,
પલક એકમાં જળપળ નભમાં, અનલ ઓકતી બોટ. છે. ૧૧

ઢમકતિ ધમકતિ હાથણી, એ શું કરતી શુંડ પ્રહાર,
તેવી આ ગનબોટ મારે, ગોળાઓના માર. છે. ૧૨

ધસે ચીત્રીણી તેમ છરછર, કાપી ચાલે વાર,
જોલી બોટને ટોર પીડો, ઉડાવીગયે હાર. છે. ૧૩

મધ્ય જળમાં જાળ વિધુત, પાથરી છે વિશાળ,
મચ્છપેર ધસી જાય વ્હાણો, ફોડી દે તત્કાળ. છે. ૧૪

અન્ન યુધ્ધ સામગ્રી માહયે ચોકી પેરા થાય,
કેંદ્ર ભેદી લુંટી લો સઘળું, વિજય સ્હેજમાં થાય. છે. ૧૫

ચાઓ નીમીત્ત નીડર ધીરવીરો, ઉલટી જાશે સર્વ,
ફર્યું કાળનું ચક્ર સામે, ડેડ્ નોટ હરી ગર્વ. છે. ૧૬

જેણે આ જગ નીરમ્યું છે, તે લેશે સંભાળ,
ધર્મ કર્મ ફળ સ્થાપશે તે, સંત સાધુ પ્રતિપાળ. છે. ૧૭

પ્રથમ ભર્યું પય માતૃ ઘટમાં, પછી જન્મ આપેજ,
પ્રેરે પ્રભુજી વત્સને કે, તર્ત ઉઠી ધાવેજ. છે. ૧૮

સ્વાર્થ સમર્પણ એજ નીતી, વીક્રમ વીર ધારેજ,
પ્રેરે અહીં તહીં સુખ કીર્તિ, યશ દઇને ઠારેજ. છે. ૧૯

સુતા ભરાંઇ ગોદડે જે, સ્વાર્થી હીજડા છેજ,
તેને સુક્કર માર જમનો, નીશ્ચે છે હારેજ. છે. ૨૦

(કર્યો) લક્ષ્મીનો ઢગ એક જાગે, લુંટી લઈ દીનહીન;
(ને) પોતાના કરી પોષીયાને, આજ ભરાયો દીન. છે. ૨૧

એ ઢગલાને ઉઠાવી દો ધન બુંદ વૃષ્ટિનીપેર,
હે મ્હેનતુ ફળનીજ મ્હેનતોનું, લક્ષ્મી ઘેર ઘેર. છે. ૨૨

અકળાઈ અતી ઇંદિરા પડી, રાવણ કેરે દ્વાર;
થઈ સદ્ગુણી ઘર ઘર પુજ્યા, છે તત્પર એણીવાર છે. ૨૩

---

# ઇંદ્રજીતની તૈયારી.

### હરીગીત.

કરી છે તૈયારી ભૂમી વારી નભ વિંધી કપટીએ,
કહે ચોળું અરિદળ એક પળમાં ચાંચણો જયમ ચપટીએ;
ધમસાણ આખી લંકમાં ભર ઉદ્યમે અહનીશીએ,
ગાડાં તણા ખખડાટ છર છર નાવ ડોલે નીધીએ. ૧

ચોપાસ લંકા બુરજ ઓપે બુરજપર તોપો ચઢી,
જે અગ્ની ઓકે કાળિકા અતી ધુમ્ર ને ગોળા ભરી;
નીશાન ડંકા ઘંટ દીપક પ્રતિ દીપો નીશાનીના,
ધ્વજા પતાકા શીબીર શીખરે ફરકતી ફરફર જ્યાંહા. ૨

ચતુરંગ સેના અશ્વ ગજ રથ પાયદળ દોડે ઘણાં,
રણતુરને રણવાદ્ય બોલે, વિવિધ વ્યુહ સૈન્યો તણાં;
ખખડે ખરીઓ અશ્વની અથડાઇ અશ્મે ઘોષમાં,
ઘર્ષણે તનખા ઝરે ખોંખાર તોખારો તણાં. ૩

જળથળ નભે હીપહાંડી ને દિપી ચંદ્ર ગંધ જ્યોતના,
ઉડે ઉડગણો વીમાનમાંથી, શત્રુ કપીના સૈન્યમાં;
જોઈ કરે ગણત્રી ગણીતશાસ્ત્રી, કેઈ દુર્બીન આભમાં,
નોકા નલીકા સૂક્ષ્મદર્શક વીવીધ યંત્રો ના મણા. ૪

ચર અચર સૈન્યો ભોંયરા ને ખાહીમાં સંતાડીયાં,
સામટી સુરંગ ખોદી તાર વીદ્યુત જોડી જ્યાં;
બહુ યાન વીવીધ આકૃતિના એક બે ત્રણ ચક્રનાં,
ચાર ચોવીસ દસ હીચે ચઢી દોડતાં નગ પણીમાં. ૫

કક્કા પુરો વખાર અન્નો શસ્ત્ર અસ્ત્ર ઔષધ ઘણાં,
લૂહાર ને સૂથાર કડીયા રાત દીવસ કામમાં;
પકડે મજુરો ગુપ્તચારો ગાડી ગાઢાં લોકનાં,
દરજી મોચી દુકાનદારો માછીઓ ને જીવતાં. ૬

છોડી જાય જોડી બળદની ના કોશ ચાલે ક્ષેત્રમાં,
હાય હાય ખેડુત છે કરે, પરનારી હરીને પાપમાં;
કાપી નાંખી વૃક્ષો પીપળા વડ ના ઝુપે અહિ જ્યાં છાંયમાં,
ઉજડ ખેતર ખાય આવે વરૂ ભુખ્યાં દુષ્કાળનાં. ૭

ધ્વજ નંદી ભૈરવ શીવલીંગો ફરકતાં ડોલે ઉડે,
મહાકાળીકા ગનબોટ ને ટ્રેડનોટ ઉપર ફડફડે;
બહુ તારને વિદ્યુત રેલો વારી ભૂ નભ ધરી ધસે,
ભેંસ પાડા રૂધીર માંસથી ધ્વંસ અરીનો ઝટ થશે. ૮

હીચે દેશકાળ સમય ક્ષેત્ર વ્યુહ ચતુરંગીમાં,
ચોકી પ્હેરાં ઘેરી નાકાં નભ અને ભૂ વારીમાં;
શકે ભડકી ભાદરવો પડે તૂટી મેઘ મૂસળધારમાં,
ત્યમ વૃષ્ટી ગોળા ગોળી અગ્ની ગર્જ આવે લઈ બાર્યા. ૯

આયુધ અષ્ટાદશ અને વળી તોપ કવચો ચર્મનાં,
મુક્ત ને અમુક્ત શસ્ત્રો મંત્ર શસ્ત્રો સાધ્યનાં;
કૂઠાર ચક્રો ને ગદા ભાલાં અસ્ત્ર ઔષધ ઘણાં,
રથમાં ભરી ભાથા અખૂટ યંત્ર મંત્ર તંત્રો તણાં, ૧૦

તૈયારી કરી ચઢયો ઇંદ્રજીત સજી શૂરવીર તેજસ્વીમાં.
સતી પતી સુલોચન પ્રણમી શીવને મોકલે સંગ્રામમાં;
પોલસ્ત્ય કુલદીપ તેજ નયને શૌર્યની મૂર્તી મહા,
અવનીપર જે અવતરી, પ્રત્યક્ષ સ્કંદ સાક્ષાત્ ત્યાં ૧૧

---

## ઇંદ્રજીતનું યુદ્ધ.

લાવણી- છોકરા તૂં ડરમાં દીલ સાથ—એ રાહ.

કરે છે હુકમ ઇંદ્રજીત આમ, રક્ષજો લંકપુરી બાંધકામ;
કરો દિવ્ય દેશ બંધનો આમ, માર્ગ પુલ નાકાં ઘેરિ તમામ. ૧

નાંખવું અરિના કૂપમાં ઝેર, જાય સહુ વાનર જમને ઘેર;
ગોઠવો યંત્ર મંત્ર કરી તંત્ર, વગાડો ઢોલવાદ્ય વાજીંત્ર. ૨

ચોકીને પ્હેરા ગુપ્ત પ્રત્યક્ષ, રક્ષવાં નાકાં દ્વારને બાહ્ય;
ભરીલો અન્ન શસ્ત્ર જળ અસ્ત્ર, ખુટે નહીં વીતે વર્ષ સહસ્ત્ર. ૩

સમારો કોટ ખાડીને ખાઇ કીલ્લાને બુરજો પર ચતુરાઇ;
ગોઠવો સહસ્ત્રઘ્ની વ્યુહમાંય, ઉડી જયમ ગોળા દશ દીશ જાય. ૪

દશ દશ ઉપર મુખી કરી એક, પાયદળ નાયક સૈન્ય વીવેક;
ઉષ્ટ્ર રથ ગજહય ખચ્ચર બળદ, ચતુર વિધ ચતુર અંગદળ સુદ. ૫

ચતુર્વીધ અષ્ટાદશ અયૂધ, ભરો સામગ્રી સકળને યુદ્ધ;
પાયદળ ચતુરંગને પાંખ, ન ભેદે અરી ન્હાસે બની રાંક. ૬

જ્વાલા ગ્રહી સ્ફોટક સંગ્રહો દ્રવ્ય, અગ્નીને બાળી આપો અરી હવ્ય;
ભુશંડી શતઘ્નીથી છોડજો, ગોળીને ગોળા ગર્ભ જોડજો. ૭

શત્રુના મૂકજો જઈ માન, ચલાવો ભૂજળ વ્યોમે યાન;
દાંડિ દિપ નિશાનથી કરી સાન, નાદ ઘંટાને નોબત મહાન. ૮

સાજો સહુ તોપ કવચ પાખરો, ચર્મને ચક્ર રક્ષવા ધરી;
દુર્ગને ખાડીમાં જળભરી, વિજયલો રામ અનુજને ધરી. ૯

આવિયો અયોધ્યાથી ચાલતો, લંકને ઘેરો એ ઘાલતો;
આવિયો દૂર દેશથી આજ, લુંટવા સ્વતંત્ર આપણું રાજ. ૧૦

વનચરો વાનરો ઉદ્ધત સાથ, ઝુંઝરવા રાક્ષસશું ભિડી બાથ;
ઇચ્છતો કરવાને પરતંત્ર, વિભીષણ દ્રોહીનો સુણી મંત્ર. ૧૧

ફુટ્યું ઘર જાણી ગયો અહિંગોપ્ય, સૈન્યને મંત્ર તંત્ર છે યોગ્ય:
ચાંચણસમ નાંખશું કાઢીને ચોળી, રણે વાનર ઉદ્ધત સહુ રોળી. ૧૨

નદીપર નોકા બંધન રોકિ, ફક્કાપુલ દશે દિશ રોકી;
દેશમાં બાંધો રેલને તાર, વજ્ર વ્યુહ રચી લંક આવાર. ૧૩

શુદ્ધનો દેશ કરો દૂર હાંકી, લંકને રક્ષો ચોદિશ ઢાંકી;
નથી રૂથ નોકા અરીની પાસ, મુકશે સઘ વિજયની આશ. ૧૪

તોડી દો સેતુબંધની પાળ, મચે ત્યાં રણક્ષેત્ર તત્કાળ;
દેશ સહુ સામગ્રીને દ્રવ્ય, અરીને સર્વે છે અપસવ્ય. ૧૫

ચોદિશે ચાર વિભાગે જઈ, ઘેરવા શત્રુ ભુલાવો દઈ;
ધસીને છુપો મારવો માર, તુરત શત્રુની થાશે હાર. ૧૬

ગોઠવો યંત્ર મંત્ર ને તંત્ર, વજાડો ઢાલ અને વાજીંત્ર;
ચોકીએ બંદર પ્હેરા ચોટ, રક્ષજો નાકાં દ્વારને કોટ, ૧૭

ચાર દુત જઇ ખંતથી લાગ, અન્નજળ લૂંટી મુકવી આગ;
છીનવી લેવાં સહુ હથિઆર, એકદમ ઘુસી સૈન્ય મોઝાર. ૧૮

ઘડીકમાં ચડવું ઉડી વિમાન, પલકમાં પર્વત પાછળ જાણ;
પેસવું નોકા લઈ નિરમાંય, તારથી અરીની નો ઉડી જાય. ૧૯

ધમધમે ગોળા ફેંકતી જાય, હાથીણી ગનબોટો વ્યૂહમાંય;
ઘડીકમાં નીધીપર બરર જાય, પલકમાં તરણી નહીં દેખાય. ૨૦

ઘડીકમાં ફુટે સુરંગો સૂત્ર, છવાઈ ધુમ્ર ધુમ્ર ને ધુમ્ર;
ઘડીકમાં પાયદળો વીખરાય, ખોદી નીક પલમાં સૂઈ જાય. ૨૧

ધુળની ગુણભરી સંતાય, ચતુર વ્યુહરચના વિધવિધ થાય;
ઝાપટાં વરસે ઘનનાં ઝુંડ, તેવી વરસાવો ગોળી અનંત. ૨૨

પ્રથમથી તૈયારી ના હોય, પછીથી તે પસ્તાઇ રોય;
અજબને અકલ કરો સંગ્રામ, મારવા લક્ષ્મણને વળી રામ. ૨૩

ધ્વજા દીપ ડંકા કરી નિશાન, શંખ રણતૂર ઢોલ વીર ગાન;
સેહવૂં અશ્વિદળ કેંદ્ર ને મધ્ય, પાઓ પીવાય તેટલો મદ્ય ૨૪

ગાય ને પાડાં બકરાં ભારી, માછલી ભરો સુકવી ખારી;
વનચરો ઉદ્ધત કપી સંગાથ, ઝુંસરવા આવ્યો બીડી બાથ. ૨૫

સુરંગે ઉડાડવા વન્હધારી, ભોયરાં સળંગ સીધી કારી;
લપેટો તાર જાળ પાથરી, સાચવો સરવે ઉચ ટેકરી. ૨૬

સ્ફોટકના ગોળા ગુમજમાંય, મુકીને ઉડાડવા અરી જહાંય;
ઉડજો નભમાં લઈ વીમાન, શત્રુનો વ્યુહ નિરખવો આમ. ૨૭

કરો દીપ તાશને નિશાન, ગુપ્ત રહી મંત્ર કરો એ કામ;
પરાક્રમ કરી વિજય દે આમ, તેહને દેશું મ્હોટાં ગામ ૨૮

ઘેરી લો શત્રુને ચોપાસ, મુકી દે જીતવાની તે આશ;
વ્યોમમાં છુપી હું કરૂં છું યુધ્ધ, ભૂલાવું કપીને અરીની શુદ્ધ. ૨૯

ઇંદ્રિશ ઇંદ્રજીત એ નામ, કરૂં સ્વદેશ તણું શુભ કામ;
વિજય સ્વરાજ્ય રક્ષણે આમ, દેવી સ્વતંત્ર કાળીકા નામ. ૩૦

## હરીગીત.

ઝુઝ્યો ઇંદ્રજીત નીજ સૈન્ય સાથે દ્રષ્ટી ગોચર થાય ના,
રઘુ વંશ તીલક અનુજ જે એ, બંધ દ્વારે લંકનાં;
ઘડીમાં ઉંચેથી ને નીચેથી, ઘડીકમાં દશ દીશમાં,
છુટી અગ્નીના બાણો ભર્યાં, વિદ્યા રસાયન વીધીનાં. ૧

છંછેડીઓ વિષધર અને, વકરાયો કોપે વાઘ એ,
અસુર માયાવી મહાબળ ઇંદ્રજીત યોધ્ધો યુધ્ધે;
શક્રારી શચી પતી જીતી બાંધ્યો, ચઉદ ભુવનો છીનવી લે;
તે સ્વામી સતી સુલોચના સત, સતીબળે શીવ ભક્તીએ. ૨

શરબાણ સાહક ગોળી ગોળા, શસ્ત્ર અસ્ત્ર સાથે ઘણું,
આયુધ અષ્ટાદશ ભરી સજ, ઋષિ મુની તપ તેજનાં;
તે દીવ્ય વપુ રહી કોટી તેને, મદન જીત્યો રૂપમાં,
પૌલસ્ત્ય હવી પ્રીતી પુત્ર ધર્મે, પીતૃ પક્ષે યુદ્ધમાં, ૩

જાણે અનીતી નારી પરણેલી, હરી મહા પાપણે,
સ્વધર્મ વીરનેતા તણો, સ્વીકારી કરતો યુધ્ધ એ;
જેનું લીધું લુણ તેનું છે ઋણ, એજ ધર્મ, શાસ્ત્રો કહે,
એ યુદ્ધ વીર રણધીર ત્યાગી, ઉત્સવે ભાર ભવ્ય છે. ૪

જુવે વાનરો હિય્ય પૂર્વમાં, ભાલા ભુશંડી દળ મહા,
જાય ઝાડ ડાળી પર્વતો ને, લેઈ ધસ્તી તે દીશમાં;
પડે ખાડમાં કે પાણીમાં કે ફૂટટી સૂરંગ ત્યાં,
મારે પશ્ચીમ દીશથી પીઠ, ઉપર ગોળાધન ઘણા. ૫

લોપાય દળ અરી શક્રજીતનું, દેખાય કંઇના પૂર્વમાં,
કાહાં ઉભા દળ કાષ્ટનાં તે, રંગ ચોપડી કપટમાં;
દડી જાય પશ્ચીમમાં કદાપિ, બંધાય નાગજ પાશમાં;
જાળી તાર કંટક વિધે જ્યમ, ઉંદર પૂરે પાંજરાં. ૬

સપડાઇ જાયે દશ દીશે હજી, ના જણાયે શત્રુ ક્યાં,
માર મક્તો સર્વ દીશથી, જળ સ્થળોને નભ તુટયાં;
મુકી વિજય આશા જયજયે હજુ મન વચે શ્રી રામના,
કરો સહાય પ્રભુજી અજય આ છે ભક્તવત્સલ બાળમાં. ૭

હે સંત સાધુ સત્ય સતી શ્રુતી, વિપ્ર નિતીને ગાયના;
કે વારિ છુપ્યા આજ ક્યાં ને, શતહદયાકાશમાં;
ફરે હંસ યદ્યપિ અસુર વાભિ, પાપી આસુરી કપટી હાં;
જીત જાય અદ્રય ભાવમાં, જ્યાં ઢળી પડે રણભૂમિમાં. ૮

આવો આવો કહી અહી માલ ધરવા, અપ્સરાઓ સ્વર્ગની;
હે વીર અક્ષય સુખ વૈભવ, લેઓ ધ્વજા છો ધરમની,
છો ત્યાગી આત્મ જીવ ભોગ આપ્યો, દેહનો મોટો મળી,
પરકાજ કરી સમષ્ટી સેવક, પ્રીતિથી શાંતિ મળી. ૯

મ્હોટા કવી શૃંગારના છો, વીર છો એ પૃથ્વીના,
પ્રેમમૂર્તી ઇશ્વરી વિદ્યા નિધી નિજ દેશમાં;
તવગુણ કર્મે સ્વભાવ મોહી, સનમુખે નવ યૌવના,
અર્પીએ છે માળ વૈભવ, સુખ લ્યો સહુ સ્વર્ગનાં. ૧૦

આયુષ કલ્પ અજર શકિત, અપ્રતિહત વિશ્વમાં,
આહાર લ્યો ઇચ્છીત હશે તે, મુકી દ્યો સ્વાધીનમાં;
મન કલ્પ દ્રુમ સંકલ્પ સીદ્ધિ, આ નિરોગી ભૂમિમાં;
વાંચ્છીત ફળ દે સત્ય સાત્વીક, દેવી સંપત સ્વર્ગમાં. ૧૧

આવર્ણ ત્રય મલ આ દીગમ્યે, ગાયકોને સામના,
ત્રણ સ્કંધ ધર્મ તણાં ગણ્યાં છે, યજ્ઞ દાન તપ કાંડમાં;
રણયજ્ઞ રાજસુને કર્યો તે, વિહિત આપ આ વિશ્વમાં,
હોમ્યાં સ્વદેહ સ્વર સ્વામી કાર્યે, પુત્ર વરે પ્રોયા તજ્યાં. ૧૨

जय अजय ना गणतां स्वधर्मे, कर्म आदर्युं जे सदा,
निष्काम भक्ति योग ज्ञाने, देह बळी यश कीर्तिदा;
अती श्रेष्ट आहुति रक्तनी दै, वीर घुम्या समरांगणमां,
तजी प्राण आव्या छो भले, म्हालो हवे चीर शांतिमां. १३

बेसो विमाने प्हेरी माळा, अक्षथी मुग्ध थईने,
पंचेंद्रीयना विषय विहारो, सगुण ईश्वर रूपने;
ईच्छा हशे रंत नीर्गुणे तो, पूजनो शीव जीवने,
चींता मळी आ सव प्रत्यक्ष ज्ञान आरामे १४

आ अष्ट सीद्धी, नीधि नवने, बुद्धिए प्रकटपती,
ग्रह उपग्रहोमां गति करो, उद्यानमांय सरस्वती,
बनो सीत ईंद्र सम अग्नि वायु वरुण रवी शशी भेगवी;
सहुदेव आनंदे वधावे, वीर जय जय प्रेमथी १५

सती आवती छे. आपनी आ, लीधुं खोळे शीशने,
चोपास अग्नि कीर्युं ज्वाला चंड चंदन सम करी;
ओ पावके पावन करी सहु पाप बळी थई राख छे,
प्रेम प्रोया ओक छे ते प्रेम बळ प्रत्यक्ष छे. १६

कहो सृष्टि नीयम के ईश्वरी नियम निगम नियमोने वळी,
ते कर्म फळ व्यवस्थितिए देव अग्नि आम दे;
मती भावना अग्नि विनाने मती फरी अग्नि बनी,
ओ नियम आदरी सती मती बे सदी निसरणी स्वर्गनी. १७

### वसंत तिलका.

स्वीया सती विरह वहनी धीकी चढीआ,
जुओ विमान महीं नीज पति शुं भळवा;
संकल्प सत्य श्रुति यज्ञ बळे सिधीआ,
आंख्या अखील भुवनेश्वरी जे बनी, भव १

## હરિગીત.

આ મેઘનાદનું યુદ્ધ જોઈ, થાકી ગે છે શારદા,
કવિકોવીદોની કલમ ઘસતાં, થઈ ગઈ બુઠ્ઠી સદા;
આસુરીમાયા રાક્ષસીકૃતિ, જોઇ સત્યની હાર હા !
મનિષિમન મૂઝાય, મૂઝાય ઋષિઓ, કાંતદર્શીનીજ હુદા. ૧

એ જોઈને સકોપ શેષે કંપાવી દીધી છે ધરા,
ગતી પ્રાણ અપાને ગુરુત્વે છોડીયું આકર્ષણ તદા;
ગળ્યું મધ્યબીંદુ શશી રવીનું ઉડગણો માર્ગો ચુક્યા,
ભભરાઈ ફુટયા ગગન ગોળા, આભથી અથડે પડ્યા. ૨

ભાથા થકી બ્રહ્માસ્ત્ર કાઢયું, વિજ લાગી ચમકવા,
ટંકાર થાતાં ભુવન ત્રણ તે, કંપી લાગ્યાં થથરવાં;
શું પ્રલયનો ભભુકયો હુતાશન, રૂદ્ર શુલત્રય કાઢતા,
ગર્ભિણીઓ ગર્ભ ગળીને, પવન ચંડ ચડે ચડયા. ૩

ઉછળે અતિશય ઉદધિને, મેઘ કરતો ગર્જના,
એ જોઇ છોડે શક્રજીત, બ્રહ્માસ્ત્ર મર્કટપર મહા;
જોયું લક્ષ્મણે તે તરત તેડી, વૈષ્ણવી શક્તિ ત્યહાં,
ભણી મંત્ર ઉપસંહાર કરવા, બેઉ અસ્ત્રો આવર્યાં. ૪

જઈ તરત તુણીરમાં વીરામ્યાં, શાંત થઇ બે બાણ ત્યાં,
કોપ્યો શક્રજીત, નિષ્ફળ થયું નિજ અસ્ત્ર મંત્રિત્ જ્યાં;
છોડી નાગઅસ્ત્ર ભણી મંત્રયોગે, ગાત્ર બાંધ્યા રામનાં,
જ્યાં જોય ત્યાં સહુ કપી પડયાં છે, સર્પથી સપડાઈ ત્યાં. ૫

ગરૂડાસ્ત્ર લક્ષ્મણજી મુકે તવ, સર્પ નાઠા સ્હેજમાં,
કૂપ કૂપ કરી કૂદકા કરી, કપી ઘુમ્યા સર્વ સંગ્રામમાં;
ચઢી ડાળ ડાળે વૃષ્ટી કરતા, ઝાડ પથ્થરના ઘણા,
ફળહારી ને માંસહારીનાં બળ દાખવે બેઉ જણાં. ૬

કહો યોગબળ કે મંત્રબળ કે દ્રવ્યબળ અસ્ત્રે ભર્યાં,
અચુક અદ્દભુત ઈશ્વરી એ શકિત ભરી છે બાણુમાં;
એ દીવ્ય શકિત શું રસાયન, કે હશે બળ યોગનાં,
કવી મૂઢ મતી ગતી દેવ, મંત્રની વરણે શું અદ્દભુત શસ્ત્રમાં ૭

આવી ઉભો કાળમૃત્યુ અસુર સન્મુખ પહાડ જો,
તોય ધીરવીર ધૈર્ય ઉત્સવ રણધુમે સામેજ જો;
તપ તેજ બળ પરાક્રમોનો પુંજ ધુમે વીંટી રહી,
ગભરાવતો શર વૃષ્ટિ કરી શ્રીરામ દળ સન્મુખ અહીં. ૮

સાંધ્યું શરાસન દીવ્ય અસ્ત્રે, ફરી તુણીરથી લઈ,
જામે ગીધ ઘુવડને સીચાણા, અપશુકન થાએ જહીં તહીં
પડી હસ્તથી છુટી અસી ગઈને, વામ નેત્ર ફરકયું તહીં,
કાળ કૃતાંત લક્ષમણ દીઠો નીજ નારીના રૂદન મહીં. ૯

કોપ્યા ફરીથી શેષ ગાઢો, દીવ્ય અસ્ત્ર મંત્રો ભણી,
અમોઘ જેમાં સર્વ સાત્વીક ભાવભર સૂકતી અણી;
સાંધ્યું સકોપે શરને તાકી, અચુક સ્થીરતા કરી,
સંભારતા શ્રીરામ જય જય જય રઘુવીર શ્રીહરી. ૧૦

જાણ્યું હોય જો મનવાણી કર્મે સાધવી સીતા સતી,
જો એક બાણુ પત્ની વ્રતમાં હોય સાત્વીક રઘુપતી;
જો બ્રહ્મચારી હોઉં હું તપ બાર વર્ષ ફળ આહારથી,
તો અસ્ત્ર તે તેજે હણો આ ઈંદ્રજીત મસ્તક પડી. ૧૧

ગર્જીત જયમ ઘન મંડળેથી કકડી વીજ તૂટી પડી,
ઉડાવિ ઝટ શીર ઈંદ્રજીત કર પેઠું ભાથે જઈ ફરી;
પડયો આંગણે કર સતી સુલોચના તે જઈ શતશીલથી,
અજબ શકતી ઈશ્વરી કવી મૂઢ કથશે કયમ કરી. ૧૨

જ્યાં શેષ શારદ શ્રુતિ વિરામે વાણી મન નેતી કહી,
હા ! આઉ, આઉ, હાઉ, ઇડા સામ ગાએ સાત્વીકી;
આનંદ સાગર સૂખ નીધી સર્વ શકતી જ્ઞાનથી,
કરૂણા સાગર ભકત વત્સલ નિયતુ નેતા બાંધથી. ૧૩

પાળે પિતા અદ્રશ્ય છુપો સ્થીતી લયોદ્‌ભવ કાર્યથી,
ગતી કરાવે ત્રીગુણ બંધન છોડવે સહુ દુઃખથી;
દૂર દેશ દીકને કાળ દ્રવ્યને કાર્ય કારણ ભાવથી,
કવી મનીષી મનન કરતા ધ્યાન યોગે પ્રીતીથી. ૧૪

આ અંતરે ગુહ હૃદયનાં આકાશમાં કાશે ભરી,
પુર ભકિતભાવ પ્રબોધ રૂપે જ્યોતી અગ્નીની ઠરી;
તે વિશ્વનો આવેગ પ્રબળો પ્રજ્ઞાન આનંદે તરી,
ઇંદીરા મતીમૂઢ ખોળે મ્હાલતો શીશુ પ્રોતથી. ૧૫

જે નિત્ય નિત્યે અનુભવું છું ચાર અવસ્થા વિશે,
જે પ્રગટ છે પ્રદ્યોત શાક્ષી હૃદય વેંટ્રીકલ વીશે;
ગતી પ્રાણ અપાને કરાવી ઊંઘમાં પણ ધબધબે,
જેથી રકત પાચન થાય ક્રિયા ફેફસાં ધમણો ફુંકે. ૧૬

તે અસ્તિ ભાતિ પ્રિય તુજ રૂપ ઇંદિરા ભજભજ પ્રિતે,
એ દેવનો છે દેવ તે મ્હાદેવ મંગલમય ચીદે;
જે જાઠય તુજ પાપે ભર્યું કરી ભસ્મ નિજ જ્વાલાવડે,
ઇંદિરા જડ મતી શું લે આનંદ ટુંકી ટુંક કવન એ. ૧૭

તૃણ એક જ્યમ ડુબતા જને ત્યમ તુજ કાવ્યે તે કથે,
સીતેર તત્વો પંચસ્થિતીમાં, સગુણ માયા દેવ તે;
થા ગુણથી પર પ્રકૃતીથી, આત્મભોગે પરહીતે,
રત રહી સતત નિષ્કામ કર્મે ભજ તું શીવરૂપ ભકતાએ. ૧૮

ધર સત્ય દ્રઢ સંકલ્પ શાસ્ત્રે નિગમ નિયમે નીચતીના,
પ્રારબ્ધ કર્મ ભોગવ અને દે બાળી સંચીત વાસના;
કીય માણુ શુભ સત કર્મ કરતાં તરી જશે તું સ્હેજમાં,
ઇંદીરા નથી નથી ઉપાયો અવર માર્ગ શુભ મોક્ષના. ૧૯

---

અભિમાન તણું ફળ આંમ થાય અપમાન એ રાહ.

જય વિજય માત્ર દેનાર એક ઓમકાર, પિતુ પાતા દીન
માતા ધાતા જગ ધરનાર. ટેક.

તૃણુનો હે મેરૂ કરી ક્ષણમાં, કરે મેરૂ તૃણુ ચોળી પળમાં,
આશ્રય નીશ્ચય તેનો મનમાં પર ઉપકાર. જય ૧

લોભ તણો જ્યાં થોભ નહીં ત્યાં,
ક્ષોભ કર્મ ફળ નિયતિ નિયમમાં;
વિધર્મીને વીદેશી દુખદમાં અપ યશ હાર. જય ૨

નંદ ઇંદિરા કરી કર્તવ્યો ભવ ઉદધી તરનાર,
કામ રહિત જય અજય મહીં જે ન્યાય પ્રીતી ભરનાર. જય ૩

---

## ચોપાઈ.

ગયો ઇંદ્રજીત હારી નરવર, પામ્યો પરાભવ કુંભકર્ણ હર,
અક્ષય કુમાર પણુ હારી ગયો તે, મંત્રિ તંત્રિ ગણુ નિશીચર મરતે. ૧

શોક કરે હાર્યો નહીં હીંમત, અતિ ગર્વમાં વાધ્યો મમત,
માનિ શીખ નહીં નીજ હીતકારી, વિભીષણુને નીજ સતિ નારી. ૨

ઊંધા ઘડા પર રેડયું વારી, સુધરે નહીં હઠીલો અવીચારી,
આસ ગુરૂની સત્ય હીતકારી, શીખામણો જેણે ધીકારી. ૩

કુમતિતરકે વિપદ બોલાવી, નિજ સુખમાં અગ્નિ સળગાવી,
સંપતિ સંતતિ કીર્તી ગુમાવી, કુળ મરજાદ કર્તવ્ય હણાવી. ૪

મદ્ય માંસ તમ વામી વ્યાપ્યા, સુપથ સર્વ તેણે છે કાપ્યા,
સર્વ સુખ તેનું તો ખુટયું, નિજ ઘર માણુસથી ફૂટયું. ૫

સદાશીવનો ક્રોધ જગાડયો, તેણે દવ સુખ માંય લગાડયો,
શાંતિ ગઈ ને ભ્રાંતિ આવી, ભય લજ્જા આસુરી ત્યાં આવી. ૬

નક્કી જાણજો વેદ શાસ્ત્ર કહે, પુરાણ આપતે જ્ઞાન લે,
આહારથી તન આસુરી પામી બુદ્ધી, સમૃધી પંથ હરામી. ૭

જયમ પક્ષીઓ ઉડી ગગનમાં, ભક્ષ્ય નિરખે પૃથ્વી પરનાં,
શત યોજન ફેંકી નીજ દૃષ્ટિ, ઉડે ગગનમાં દુરથી લક્ષી. ૮

પણ પારધીનો પાશ ન જાણે, કાળ જાળ બંધનને ટાણે,
યમરાજા અંતક ભૂલાવે, દુર્દેર્શીને પણ ભૂલાવે. ૯

બન્યો અંધ અભિમાને ફૂલી, જયમ દાદુર વર્ષામાં રહે છે ડુલી,
બ્રહ્માદીક ઋષિ પણ ના મુકે, કાળચક્ર ફરતું ના ચૂકે. ૧૦

હીરણ્યાક્ષ બાણાસુર આદિ, હીરણ્યકશ્યપ મહાપ્રમાદી,
તૃણાવર્ત શ્રીકૃષ્ણ યુધિષ્ઠિર, કાળ ગ્રસે નહીં રહે કોઈ અમર. ૧૧

---

# કુંભકર્ણનું યુદ્ધ.

આ રાજકાજના કામ હમારા લેખામાં શું—એ રાહ.

વાનરો—

વિરને મૃત્યુ ક્યાં છે અહો! સતિનું સત્ય સાહાય છે જુવો;
જયાં ધર્મ યુદ્ધને કાજ કેદથી છુટવા ડરને ખુવો. ૧

કારાગ્રહ આ દેહ તે'માં ચેતન જીવ છે કેદ;
છુટે કેદખાનાથી જીવ જે તે'નાં શેનો કરવો ખેદ. ૨

પાપીઓને શાસન કરતાં સ્વર્ગ મળે છે સત્ય;
અવિનાશી અખંડ અનુપ સુખ વૈભવ સ્થાયી અક્ષય. ૩

શસ્ત્ર બળે રાક્ષસી લખલુંટ કર્મને કરી;
ગરીબ જનને લૂંટી લઈને લંક સુવર્ણથી ભરી. ૪

પહડ રાક્ષસો મચ્છ માંસને પરણેલીઓ હરી;
અભિમાનીએ બ્રહ્મ રાક્ષસો પુજાય જારી કરી. ૫

દેહ મ્હોટી આ કુંભકર્ણની ઉંઘ થઇ ના પુરી;
ઉંઘાખળો ઉઠી લડવા આવ્યો બળ બુદ્ધિ વીફરી. ૬

એકદમ ધસી કુહાકડાઓ મારી પીંખી નાંખો;
કોઇ હાથને કોઈ નાકને કોઈ કાનને કરડી સંચરો. ૭

કોઈ પીઠની પાછળ જઈને મુકુટને પર હરો;
કોઈ ટાંટીઆ ખેંચી પાછળ ઉંધો પટકી ચરો. ૮

કોઇ શસ્ત્રને છીનવી લઈને ધુળ આંખમાં ભરો;
કોઇ શીલા ઢાળી મારો વિજય આપણો કરો. ૯

---

## ચોપાઇ.

પુરણ પુરૂષ શ્રીરામ સમાને, યુદ્ધ દેશ ને કાળનું જ્ઞાને;
પ્રવિણ વ્યુહ જાણે રચવાને, ઊચીત સમય અનુકુળતા ટાણે. ૧

સત્ય પ્રીતિ પુરભક્તિ પિતાની, ત્યાગ અને વૈરાગ્ય સુકાની;
શ્રુતિપથ કીર્તી ધર્મ ધનુર્ધારી, એકવચન શર વ્રુત ભારી. ૨

પુણ્ય શ્લોક પાવન રઘુરાયા, વીર શીરોમણી સુંદર કાયા;
બીજી પાસ હીંસક અભિમાની, અસુર દૈત્ય વામી પુરકામી. ૩

સતિ નિજ નારી મુકી મન જારી, કુમતિ કુર લે વંશ સંહારી;
સીતા શીતલમાં વહ્ની ભભુકયો, દસમાથાનો અસૂર તડૂકયો. ૪

અંતર નિજ ઘર લંક લગાડી, મચક પતંગ પડી બળે અભાગી;
હાથે કરી હલાહલ પીધું, જેણે પરસ્ત્રી પર મન કીધું. ૫

ભરી રીવોલ્વર નિજભણી ફોડી, કરકુઠાર નિજ ગરદન તોડી;
પરનારી જોરી હુળાહુળ, વીષ પીતાં જીવતર નીજ ઘડી પલ. ૬

સુખી હતો હાથે દુઃખ લાવ્યો, વૈભવ રાજ્યને વંશ ડુબાવ્યો;
લંક કલંક પરતંત્ર બનાવી, મુવો રણે મૃત્યુ બોલાવી ૭

માત પિતા ગુરૂ નીતિવચ તોડી, રહે કહો કોણ સુખમાં પ્હોડી;
વીર વિદુષ સ્વદેશ હીતચીંતક, રણે પડયા શરણે થઇ અંતક. ૮

એક વિભિષણ ન્યાય વિચારી, નીતિ શ્રુતિ શ્રીરામ સ્વીકારી;
અધર્મ પક્ષે મુકી લડવાનું, સ્વધર્મ સત્યે સુઝયું નમવાનું. ૯

દૈત્ય રાજ પ્રહલાદ સમાને, સદ્‌ગુણ મૂર્તી ભક્ત શ્રીરામે;
વિનય પ્રેમ ભક્તિ વીણ વિદ્યા, શૌર્ય હોય પણ સરવે મીથ્યા. ૧૦

વાનરને કર કુઠાર ચઢીયો, સંહારે સજ્જન કરી હુડીયો;
જ્ઞાની થઇ ઇશ્વર નહીં જાણ્યા, કુપથ સેવી ધીકક્ષય નીજ આણ્યા ૧૧

વક્તા થઇ ઉન્માર્ગે ચાલે, કુટણી સમા વચ મનને ખ્યાલે;
એથી અભણ તે બહુ છે સારા, સાક્ષર રાક્ષસ વીફર્યા નઠારા. ૧૨

સૃષ્ટિ નિયમ સૃષ્ટા નહીં જાણ્યો, પ્રભુભક્તિરસ નાહીં પીછાણ્યો;
તે ભણતરપર ધુળ પડી છે, જણી કુપત ને જનુની રડી છે ૧૩

મીથ્યા ભાર નવમાસ વહ્યો છે, ગુમાવી યૌવન અસુર ભર્યો છે;
શકે સીંહને સર્પ નગ તેમાં, કરી ગુફા દર ઉદર જનનીમાં. ૧૪

ગૌ બકરાં હરણને પીડે, નિજ ઉદર ભરવાને હીંડે;
નિજ અંધ સ્વારથ સાંધે, સંતોષે મન વિકાર રાગે. ૧૫

તેવો છે માતૃભૂમીમાં, દેશ ધર્મ દ્રોહી પૃથ્વીમાં;
ધીક અવતાર અધર્મે મ્હાલે, ધીક અવતાર પર રૂધીર પી ફાલે ૧૬

સુખ સંપત ઉદય નહીં જેમાં, પરધન હાર સજોરી જેમાં;
જે ધારા નીતિ ન્યાય વીનાના, સ્વાર્થ સાધવાના છે બ્હાનાં. ૧૭

ન્યાયાસન કરી કરે અન્યાયે, તે બળજોરી માત્ર કહેવાયે;
સજ્જાએ ઉલટું એ જુગટું, સાહુકાર જયમ નામ તસ્કરનું. ૧૮

નટવો એ નૃપ વેશ ધરનારો, કાનુન કહીને છે લુંટનારો;
સ્વાર્થ સારૂ ધારા જે બાંધ્યા, તોપ અને કીલ્લાને સાંધ્યા. ૧૯

પરધન હારને રાજ્ય ભુમિકા જે, તેનું નામ દેતાં મુખ લાજે;
રામ સમાન રવિ સર્વ ઉજાસે, ઋષિ મુનિ કે ભંગી પર ભાસે ૨૦

વસુધા દે ધનવાસ સહુને, ખાંદે ખુંદે પણ નીજ ગણી તેને;
શ્રીરામ દૃષ્ટાંત કવી કહે, હૃદય રાખજો નૃપતિ વિજય દે. ૨૧

ઉપાય સદ્દચીદ્દ જ્ઞાનને ભરવા, શ્રુતિપથ સેવો શાંતિથી કરવા;
ઇંદિરા યોગ આનંદે તરવા, નામરૂપને ધ્યાન એ ગરવા. ૨૨

---

## હરીગીત.

વનવાસી વાનર વશ કરી શીખવ્યો લઈ કાણુમાં,
રચના વિવિધ કરી ઘુસી જઇ લડવું અરીના દેશમાં;
લેઇ લાઠી પથ્થર વૃક્ષ ફળપુલ ખાઇ તૃણ જળ પાંદડાં,
કર્યા વ્યર્થ કીલ્લા દુર્ગ નો વીમાન શસ્ત્રાસ્ત્ર ભર્યાં. ૧

પરધન હારા ન્યાય નીતિ પથ છોડી અનીતી આદરી,
તે ભોગ રોગે કે અસીકર લેઇ જાએ છે ભરી;
છુપી ચોરી જારી જુઠ કપટે વણીક સમ લે છે તરી,
પરતંત્ર વિદ્યા વિપાક કાળે હીજડા બની ઘર થરી. ૨

તરૂ ધેનુ વિરમે સંત સમ પરહીતકર શ્રુતિ સેવતા,
તે દેવ ત્યાગી નિષ્કામ સર્વેશ્વર સમરી દેવતા,
ખમી ટાઢ તડકો વૃષ્ટિ વાયુ છત્ર સમ આપ્તો થતા,
તે જ્ઞાની વિજ્ઞાની અને વીર રવી શશી માર્ગે જતા. ૩

અતિ સેવકો ગૃહ પંચ યજ્ઞે સ્વાર્થ ધનને ત્યાગતા,
તે પુત્ર પોત્રાદિક નિરોગી દીર્ઘ આયુ પામતા;
જે સેવતા નીજ દેશને જન ભ્રાતૃભાવે મ્હાલતા,
તે સંપ કીર્તિ સુખ શાંતિ લોક હૃદયમાં ધારતા. ૪

જે રામના ગુણ કર્મને સ્વભાવ તપ સાધે કરી,
તે રામ બની સમષ્ટી સુખ ષડ રીપુ સૂદન રેહ ઠરી;
ઐશ્વર્ય ખટ અવતારી પુરૂષ અચળ કીર્તિ લે ફરી,
બની વીર વિજયી પ્રેમ શૌર્ય ઇંદીરા નંદન હરી. ૫

---

## ચોપાઇ.

માત તાત ગુરુ આપ્તની વાણી, માને જો નહીં સુખકર શાણી;
કેમ સૂખશાંતિ તે પામે, વિપરીત બુદ્ધિબળ વિનાશ આણે. ૧

અંધ ઘોર તમ છાંયો કામે, વિબુધ અરી દશ શીશ હરામે;
ત્રણ પ્રકારના ચોર રેહ ફરતા, ત્રણ પ્રકારના સૈન્ય વિપુલતા. ૨

તોપણ જાણ્યું નહીં સેતુનું બંધન, સમુદ્ર ઉપર શત્રુ નિકંદન;
એક ચાર થૈ મરુત સુત આવ્યો, લંકા બાળી સુખે સીધાવ્યો. ૩

રામનામ શ્રીમુખ સતિ જપતો, તેને નહીં ભય શત્રુ નડતો;
ઉંઘે દશાનન જાણે ન કાંઇ; અરી આંગણ આવ્યો પણ અંજાઇ. ૪

નીજ બાહુબળ પૂર્ણ ભરોસે, સુતો સુખે પલંગે હોંસે;
મહા મોહ મદ ગર્વથી ફુલ્યો, વર્ષામાં જયમ મેડક ડૂલ્યો. ૫

આવ્યો આ તપ ચૈત્ર મધ્યાન્હે, કાળચક્ર ફરતું ના જાણે;
રૂશીયાનો જયમ ઝાર ઉજાણી, કરે વીફર્યા શત્રુ જાપાની. ૬

જાણ્યું નહીં નીજ નૌકા ઉડાણી, ડાયનેમીટ ડીસ્ટ્રોયર આણી;
ગોળા છુટયા બહુ ધમધમતા, તોપ ફોડી જાપાની દમતા. ૭

ઘુસી શત્રુના દેશે પેઠા, ત્યારે ઝાર ઉંઘમાંથી ઉઠયા;
તેમ રાવણને લેશ ન શંકા, કોણ હામ ભીડે સૌ રંકા. ૮

વગાડી ના નોબત કે ડંકા, પ્રમાદમાં રાવણની શંકા;
કરી શમે જાપાન તૈયારી, સેના પાજ બાંધીને ઉતારી. ૯
રઘુનંદન દ્રષ્ટિ દુરદરશી, વિચાર ભાવી શત્રુ બળ પાખી;
કરી તૈયારી પ્રથમ ગુપચુપથી, નહીં અજાણ્યા શત્રુ બળથી. ૧૦
નાકાં ગુપ્તચારોથી જાણી, અરી દળબળ વ્યુહ રચના પીછાણી;
ઘેરી લીધી લંકા દશ દીશથી, પ્રમાદિ ઉંઘે તોય અદ્યાપિ. ૧૧
ગર્વે કામીને તીમીર ઘેરે, પાપ પુંજના ધુઅની પેરે;
કુંભકારની જાણે ભઠી, ગર્વીષ્ટની જાગે નહીં દ્રષ્ટિ. ૧૨
મદ્ય માંસ ને નાચ ઉજાણી, કરે અસુર મતિ પાપ ભરાણી;
ઇંદિશાનંદ આનંદે વીર નર, ધસમસ ઉદ્યમમાં સહુ કપિવર. ૧૩

---

## ચોપાઇ.

ત્રણ ચોકી ત્રણ ગુપ્ત પ્રકારે, ગુપ્ત ચાર જળ સ્થળ નભ દ્વારે;
નાકાં ઘેરી ઉભાં કોઇ ભટકે, વેશ વિચિત્ર લઇ ચર ફરતો ભટકે. ૧
પેસી રઘુવર દળને જાણે, અર્ધ ચંદ્ર તારાના બાણે;
ઘડીમાં દીપ ફાનસ દુર તેજે, તરત થાય અંધારૂં સેજે. ૨
અરી દલની કરી લે છે ગણતી, વ્યુહ ભુશંડી તૈયારી કરતી;
સળંગ સુરંગો ખાઇ નીકને, ખોદે છુપાવ્યા નિજ સૈનિકને. ૩
ભોંય ભોંયરા ઝાડી માર્ગે માપી ગણે ગણિત કરી હરખે;
ત્રિકોણ મિતિને ભૂમિતિ ભારી, શાસ્ત્રી ગણક ગણગણતા પારી. ૪
ભુગોળ ખગોળ ભુસ્તર વિદ્યા, વિશારદો કામે લાગ્યા અનવદ્યા;
દિપ નીશાન ઘંટા ને ડંકા, ડક્કા ગોહિ દિપ હાંડી અવટંકા. ૫
અન્ન વસ્ત્ર જળ ઔષધ તયારી, સહઅસ્ત્રી ભુરજોપર ભારી;
ગનબોટો નૌકા રથ યાંનો, સ્યદન હયગજ રથ વીમાનો. ૬
ટોપ કવચ ને ચર્મ ને ચકર, મુકત અમુકત શસ્ત્રાસ્ત્ર વિજયકર;
રક્ષણ ભક્ષણ નાશક સ્ફોટક, અગ્ની વીષયાંત્રીક ચાર મોચક. ૭

શરભ છાંટ ગોળાઓ ગોળી, અરીદળ પર ધુન નાંખે ચોળી;
સમર ચતુર બળ ચતુર ચો પાંખે, અધો ઉર્ધ્વ દશ દીશમાં રાખે. ૮

અગમ ચેતી સરવે ઠરી રાખી, કોઈ ન જાણે ગુપ્ત સહુ રાખી;
અઢાર આયુધ નિજ સ્યન્દનમાં, સુભટ સર્વ રાખે નિજ રથમાં. ૯

સર્વ ટેકરીપર વ્યુહ રચના, સહસ્રઘ્ની ગોઠવી જયાં ભયના;
છર છર ફરતી ક્રુઇઝરોને, કોનવોયઝો ડ્રેડ નોટોને. ૧૦

ડીસ્ટ્રોયરને ટોરપીડો તે, લોંચપડા ઉતારૂઓ છે;
નિધી જળ ઉપર ગનબોટો તે, દોડે ધમ ધમ કરતી હોડે. ૧૧

નિશાન કીલ્લા કોટ સુરંગો, મચાવવા રમખાણને જંગો;
હોઠ ભરી અરિદળને હસતી, ચડાવિ સડ હોડ ધસમસતી. ૧૨

વિદ્યુત તાર સ્ફોટકના ડબ્બા, છુપા જળે આવે નહીં શંકા;
બ્હાર અને અંદર છે ખાઈ, બંદર નાકાં કીલ્લા માંહી ૧૩

સકળ માર્ગ સામગ્રી સાંધી, ચોકી વડે દળ સાથે રાખી;
દીવા દાંડી બોયા ને મિનારા, જળમાં ઉભા દૂર કિનારા. ૧૪

ન્હેર નીક સણુંગો છુપી, ભોંય ભોંયરે ખીણુંમાં રાખી;
પર્વતનાં શીખર શીર રોકયાં, જળ સ્થળ મારગ સર્વે રોકયા ૧૫

શકે પવન પણુ પેશી નાહીં, લંકપતીની વ્યુહ ચતુરાઈ;
નિશાન ધ્વજ પતાકા ફરકે, વળી વાવટા જહીં તહીં ખળકે. ૧૬

સૂક્ષ્મ દર્શકો યંત્ર દુરબીનો, જઇ શકે નહીં જીવડો ઝીણો;
ગદા ચક્ર ત્રિશુલ ભૂશંડી, પણુ ચાપ શરબાણુ સૂરંગી. ૧૭

સુરા સમુદ્ર ભરી પીપ આસૂરી, કરી પૃથ્વી ઉજડ ગોઝારી;
માંસ ઢગે ઢગ પર્વત બારી, રોજ કપાયે બકરી બિચારી. ૧૮

નીદોર્ષીને દમે હરામી, ક્રોધ લોભ મદ પુરણકામી;
કરી ઉજ્જડ પૃથ્વીને પ્રાણી, પ્રલય સમયને યુદ્ધલોભાની. ૧૯

ઘાસગંજી ગુણુ કઠોલ આટા, કંદ માંસ રસ તાડી ખાટા;
લકડ કકકડ દુધ દહીં સર્વે, ઉણું રાખ્યું ના કંઇપણુ ક્રરવે. ૨૦

સુથાર લુહારોને કડીયા, મજુર ગાડાગાડી બળદીયા;
ખચ્ચર ઉંટ અતી ઉંચા ગધેડા, ભારવાહકો ભંગી ઢેડા. ૨૧

શીબીર તંબુને શંડો રાખી, ગાનતાન ગુલતાને ભાખી;
સચીવ સેના નાયક કરે તૈયારી, જોઇ રાવણ હરખ અપારી. ૨૨

તુખાર તોમર કુઠાર શતઘ્ની, ગજ ઉપર છે બાણ ભુશંડી;
વ્યુહ રચી તોખારો ચાલે, ભચ ભચકાવ્યા ભાલા ખ્યાલે. ૨૩

સ્યંદન તો ખારો હયરથ ગજને, શીવ કૃપાને હેમપુર જેને;
નાગ પાશની જાળી જાણે, સપડાવે દળ સૈનિક તેને. ૨૪

ધરે આપ પક્ષી ઉદરને, પાશપાંજરાં પકડ સમાને;
અહળક લક્ષ્મી, બળ, રાજ્ય સગાંને, શીવકથા મદિરા સમ તેને. ૨૫

ખળખળ હળચળ કેફ સમાને કયમ ન ચઢે ભુતને અભીમાને;
અષ્ટદેવ યમકુબેર વસતા, લંકાપતિ નૃપ શરીરે હસતા. ૨૬

સર્વ શકતી સ્વરાજ્યે આવી, શકતી વિનાના લુંટયા દબાવી;
સામ્રાજ્યે ચોધ બહુ ઉધરાવી રાજ્ય ખંડીયા નૃપો હરાવી. ૨૭

દશ દીશથી સુનુ લુંટી લાવી, લંકપુરી સોનાની બનાવી;
કરે પાણીને સર્વે જીજી, રંગ ચૌદમું દશ દીશા ગાજી. ૨૮

બ્રહ્માદિક પણ એજ નમાવે, રંગ ચૌદમાનો એ પ્રભાવે;
અધર્મને ધર્મ કહે વાડે, ધોલ ખાય ત્યમ ત્યમ હસી લાડે. ૨૯

જેમ મૃદંગ બે પાસથી બોલે, પેલ પીટાતાં કત્રની સુર ખોલે;
કણ કમળી તોય મધરૂં ભાખે, સાચૂં જુઠું ભરડી જયમ નાંખે. ૩૦

પેટકાજ પ્રધાન નમે છે, પેટકાજ સેવાવશ રહે છે;
પાપી પેટ સહુને છે નમાવે, અધમને કહી ધર્મ સ્થપાવે. ૩૧

ભાટચારણો સેવક નમતા, પેટ પાપી કાજે સૌ વિષમતા;
સસલા હરણાં વન વીચરે છે, ધનહયેન તૃણ ખાઇ ફરે છે. ૩૨

વીર નરોનું શીર ના ના કહે, નમન કરું નહિ કોઇને સ્વભાવે;
હું શીવરૂપ સ્વયં જ્યોતિ, તેને શી ખોટ ભવાબ્ધિ એ હોતી. ૩૩

કુત્સિત કાયાની સાથ જોડાયું, કુસંગથી નીચ નમન છે આવ્યું;
ખડથી જ્યારે કપાઇ પડે છે, ઉંચી ભુવ કરી ત્યારે હસે છે. ૩૪

હું દિવ્યરૂપ સદ્ ચિદ્ અનુપ, સર્વૈશ્વર્ય ભૂપનો ભૂપ;
છેતરપાંડી કરી કોની સાથે, વ્યષ્ટિ સમષ્ટિ નિજરૂપ સંગાતે. ૩૫*

વ્રતેથી પરહિત કરવું એ છે, ધર્મ નિતિને વેદ વદે છે;
સમજે શું નહી સમદર્શી તે, પેટ ભરી પર ઘાત કરીએ. ૩૬

બકરી બળદ કહોને દુઃખ દે છે, વિના અપરાધે કેમે હણે છે;
વીર વિદુષ સમદર્શી તે, ક્રાંતદર્શી કવિ મુની અબાધુ. ૩૭

વિના અપરાધે પ્રાણ હણાવે, પાપી પેટ કુકર્મ કરાવે;
ઇશ્વરનો ભય જરા ન આવે, ન્યાયાસને ન્યાય ન ફાવે. ૩૮

નીજ પેટને કબર બનાવે, કુકડાં બકરાં મ્હાંય પુરાવે,
મછીએ શું લીધું તમારૂં, પૃથ્વી ઉપર પણ આવે ન વારૂ. ૩૯

ક્ષાર નિધી નિજ સદન વિહારી, શું કરવા જાળે ધરી મારી;
પેટ વેઠ કરી ધર્મ ન જોયે, ન્યાય નીતિ મન ઇશ્વર ખોયે. ૪૦

તેમાં કામ દુર્જય જો વ્યાપ્યો, વળી ક્રોધ ભડકાવી સ્થાપ્યો;
લોભ મોહ મદ મત્સર ગર્વે, ઊણું કહો પછી રહ્યું શું ભર્વે. ૪૧

કાયા ઘટ કાચો મૃદ્ કેરો, સહે ભારતે થાય ઘણેરો;
સત્તા સર્વોપરી મળી આવી, ક્રુર દૈત્ય વામી રેહ ફાવી. ૪૨

સમય સર્વ નિર્દોષ સાધુ, નમે વીર વીદ્રુષ અબાધુ;
અષ્ટસિદ્ધિ નવનિધી પામ્યો, તોપણ કાળચક્રે એ વોરામ્યો. ૪૩

નમો કાળ નમો પરિસ્થીતીતે, નમો ઘટપળ યુગ તેને;
નમો નમો થાઓ શીવરૂપા, અનુકૂળ થાઓ અનુકંપા. ૪૪

જીવ ઉપર શીવ કાળ કહાવે, મૃત્યુરૂપ લૈ સ્હેજ ઉડાવે;
મૃત્યુંજય છે નામ તમારૂં, આપ વિના બધું વિશ્વ જનારૂં. ૪૫

---

* સમષ્ટિ પોતાનું જે સ્વરૂપ છે તેને દુઃખી કરી વ્યષ્ટિ કેવી રીતે સુખી થશે.

સ્થીતીબળ ઉદ્ભવ ચક્ર આપનું, અમાપરૂપ અરૂપ આપનું;
કાળબ્રહ્મ, બ્રહ્મા શીવ વિષ્ણું, અચર અને ચર સ્થુલ સૂક્ષ્મનું. ૪૬
નિર્ગુણ આપ સગુણ પણ આપે, પાપ પુણ્ય ફળ જે છે આપે;
એવા કાળને નમું નમું હું, અલ્પ ઈંદીરા કરૂં કરૂં શું. ૪૭

---

## ચોપાઇ.

અગ્ની શ્રુતી ધેન પવનને પાણી, શુદ્ધી કરે હીત સંત સમાણી;
માતપીતા ગુરૂદેવ સહાએ, પરહીત વચ કર્મ સ્વભાવે. ૧
સુહૃદભાવ સુર તરૂ સમસજન, સહીઆ તપદે છાંય ફળ રક્ષણ;
ગણે ન વર્ષ પવન તુફાનો, હીતકર સંત હીમગીરી દૃઢ માનો ૨
સહજ સરળ સત્ય હીતકર વાણી, સ્મીત વદન મૃદુસુમન સમાણી;
મલય વૃક્ષ જયમ કાપે કુઠારે, ત્યમ ત્યમ કીર્તિ સુગંધ પ્રસારે. ૩
ચઢે જઈ શીર શીવને શોભે કપટ રહીત જન સંત પ્રબોધે;
બુઠી અને ધાર કપટી કુઠારે, શીરપર ઘાણ પડે ને તપાવે. ૪

---

## ધ્રુપદ.

અહા અજબ લીલા અદ્ભુત દીસે,
વિશ્વ વિલાસી પ્રેમે પિતુ વિલસે.

## દોહરા.

વિના મૂલ્ય કંઈ ના મળે એ છે અહીં વ્હેવાર,
પરમારથ છે ખરીદવો દશા આપી વ્યવહાર. ૧
ત્યાગ અને વૈરાગ્યથી વરો શાંતિ સહાય,
પ્રબોધ રૂપ થૈ રામશ્રી પ્રીતી ભકતી કન્યાય. ૨
જ્ઞાન વિવેકે રઘુપતી વરે કીર્તી એ ન્યાય,
ભરત સમી ભકતો ભરો પ્રીતી પૂર્ણ ઉભરાય. ૩
ત્યાગી વીર રણધીરશ્રી સ્મીત વદન શ્રીરામ,
સગુણાકૃતિ અવતરી સદા સાત્વીકી સંપતિ આમ. ૪

બ્રહ્મચર્ય વ્રત તપ વડે લક્ષ્મણ જીવ થયો જા,
રામ અનુજ સદ્‌બોધને શાંતિ સેવી સુખદા. ૫
ભિક્ષુણુ અંતર જગવીલા મનુજ દેહને ધારી,
પ્રજ્ઞાનાનંદ લક્ષ્યશર સાંધો પરહિતકારી. ૬
મહા મોહમાં વને મારો મન વ્યભિચારે,
ષડ્ રિપુ રાક્ષસ રોળતાં સંસૃતી બંધન પાર. ૭
ઈંદ્રો ગણુ જીતવો થઇ ઈંદ્રજીત વીર નામ,
સદ્‌બુદ્ધી સુલોચના સત્ય સતી વિશ્રામે. ૮
સત્વથકી શાંતિ મળે પ્રબોધને પ્રજ્ઞાન,
દેવી સંપતમાં શ્રદ્ધા પ્રીતી ભકતીમાં રામ. ૯
જેવું થાએ જ્ઞાન તે તે પર પ્રીતી હોય,
જે પર પ્રીતી તેજ તે ઇચ્છા ફરી જન જોય. ૧૦
ફરે ક્રીયા પ્રવૃત થૈ સાધનથી સંપન્ન,
બને કરે છે કર્મ જીવ ઉર ધરી ઉમંગ. ૧૧
દેશકાલને દ્રવ્યને કાર્ય કારણે ભાવ,
પ્રભુ ઇચ્છા આધીન ફળ સૃષ્ટ નિયમ જણાય. ૧૨
ચાર ફળો ચો માર્ગમાં પીતૃ મનુજ યમદેવ.
સગુણોપાસક કામિઓ પાપ પૂણ્ય ફળ લેવ. ૧૩
નિષ્કામિ સમષ્ટીમાં અજાત જ્ઞાને જાય,
જન્મ મરણુ વ્યષ્ટી તજી દ્વૈતભાવ મટી જાય. ૧૪
દેવ થઈ શકતી મહા મોટાં આયુર્દાય,
ખંડ પરીમીત જ્ઞાનરૂપ થાએ કામ અકામે. ૧૫
નિર્ગુણુત સુખમોક્ષ છે અવિનાશી અખંડ,
અપરીમીત અદ્વય સદા સમાન સૂર્ય પ્રચંડ. ૧૬
ક્રમ ક્રમે ચઢ પગથીયાં હૃદયમાંય ધર ધીર,
અનુપમ ભક્તો જ્ઞાનથી શાંત સ્વરૂપ ગંભીર. ૧૭
ઇંદ્રિરા આનંદ રૂપ ભાસે ત્રિકુટીની પાસ,
પકૃતી વિકૃતી સાંજનાં વાદળ રંગ આકાશ. ૧૮

## લાવણી.

ડર માં તું દીલ માંય, એ ઢાળ.

રાખ્યું જે સૈ કાગઠ નિશાન,
આજ જયરામ થયો જયરામ    ટેક. ૧

કુદે સ્વચ્છંદે હરણાં આમ,
ચરે તૃણ વ્યાઘ્ર તણું ગયું ભાન.    રાખ્યું૦ ૨

આવી સાક્ષાત છોડી ગઇ બંધ,
હવે સ્વતંત્ર સત્ય સુખ કંદ.    રાખ્યું૦ ૩

કરે નિર્ભય થઇ ધર્મ ને ન્યાય;
ગયો કલિ આવ્યો સત્‌યુગ આંય,    રાખ્યું૦ ૪

કુદે છે હરખે કાલા ઢોર;
છુટતાં ઘેર ધાવવા જયમ.    રાખ્યું૦ ૫

ઉડયાં પીંજરથી મેના શુક;
લખે કવિ નિરઅંકુશ લૈ છુટ.    રાખ્યું૦ ૬

ગજાવે ગગને કોકીલ ગળી;
નથી ભય જાળ પારધી નામ.    રાખ્યું૦ ૭

તુટી ગે ઝુંસરી ચેને બંગ;
ચરે ગૌચરણો ગો નીઃશંક.    રાખ્યું૦ ૮

ગરધડાં બકરાં ગાંડર ભેંસ;
સુરક્ષીત ગયા છરા છુપી ન્હેસ.    રાખ્યું૦ ૯

દુખી નહી કોઇ ધર્મનું રાજ્ય;
પરોપકૃતિ દાન હુત આજ્ય.    રાખ્યું૦ ૧૦

સુતા સુત વધુ વેર હઠ પ્રેમ;
મિત્રને સગાં ચાકર પય તેમ.    રાખ્યું૦ ૧૧

તિજોરી તાળાંના વેપાર;
વહી ગઇ ધાસ્તી ખુલ્લાં દ્વાર.    રાખ્યું૦ ૧૨

સર્વેની ન્યાય પરાયણું બુધ;
નીજ રૂપ ગણે પ્રાણી સહુ શુધ.    રાખ્યું૦ ૧૩

નિર્મળો સંપ ભાતનો ભાવ;
દબાયો દંભ પ્રપંચી દાવ. રોપ્યું૦ ૧૪
કીડીના દરમાં પણુ દે લોટ,
નહીં વેપાર વણુજમાં ખોટ. રોપ્યું૦ ૧૫
કંપની સટ્ટાઓ ને ટ્રસ્ટ;
લીમીટ ને દેવાળાંઓ ભ્રષ્ટ. રોપ્યું૦ ૧૬
સ્ટાંપ ફી વિના વકીલ છે ન્યાય;
મળે દ્રવ્ય થકી ન દબાય. રોપ્યું૦ ૧૭
ભાગતાં વિદ્યાર્થીની પાસ;
દામ લજવાય નીચ પણુ દાસ. રોપ્યું૦ ૧૮
છાકટા વ્યભિચારી કરી દૂર;
સ્તવન ને ચાલ વર્તને પૂર. રોપ્યું૦ ૧૯
સોંપતા તેને તો અધિકાર;
નહીં જે દ્રવ્ય લાલચુ નાર. રોપ્યું૦ ૨૦
ખાય છે નીજ રળેલું પ્રજા;
છીનવી લે નહીં કરીને કજા. રોપ્યું૦ ૨૧
નહી કર શાસ્ત્ર થકી વિશેષ;
પડે ને વરસે માગ્યા મેહ. રોપ્યું૦ ૨૨
મુનીવર મન વાંછીત ફળ હેજ;
સર્વના સત સંકલ્પ ફળેજ. રોપ્યું૦ ૨૩
જણાય ન ચોર ચાડીયા દર્પ;
હણાયા દૈત્યો કાળા સર્પ. રોપ્યું૦ ૨૪
પડયું રહે રસ્તામાં સુવર્ણ;
જુવે પણુ ઉપાડે ન કો પર્ણ. રોપ્યું૦ ૨૫
જ્યાંહાં ત્યાં પ્રીતિ આનંદે સંપ,
વેઠ ગઈ સુતા સુખે લૈ જંપ. રોપ્યું૦ ૨૬
ઈંદીરા રાજ્ય મુકુટ શાંતી શીર;
જ્યાંહાં ત્યાં ઊદાર દીલના વીર. રોપ્યું૦ ૨૭

---

જગતમાં સત્તાવાળા અને મજુર-ખેડુત ઇત્યાદિ કામ કરનારા ગરીબોની વચ્ચે સદાનો ઝગડો ચાલી રહ્યો છેજ. અમીર ઉમરાવો મુંડીવાળા વેપારીઓ. અને સૈનીકોની શસ્ત્ર અસ્ત્ર સામગ્રી વીગેરેના જોર ઉપર રાજાઓ નિર્ધનોને સતાવા લાગ્યા અને દિવસે દિવસે તેના ઉપર સ્ક્રુ દબાવતા જાય છે. એવું અનુભવીઓની દૃષ્ટોત્પતિએ આવે છે.

રાજાઓ અને ધનિકો જયાં ત્યાં જમીન દબાવી પાડે છે. તેથી સત્તાધિશ અને સત્તા રહિત વચ્ચે સતત ઝગડો ચાલ્યોજ આવે છે. અને તે ઝગડાના પરિણામે મોટી લડાઇઓ થયા કરે છે. એમ જગતના ઇતિહાસ ઉપરથી જણાય છે એવી કેટલા-એકની માન્યતા છે.

અનાથ બાલકોને તથા યુવકોને અસલના ઋષિ મુનિઓ કેળવણી આપતા હતા અને તેની પાસે એક કોડી પણ લેતા નહિ. રાજાઓ અને જનસમુદાય કેળવણીનો સર્વ ખર્ચ પોતે આપતા હતા.

રાજ્ય સત્તા અને રાજ બંધારણ ગમે તે પ્રકારનું હો, તો પણ સાર્વજનિક રૈયતનું સંરક્ષણ કરવાનું કામ થોડાજ બુધ્ધિમાન અને વીર પુરૂષોના હાથમાં રહેવાનુંજ.

પાશ્ચિમાત્ય નીતિ એવી છે કે બોલવું કંઇ, કરવું કાંઇ, દેખાડવું કાંઇ, આપવું કાંઇ એવી તરેહની પ્રપંચ ભરેલી નીતિને રાજ્યનીતિ અને ન્યાય કહેવામાં આવે છે. પીસ પીસ અને પ્રાધરહુડના ઉદગારો કાઢીને ડ્રેડનોટો બાંધવી અને લસ્કર વધારવું અને સર્વ યુધ્ધની તૈયારી કરવી એવું કેટલાકનું માનવું છે. તેમજ કરોડો રૂા.ની હુંડી કાઢી પાછળથી હાથ ઉંચા કરવા અને શંખ ફુંકવો એ રીત વખોડી કાઢવા જેવી છે. દ્રષ્ટાંત તરીકે રશિયા નાઝારે અંગ્રેજો પાસેથી નાણાં લીધાં અને બોલશેવીક લોકોએ રાજ્યનું દેવું આપવાની ના પાડી એ કાંઈ ન્યાય કહેવાય નહિ.

એ બાબતમાં એક ગીત અમારો મિત્ર ગાતો હતો તેમાંની કેટલીએક લીટી અમોને યાદ છે. તે અમે નીચે દર્શાવીએ છીએ.

એક ગરીબ સટોરીયાએ રશિયાના રાજાના બોન્ડ (રૂબલ) લીધાં અને લખપતિ થયો આખરે જ્યારે હુંડીના નાણા આપવાની ના પાડી ત્યારે પોક મૂકીને માથું કૂટવા માંડયું અને બાલ પીંખવા માંડયા અને ગાવા લાગ્યો કેઃ-

તમે ઉડો ઉડોરે મારાં પુર પુરીયાં—ટેક.

તમે જાણ્યાં હતાં મેં ગદબદીયાં,  
ગયાં ભાવ બેસી થયાં લદબદીયાં. તમે-૦

લીધાં હતા અમે તો રસ ભરીયાં,  
હવે બળો અગ્નિમાં થઇ રાખડીયાં. તમે-૦

માર્યું રાજકુટુંબ મુડદાં પડીયાં,  
નહિ નામ નીશાન તેના જડીયાં. તમે-૦

ઓ મારાં વ્હાલા નોટડીયાંરે...હવે હું શું કરૂં. હું તો નિરાધાર થઇ ગયો રે.. .મારી સઘળી થાપણ લુંટાઈ ગઈરે....મારે કંજુસનું કાળજું ખોવાઇ ગયુરે. મારૂં લોભીયાનું લોહી ઢોળાઈ ગયુંરે કહી ખુબ રડે છે.

(૨)

જેમ કોઈપણ માણસનું મુખ અથવા ચહેરો આખા જગતમાં જડશે નહિ. કાંઈને કાંઈપણ ચહેરામાં ફેર પડશેજ. તેમ દરેકના મન પણ એક સરખા કેળવાયલાં નથી. સર્વ કોઈના ભિન્ન ભિન્ન સંસ્કારો છે અને તેથી તેઓ ભિન્ન ભિન્ન વિચાર અને કર્મ કરે છે. એટલા માટે કમ્યુનીષ્ટ જેવા અથવા સુધારકો જેવા જે કાંઈ સર્વ મનુષ્યોને એક જ લાકડીએ હાંકવાનો ઉદ્દેશ કરે છે તે પાણી વલોવ્યા જેવું દીસે છે. તેમાંથી માખણ કદી નીકળવાનું નથી. સઉને એક સરખી પાયરીના ગણવા એ સૃષ્ટિક્રમ વિરૂદ્ધ છે.

સામાન્ય અને વિશેષ એવા ભેદો જગતમાં જણાય છે. એક ઝાડના જેવા ડાળા પાખડાં પાંદડા જેવાં છે તેવું બીજુ તેવાજ ડાળા પાંખડાવાળું એક પણ ઝાડ ત્રિભુવનમાં મળી શકશે નહિ. એટલું નહિ પણ જે તે લીમડો તેજ તે લીમડો બીજો લીમડો તેના જેવો મળશે નહિ. એ વ્યકિત વિશેષ ધર્મ છે લીમડાની કડવાશ એ સામાન્ય ધર્મ છે માટે સર્વ લીમડામાં કડવાશ એક સરખી જણાય છે. એવો સામાન્ય અને વિશેષનો ભેદ છે માટે સામાન્ય બાબતમાં પ્રાધરહુડ અમલમાં આવશે પણ વ્યકિત વિશેષમાં સરખાપણું કદાપિ થઈ શકશે નહિ. એવું ઘણા લોકોનું માનવું છે નૈસર્ગિક વૈર મટી જાય એવો કોઈ માર્ગ નથી. સર્પને નોળીયો વાઘ અને બકરી ઝીતનાર અને ઝીતાયલા એનો પ્રેમ એક થઈ મિત્રાચારી થાય એ વાત અસંભવ જેવી અને સૃષ્ટિક્રમ વિરૂદ્ધ જણાય છે.

કમ્યુનીષ્ટ પક્ષમા કેળવણી સંબંધી યોજના તેમજ ચંડઈ રહેલી પ્રજાને પર ચક્રમાંથી છોડાવવાનો ઉદ્દેશ હોય તો તે સ્તુત્ય ગણવામાં આવે છે. જે છોકરાં કેળવણીનું મહત્વ જાણતાં નથી. અને પઈ પણ કમાતાં નથી. તેની પાસેથી નાણાં ઉઘરાવવા એ કેવું હાસ્ય સ્પદ છે ! ! ! હા, તેના બાપના ઉપર આ કેળવણીનો કર છોકરાંનું નામ દઈને નાંખવામાં આવે છે.

ખરી કેળવણી જે કહેવાય છે તે આપવ માં આવતી નથી એવું ઘણાનું માનવું છે. જીતાયલી પ્રજાને જે વસ્તુના જ્ઞાનની જરૂર છે તેને બદલી બીજું ભળતુ જ જ્ઞાન અપાય છે સવ રીતે પરતંત્ર બનાવી બીકણ અને બાયલા કરી નાખવાનું ધીમું પણ હળાહલ વિષપાન બાળકો કરી રહ્યા છે. અને તેન યુદ્ધ સામગ્રીથી વ્યુહ રચનાથી અને સામગ્રીઓ બતાવવાનું વ્હાણુ બાંધવાનું, સ્વતંત્રતા મેળવવાનું, અને તેને કાયમ રાખવાનું તેમજ સ્વતંત્રતા મેળવવા અર્થે જે જે વીર પુરૂષોએ લોહી રેડી સ્વતંત્રતા મેળવી છે તેના વીરત્વના ઇતિહાસો શીખવવામાં આવતા નથી. તેમજ સ્વતંત્રતા એટલે મોક્ષ મળે એવો વૈદિક ધર્મ પણ શીખવવાની એકે નીશાળ

નથી. પંચપિતર, પંચદેવ, પંચ મહાયજ્ઞ, પંચ મહાભુત, ઇશ્વર, ઇત્યાદિના શુધ્ધ અંતઃકરણ થવાના માર્ગોનું અજ્ઞાનજ રહે છે. કદાચ એવો પણ વખત આવે કે દુખ્ખીનાં વખતમાં પરદેશી વેપારીઓ વેપારને મીસે આવી જેવી રીતે લડાઈઓ લઢતા દેશ ધન અને વ્યાપાર પચાવી પાડતા તેવો વખત આવે તો શું હિદુસ્તાનની પ્રજાએ આત્મ રક્ષણના સાધનો અને જ્ઞાન ન હોવાથી મહમદ ગીઝની જેવા લુંટારાઓની ધાડ પર ધાડ આવી લુંટી જાય અને રક્ષક સરદાર બીજા રાજ્યો સાથે લડાઇમાં ગુંથાઇ જાય તો હિંદી પ્રજાએ શું મુંગે મ્હોડે માર ખાઇ લુંટાયા કરવું કે વાવેલા ખેતરના કણુસાં પરદેશી ગોધાઓ ચરી જાય તો તેને હાંકી કાઢવાને બદલે કપાળ ઉપર હાથ દઈ કણુસા ખાવા દેવા કે ? ડાંગ લઈ તેને ખેતરમાંથી કાઢી મુકવા. રાજ્ય કર્તા રાજાને રૈયતે મદદ કરવી નહિ કે ? એવા પ્રશ્નો ઘણાં લોકો ઉઠાવે છે. દેવાળાનો કાયદો હથીયાર બંધીનો કાયદો ઇત્યાદિ કાયદાઓ રૈયતની સમતિથી રચાયા હોય એમ લાગતું નથી પણ પરદેશીઓના તરફથી ઉભા કરાયા છે એમ ઘણાકોનું માનવું છે.

આવા કાયદાઓને જ્યાં સુધી રૈયત માન આપે છે અને રાજાને રક્ષણ કર્તા તરીકે માને છે ત્યાં સુધી એ કાયદાઓ અમલમાં છે. પણ જે દિવસે કાયદાઓને માન નહિ આપતા રક્ષણ કર્તાને લુંટારાઓ સમાન ગણશે અને એકાદ રાજ્ય તેમને હથીયાર પુરા પાડશે તો એ કાયદાનો અમલ ક્યાં રહેશે. ઇત્યાદિ પ્રશ્નો પણ લોકો ઉઠાવે છે. હાલમાં તો શાંતિ અને સમૃદ્ધિમાં લોકો પ્રગતિ કરે છે અને મહારાણીના ઢંઢેરા જેવા મેગ્નાચાર્ટના આશ્વાસનથી માન આપી રક્ષણ કરે છે ત્યાં સુધી શાંતિ છે. એવું ઘણાનું કહેવું છે.

પાશ્ચિમાત્ય રાજ્યનીતિ એવી છે કે રાજા રાક્ષસનું રૂપ ધારણ કરે ત્યારે રૈયતે તેનું ખુન કરવું એ વાત રશિયન વીગેરેમાં કર્તવ્ય કર્મરૂપે આલેખાય છે પણ આર્યજન સમુદાયને

માન્ય નથી. કેમકે રાજામાં અષ્ટ વસુ વસે છે. અને રાજા તે વિષ્ણુનો એટલે કે વ્યાપક અને રક્ષક પ્રભુનો અંશાવતાર છે. માટે રાજાને મારી નાંખવો એ ઇશ્વરને મારવા બરાબર છે. તેમજ શેતરંજની રમતમાં પણ રાજાને કદી મારી નાંખવામાં આવતો નથી. રાજાંના માર્ગ ઘેરી લેવામાં આવે છે. રાજાને મારી નાખવો એ મહાપાપ ગણાય છે. જુઓ શ્રીમદ્ ભાગવત પ્રથમ સ્કંધમાં બ્રાહ્મણના છોકરાએ પરિક્ષીતને શાપ દીધો હતો. તે સમયે અરાજકતા પ્રાપ્ત થવાથી કેવો કેર વર્તે છે તે દર્શાવ્યું છે માટે રાજાને મારવો એ આર્ય લોકોના મતથી વિરૂધ્ધ છે તેથી રશિયન રાજ્યગીતના મતને આર્યો સ્વીકારે તેમ નથી.

## પદ.

### તુળસીદાસની ચોપાઇનો રાહ.

પ્રત્યક્ષ પાવક રવી દીપતો તે, ઘુવડ સભા થકી તે ન જણાયે,
તેમ પ્રભુ પ્રતિ હૃદયે પ્રતીત, અનુભવે તો પણ નાસ્તીક ચિત્ત.
ભાવરૂપે રહ્યો નાસ્તિક છે તે, અભાવ લેખે છે નીજ રૂપ જેને,
સ્વ મુખથી વદતો બહુ વાદ, હું નથી માને એ કહો કેવી વાત.
શબ્દવદે પણ વદતો વ્યાઘાત, જીભ જીવ નથી તો કરે કેમ વાત,
હાથે પકડી કોઇ જીભ બતાવે, ઉંઉં કરે હઠ છોડે ન કદાએ.
પ્રજ્ઞાનથી વ્યવહાર સમસ્ત, કરે તથાપી ત્યાં સ્વ ભ્રમ ગ્રસ્ત,
જ્ઞાન નથી એમ કરે છે વીતંડા માને ન જ્યાં સુધી પડે નહિ દંડા.
ઉત્સાહ વીરને દે સત્કર્મ કર્મે, શંકા લજ્જા ભય જે દે અધર્મે,
નિડર નિશંક બનાવી સ્વધર્મે, પ્રેરે બુધ્ધિ બળ સાક્ષી એ મર્મે.
પ્રસન્ન પરોપકૃતિથી બનાવે, સુખ સ્વતંત્ર સદ્કીર્તી ગજાવે,
તે સર્વાંતરયામી સહુમાં, ઉભો રહી કહે હા અને નાના.
વિધિ નીષેધ જે સત્યને પ્રેરે, તે ઘટ ઘટમાંય દીલને દહેરે,
મંગલરૂપ અરૂપ અખંડ, આ દિવ્ય જ્યેતિ હૃદયે છે અખંડ,
જાગ્રત સ્વપ્નમાં આકૃતિ દાખે, સુષુપ્તિમાં વિશ્રાંતી જે આપે,
પ્રાણાપાનની ધમણ ચલાવે હૃદય કમાનમાં જોરજે લાવે.

ધબક ધબક કરી રકત દોડાવે, જઠરાનળ પ્રીતે અન્ન પચાવે,
કાર્ય વ્યષ્ટિમા સમષ્ટિ રૂપે, કારણ તો જે છે કારણ અરૂપે.
અષ્ટ દ્રષ્ટાંતે ઉદ્દાલક કહે છે, તે તું છે છાંદોગ્ય વિષે જે,
મધુ નદી વૃક્ષ વટ બીજ લવણ પુરૂષ ગીરધરને મૃત્યુ આસન્ન.

પુરૂષ ચોર એમ અષ્ટ પ્રકારે, ગતી મતી આત્મ સ્વરૂપ વિચારે,
યંત્રશાસ્ત્રી જેને પાવર કહે છે, સૃષ્ટિ વિજ્ઞાની એનર્જી વદે છે.

સાંખ્ય પુરૂષ કહીને ચુપ રહે છે, યોગ પ્રજ્ઞાન ઋતંભર લે છે,
ન્યાય શાસ્ત્રી જેને ન્યાય વદે છે. તત્વ શાસ્ત્રીઓ તત્વ ગણે છે.

મયુરાસની મયુરે ચઢી નાચે, જોઇ વિલાસ કવી મુનીવર રાચે,
નેતી નેતિ કહી નીગમ વિરામે છે તે પ્રબોધરૂપ ઈશ્વર સાથે,

સમજ સમજ મન મયુર દ્રષ્ટાંતે, દોરે બાંધ્યો પગ ઉડવું ન ખાંતે,
પરતંત્ર બંધન પીંજરમાંહે બ્હાર જવા મથે પણ ન ઉડાયે,

ફફડાવી પાંખ ઉડી ઉડી પાછો, પડી પડી રડી રડી થાકયો ને પાકયો.
નાહી સ્વતંત્રતાને સુખ કયમ થાએ, દુઃખ સદા પરતંત્રને થાએ,

કાળ બીડાલ ભમે આસપાસે, ત્રિવિધ તાપ પંચ કલેશથી ત્રાસે.
લહે ન અધર્મ શ્રુતિ શાસ્ત્રનો મર્મ સૃષ્ટિ વિરૂધ્ધ તે પાપનું કર્મ,

સમજ સમજ અલ્પ ઇંદિરાનંદ, તજ વિષાદ ભ્રમ ભવ ભયફંદ,
આધાર આધેય સંબંધ ત્હારો, પિતૃ અંશ અંશી સુત ભાવ છે પ્યારો.

સેંટ્રી ફયુગલ સેંટ્રીપોપલ જે ફોર્સ, તે જીવ શીવ બે છે ઓફ કોર્સ,
મેટર માયા મોલીકયુલ તે માતા, એટમ એનર્જી તે તાત વિખ્યાતા,

વિલસે કવીવર સૃષ્ટિ વિલાસી, ક્રાંતદર્શી સદ્વિદ્યા વિલાસી,
નવ રસ કાવ્ય મધુર સુર ગાતાં, આનંદ મેઘની ઝડી એ ભીંજાતા,

નૃત્ય કરે કલમે ચઢી જયોતિ, આત્મ પ્રકાશ કવી ભારતી સ્હોતી,
પ્રેમ ભકિત પૂર ઉર ઉછળે છે. જીવ શીવ જડ જઇ એકય ભળે છે.

# શ્રી રામચંદ્ર નાટય લહરી.

## વિભીષણનું રામચંદ્રને શરણે જવું.

(આ પુસ્તકના પૃષ્ઠ ૫૬થી ચાલુ)

(હિંદી ચોપાઇ.)

મહામોહ અતી ગર્વે ફુલ્યા જે, દૈત્ય સભાસદ રાવણના તે,
વધ્યા પેટ વરસા મહી જેમ, મેડક મંડળ હરખે તેમ. ૧

છાપરે ચઢચો તેને ગગન બતાવે, દશ શિશને ઊંધી મતિ મન ભાવે,
વાનરને દઇ મદીરાપાન વૃશ્ચિક ડંખ કુદાવે શું માન. ૨

મૃદંગ ઠણુકને લોભે શું તાળે, મેળવતી તાલ તેવો છે ખ્યાલે,
સારંગી મીઠું મીઠું બોલતી ત્યારે મેળવે સુર શું તાર સતારે. ૩

ઊંધી સલાહ આપે કુ મંત્રી તેમ શું રાજ્ય રહે કહો કુશળ કેમ,
પ્રતિકુળ સૃષ્ટિ નીયમ જેમ થાયે, કાળ વિવશ જીવ મૃત્યુ જરાએ. ૪

શુણી તે વિભીષણ મત અકળાએ, ઊચીત સમય જોય સાચી સલાએ,
રહે કુશળ કુળ રાજ્ય ભલાઈ, હીતચિંતક છું આમ સગાઇ. ૫

દેવી પડે કટુ ઔષધી તો એ, તાવ જાએ ને નીરોગી હોયે,
વૈદ ન લેખવે સ્વાદ તે સ્થાને, શાંતિ આવે ગર્વ ત્યાગથી માને. ૬

બોલો વિભીષણ સત્ય હે ભાઇ, દશકંધ કહે નીજ જાણી સગાઇ,
આવ્યો ઉદ્ધત ગોલાંગુલ એક તેણે ઉત્પાત કર્યો અવિવેક. ૭

ઉદ્યાન ઉજડ કરીને ગયો છે, રાક્ષસ દળ અક્ષયને હણ્યો છે,
લંક પ્રજાળી ગયો છેજ નાશી, મૂર્ખ વાનર જંગલનો નિવાસી. ૮

અજ્ઞ શું જાણે રાવણ બલ કીર્તી, વિવશ થયો શત્રુ રામની ભૂર્કી,
વનચર વૈભવ સમરશું જાણે, દૈત્યનું ભક્ષણ આમિષ પ્રમાણે. ૯

કરી પ્રણામ ઉઠી આસન છોડી, મધુર વિવેકવચ વદે કર જોડી,
ભાઇ પ્રતાપી છો શીવ ભક્તિ વાન, ધર્મ નીતિ ન્યાયથી બળવંત. ૧૦

રાજ્ય ટકે કહે વેદને શાસ્ત્ર અનુભવ એજ કહે લોક સહસ્ર,
શ્રી રામને શીવ એક છે જાણો, માનવરૂપ ધર ઇશ પ્રમાણો. ૧૧

સ્થિતિ લય ઉદ્દભવ સગુણ સ્વરૂપે, ત્રીમૂર્તિ મંત્રગુણ ત્રયરૂપે,
ચરણે નમાવી શીશ વારંવારી, શીતળમંદ વચવદે હીતકારી ૧૨

કાળ કર્મફળ દાયક જે છે, સર્વાધાર આધેય સંબધે,
અશાંતી ભાવે ઘટઘટ વ્યાપી, ત્રિગુણ મૂર્તિ જગદેહ પ્રતાપી. ૧૩

શાંતી સ્વરૂપ વિદ્યા જે કહાવી. સીતા સ્વરૂપધરી લક્ષ્મી છે આવી,
દીશે શાંત વિટળાઇ જે ભસ્મે પાવકની ચીનગારી અધર્મે. ૧૪

બાળે ભભૂકીને ગામ બધુંએ, શ્રી રામબાણ કુળ દૈત્ય કુળુંતે,
સચીવ સાચી જે દે ન સલાહે, તે નૃપનું રાજ્ય સડી પડી જાએ. ૧૫

સભ્ય સભાસદ જે ન સભામાં, તે ન સભા પણ ખળદળ નામા,
વૈદ્ય ગુરૂ આપ્ત મંત્રી જે બોલે, રોગી શિષ્ય બાળક નૃપ ભોળે. ૧૬

મનરૂચતું તેને રોગ ન કાઢે, શીખે ન શીષ્યહિત અહિત વરાડે,
પીઠું કલાલ કસાઇનું સ્થાન, જાણે સલાહ નહિ માત્ર દુકાન. ૧૭

વખાણ કરી માલ ખોટું બતાવે, દ્રવ્ય હરણ કરી માલ ખપાવે,
ધર્મ નીતિ ન્યાય મૂકીને બોલે, હીતકર નહિ શુક પંખીની તોલે. ૧૮

દૂતને મોકલી રાજ્યનીતીએ, છાંડી જાઓ ઉદ્ધતાઇ બધીએ,
દઇ સીતા પછી મૈત્રી કરીને, ભજો કરૂણસાગર શ્રી હરીને. ૧૯

રામ રમાપતિ અતી ક્ષમાવંત થાશે પ્રસન્ન મહા જે બળવંત,
ચુપ કહી ઉઠી મૂછ દઇ તાળ, ક્રોધે કુપિત થઇ વ્યાધ વિકાળ. ૨૦

બાળક જાણી ન અપયસ લેઉં, અન્ય બોલે એહવું સદ્ય પ્રાણ લેઉં,
તજી સપકણ ભાઈ તું દેશદ્રોહી, અરી પક્ષ ધરી ભયથી રહ્યો મોહી. ૨૧

કામ ક્રોધભાઇ ષડરીપૂ કહે છે, ફરી નમી નમી વિભષણ શીખદે છે,
પ્રથમ અરી કામ કીર્તી હરે છે, પછીથી તે રાજ્યકુળ ધ્વંસ કરે છે ૨૨

કામ અહી છે ભાઈ તમારો, રામ અહી નથી સુજ્ઞ વિચારો,
જ્યાંહા સુમતિ ત્યાંહાં સુખસપત્તિ, ગર્વકુમતિ ત્યાંહાં વસે અવનતિ. ૨૩

ભેરીનાદે શાસ્ત્રને કહે છે શ્રુતિ, ધર્મ નીતિ ત્યાં છે સકળ વિભૂતી,
પરનારી પરણેલીને હરવી, જે વિરહાનલ પુર સતી ગરવી. ૨૪

તે વિરહાગ્ની હુતાશની હોળી, પ્રગટી ધ્વંસ સમરમાં રોળી,
નાશ કરે લંક દેશ ડુબાવી, સત્ય દીશે મને એજ છે ભાવી. ૨૫

માટે ફરી કહું સ્નેહ વધારી, ભાઈ જ્ઞાની લો જ્ઞાન વિચારી,
શ્રીરામ મનુજ ન દેવ પ્રમાણો, કરૂણાનિધિ ક્ષમાવંત છે જાણો. ૨૬

આપી સીતા નમો ગર્વ તજીને, શ્રીરામ શીવ સમાન ગણીને,
કોપે સદાશીવ પર ત્રોયા હરતાં, પ્રતિકૂળ થઇ સૃષ્ટિ નીયમ બ્હેકતા. ૨૭

મરણાવસાને જયમ ઔષધ ત્યાગે, નીજ ગુણ માત્રાને વૈદ્ય છે થાકે,
આવી અવધ પુણ્યફળ તપકેરી, સુણો ન શિખામણ પ્રબોધ કેરી. ૨૮

---

# શ્રી રામચંદ્ર નાટ્યલહરી.

## ૫

## હિંદુસ્તાની ચોપાઇ

કોયલ કાકની પંગત છોડી, તજી સ્મશાન શબ પ્રેત વખોડી,
આમ્રફળે ઝુલી આપુસ ખાવા, તેમ વિભિષણ ભક્તિ પ્રીતિ ચ્હાવા. ૧

જ્ઞાન વૈરાગ્ય સુબુદ્ધિ જયાં હોયે પ્રબોધરૂપ રામ ચરણમાં સ્હોયે,
ષટ સંપતિ ગુણ દૈવી વિરાજે, ચાર પદારથ ત્યાં સુખ સાજે. ૨

પ્રભુ શરણે કહો કોણ ન જાએ, મહા મોહ અભીમાન સીવાયે,
ભવ ભય હર કરૂણા કર નીધી, અજ્ઞાનરૂપ વિવેક પ્રબોધી. ૩

રઘુવીર એક અજ પ્રભુ અવતારી, ધર્મ સ્થાપન કરવા દેહધારી,
જયાં જળ જાય ત્યાં જળજળરૂપે અવની આકાશ કે ઉદધિ અનુપે. ૪

પાત્ર પ્રયોજનનું નથી કામ, ભકતને જોવું શરણ સુખંજ્ઞાન,
લોટો બેડું પીતળ રૂપું હેમ ભકતને તેના નથી કંઇ નેમ. ૫

નવરસમય જળ ગંગવસાળ બરફ મેઘ ઓસ હોય વીશાળ,
તરંગ મટેછેજ જળથી ન અન્યે પ્રયોજન મનને ન માન્યે. ૬

કાવ્ય રસામૃત પી પી ઇંદિરા આનંદ સુખ મધુકર મધ ધીરા,
પાંખડી પુષ્પ તરૂવર કેરી મધ મળ્યા. પછી દેવું વિસારી. ૭

થડ મૂળ પર્ણ તજી દે કુચાને બળદીયા કાજ રાખ ખાવાને,
જ્યાં જ્યાં જ્ઞાન ક્રીયા બળ હોય તેજ ત્યાં પ્રભુ એમ શાસ્ત્ર પ્રબોધે. ૮

અબુધ આકૃતિ જોય અશુદ્ધે વિબુધ સદા જોય અરૂપ પ્રબુદ્ધે,
અભયમોક્ષ દે જ્ઞાન વિસ્તારી વામીકુટીલ ખળ પાપી વીદારી. ૯

પ્રભુપાલક પોષકપિતુપ્યારા નિષ્કામ કર્મ કરે સદુધ્યારા,
ઊંઘમાં અન્ન પચાવી ચલાવે, પ્રાણાપાન ગતિ હૃદય સ્વભાવે. ૧૦

ધબક ધબક કરી રકતનદી વહાએ, વ્યષ્ટિ સમષ્ટિ સ્વરૂપ નિજ માંહ્યે,
શોક રહિત વિશોકા સ્વરૂપી, જ્યોતિષમતિ માર્ગે પણ વહેતી. ૧૧

તે પ્રભુ નિર્ગુણ સગુણ વિહારી ભીડભંજન દુઃખથી લે ઉગારી,
ત્રિગુણાત્મક ત્રય અક્ષર એક, સ્થિતિલય ઉદ્દ્ભવ ઓમ વિવેક. ૧૨

સર્વાધાર સહુ અંતરયામી સર્વશકિત સર્વજ્ઞ અકામી,
અંગાગી ભાવે વિશ્વવિલાસી, કરૂણાકર તમહર તેજ રાશી. ૧૩

નેતા નિયામક જગતનો સ્વામી, અકલસકલમાંહ્ય વસ્યો જે વિરામી,
ભાવરૂપે સ્થીત સચ્ચિદાનંદે જાણે ઇન્દિરા શું મંદ મતિતે. ૧૪

તોપણ ગાય છે છંદ સ્વચ્છંદે નેતી નેતિ કહી વિરમે છે વેદે,
નિત્યાનુભુત અકલ અજ એક બુદ્ધિ પ્રકાશક રવિ જે અનેક. ૧૫

સંકટ સમય વિકટ મન જાણી, દે છે ધીરજ જે પ્રીતિ ઉર આણી,
કરે ન નોકરી પંખી કદાપી, તેને જમાડે છે ફળ બહુ આપી. ૧૬

ખાતાં ખવાય ન સ્હેજ મારી ચાંચ ખાય છે સ્હેજ વિહારી જે રાંક,
ભણે ન વાનર કરીને નિશાળ, તે ખાય ફળ કુદીકુદી આમ્રડાળ. ૧૭

કોકીલ સૂર મધુર ઝુલી ગાએ, આનંદરૂપ અવિનાશીનીં સ્હાએ,
વૈદ મરે છે ને નૃપતિ પીડાએ, ચાલે ન કોઇનો કાંઇ ઉપાયે. ૧૮

ધોરે ખેડુત સુખમાંય નિરોગી ભસ્મ ચોળી જીવે આનંદે યોગી,
કીડીને કણ મણ હાથીને આપે, ભુખ્યા ઉઠે પણ સુએ તૃપ્તિથી રાતે. ૧૯

જન્મ આપ્યું ભોગ જન્મના વાસે, આપી કયા નિયમે કોણ ચ્હાશે,
અન્ન સ્થાન વિહારને કર્મ, કોણ કરાવે છે ચલાવે છે ધર્મ. ૨૦

દીન બંધુ કરૂણાકર સિંધુ, સત્ય સબળ અજરામર ઈન્દુ,
ઠારે ચંદ્રિકા અભય આનંદે, ત્યાંહ્ વિભિષણ નમ્યો જઈ ઉમંગે. ૨૧

---

## ઝુલણા છંદ.

અખીલ સૃષ્ટિ મંહી અસ્તિ ભાતિ અને પ્રિય અદ્વૈત ઓમકાર જે છે,
નિગમ નિયમો રચ્યા નાથ તે છે તું તો આકૃતિમાં રહી કૃતિ કરે તે;
જ્ઞાન પ્રજ્ઞાનને ભાન વિજ્ઞાનને અતુલ સામર્થ્ય તે છેજ ત્હારૂં,
નિમીત્ત કારણરૂપે છે ઉપાદાનમાં મોહમાયાવિ શું હું વિચારૂં.

પ્રકૃતિ ગુણત્રયી વિવિધ રચના રચે જગતના ગોળ ગર્વા ઘુમાવે,
નિયત તે છે પરાધિન જડ જીવ સહુ એક સ્વાધીન તું નાથ કહાવે;
તુંજ આધાર આધેય સંબંધમાં અંશ અંશી પિતા પુત્ર જેવો,
શરીરબ્રહ્માંડના સર્વ વિભાગ તે અંગ અંગી ભલે ભાવ કહેવો.

અલ્પ હું અજ્ઞ હું જીવ હું શીવ તું સર્વશકિત અને સર્વસ્વામી,
અચલસાક્ષી અવસ્થાત્રયીનો સદા નામ શું લેઉં તું છે અનામી;
જાગ્રતે નિસરે, હૃદય પીંજર થકી, વૃત્તિ સગુણ પતંગ દોર બાંધ્યો,
ઉડી ત્રફડે પડે વાસનાથી ભર્યો પંચ ભુત પંચ દેહ પંચ કલેશો.

હૃદયમાં રકતને ફેફસાં શ્વાસથી ધબ ધબાવી ધમણને ચલાવે,
રકત નદી નાડીમાં દોડતી જોરથી અન્ન જળ ઉંઘમાં પણ પચાવે;
જન્મદે મરણને છે જીવાડે તું તો રૂપકુળ ધજાદે ધામ એવો,
કર્મફળના નીમે જન્મતાં વારને ગર્ભમાં પોષણે તે તું કહેવો.

પર્ણફુળ પુલ તરૂ વૃક્ષ વેલી વીશે રસ ભરી શસ્ય આદી ઉગાવે,
વૃષ્ટિ આ તપ અને ચંદ્રીકા ઠારતી જોઇ છે કવીજને ભકિત ભાવે;
જગત મહાયંત્રને કારીગર તેં રચ્યું ચણ્યું નથી એક રોડું નકામું,
શું હું મહીમા તણું કલમ કાવ્યે ભણું માત્ર આનંદ આશ્ચર્ય પામું.

ગાલ પર બેસતો હોય મચ્છર કદી મારવા તેહને કર પ્રસારૂં,
ઉડી તે જાય બચી માહરા હાથથી માત્ર લપડાક હું મારી રહેલું;
વિશ્વ વાડી વિશે વિલસતો વિશ્વપતિ શું ન પ્રેમે ઉમળકો ન આવે,
અજ્ઞ હું બાળ અથડાઉ મતિ મંદને દે હસાવી રમાડી સ્વભાવે.

ગાય છે છંદ શ્રુતિ બોધ દે સર્વને તે પિતું કયાંહ છુપી ગયો છે,
વિકલમૃગ કસ્તુરી શોધવા વનવને ધાય ત્યમ જીવ શિવને ભૂલ્યો છે;
પેટમાં કસ્તુરી નિજ તે ના જુએ બ્હાર છે વાસ વાયુ વિકારે,
ઇન્દિરા અજ્ઞમાં ભૂલી ભટકતો તર્ક વિતર્ક વંટોળ ભારે.

અંતરે દ્રષ્ટિ કર યોગ ઉપનિષદે મૂકી દે શ્વાન પ્રતિબિંબ રૂપે,
આરસા મહી ન કો અન્ય છે એક તું અરૂપ સ્વરૂપ પ્રતિરૂપ રૂપે;
મૃદમયી દ્રષ્ટિથી સર્વ મૃદુ ઘાટને મૃતિકાના રૂપાતંર ગણીને,
ઇદિરાનંદ આનંદ આશ્ચર્યમાં ગરક થઇ રહે પ્રેમે નમીને.

---

## ભરતની ચિતામાં પડવાની તૈયારી.

ભરતચીતાની પ્રદક્ષિણા ફરી હાથ જોડી કહે છે.

### શાર્દુલ વીક્રીડીત.

હોમે જે તુજમાં કાય હવીભૂરૂ! સંસ્કાર પાપો પળે,
તારા સત્યવ્રતે અહોવ્રત પતી, વાંચ્છીત સર્વે ફળે;
કાયાના પરમાણુ ભીન્ન કરી દે, જે આહુતી દૈ બળે,
અગ્ને જાય લઇ તું દીવ્ય દુતયૈ, શ્રીરામ જયાં છે મળે. ૧

શ્રીરામ એમ કહી ચીતાગ્નીમાં ઝંપલાવે છે. એટલામાં અધવચ શ્રીરામ આવે છે એ....એમ બોલી મારુતી પકડી લે છે.

કવિઃ- વિજય કરી રામચંદ્ર, પુષ્પકમાં આ આવે,
પડ ન રામ ભક્ત ભરત, પકડી મારુતિ સુત હાવે.

ભરત મારુતિના હાથપર માથું મૂકી ગાય છે.

## રાગ ભૈરવ તાલ તેતાલો.

પ્રાણુ પ્રયાણુ સમયે શ્રીરામ રામ ઉચ્ચારો,
ક્યાંથી કર્ણપૂટધ્વનિ અમૃત સંજીવની આણ્યો. હો પ્રાણુ૦ ૧

શું આકાશે વાણી ગંભીર,
ગગને સુણાવી શીવ સુજ દયા લાણ્યો. હો પ્રાણુ૦ ૨

કોણુ? રામ ભકત અંજનિ સુત,
હનુમંત વિર પ્રસાદ પ્રસાર્યો. હો પ્રાણુ૦ ૩

મંગલ મંગલ આનંદ આનંદ,
રવિકૂળ રવિ પ્રભાત ઉગાણ્યો. હો પ્રાણુ૦ ૪

ઉપકૃત અધીર ચાતક તૃષાર્તિ,
ઇંદીરા અનુજ રામ કયાં છે બતાવો. હો પ્રાણુ૦ ૫

---

## દાદરો-બીભાસ.

ઝણુણુ ઝણુણુ કાંસ્યનાદ, અવધ પૂર વાસી હો;
શ્રીરામચંદ્ર લક્ષ્મણુ સતી, જાનકીજી આવે હો.

આજ ભરત ભેટ થશે ચાલો વધાવીએ અહો;
દાંડિ પિટીને દર્શાવું વિમાન દીવ્યમાં અહો.

મંગલ મંગલ મંગલ આજ, જય વિજય પામીહો;
દુર્ગ ઉપર વીજય વાવટા, ચઢાવી ટાંગી હો.

સકલ પ્રજા સૈન્ય સાથ, સન્મૂખે જૈ વધાવો હો;
આનંદ આનંદ તોરણુ, કંસાર સાંધીને જમી હો.

દીપ માળ નો સણુગારી, રૂપ કલશ વારી હો;
માનુનીઓ મંગળ ગાઓ, ગીત વાદ્ય સાથ હો.
ધર્મ સ્થાપન ફરી થયો છે, વામીઓ વીહારી હો;
ઈંદિરા આનંદ ઉદધી, ઉલટ દ્વીતીય ચંદ્ર હો.

---

## ખમાચ તેતાલો.

નાવડીઓ સણુગારી ફરે છે, સરયૂ તીરજળ પૂર હસે છે;
હાથણીઓ ઘનઓટ તરે છે, કીલકારો કરી પંખી ઉડે છે.
કોયલડી તો તાને ચઢી છે, કીરકિરાંગના સૂર ભરે છે;
કપોત ખીલી પુદડી ફરે છે, દેવ ગંધર્વાદીક ભમે છે.
ઉડે ગગનમાં વિમાન શીર છે, પંખી વૃક્ષની ડાળ વીજે છે;
મંદ મધુર ચેતન જડમાં વહે છે, મચુર પીછ પસારી ઘુમે છે.
તેમ અંધને ચક્ષુ મળે છે, કે મુડદામાં પ્રાણ હળે છે.
અજા વ્યાઘ્ર પણ સાથે હળે છે, અભય અને આનંદ બધે છે.
પ્રાણ ઓમ પરમાણું પ્રતી છે, અવધ પુરી આનંદ ભરી છે;
ઈંદીરા અલૌકીક શોભા થઇ છે, ગઇ ઇંદિરા ફરી મળે છે.

---

## શાર્દૂલવિક્રિડીત.

તોપોના ગગડાટ હસ્તિ રથને માર્ગો મહીં ભીડ છે,
ઉમંગે ઉલટયા સુપુષ્પ કરલૈ આ બાલ વૃદ્ધ તે;
આનંદે સુખયોગ વૃત્તિ લિન થૈ શ્રી રામ હૃદયે ભરે,
જાણે સરયું તટો ગયાં છલકાઇ રેલે ધસ્યું નિર કે. ૧

ધક્કા ધક્કી મહીં જન ધસે પૃથ્વી થકી શું ઉડે,
અગ્ની બાણુ વિવિધ રંગ ભરીને તારા ઉડયા શું નભે;
ફુટે કોઠી વિવિધ સ્ફોટક તણા ઝાડો હટાયા દીપે,
જ્યોતિ ચંદ્ર ભભુકી રવીને અગ્ની તણી કોડીએ. ૨

શું આકાશ બનાવ્યું ભૂમિમાં, અલ્પજ્ઞ જીવે ખરે,
સ્પર્ધા કીધી પ્રજાપતિ તણી, વિસ્મીત બ્રહ્મા જુવે;
જ્યાં છે સત્ય સ્વરૂપ શ્રી રઘુપતિ, સમૃદ્ધિ સર્વે વસે,
લીલા રામ રમાડવા રચી ખરે, માયા અલૌકીક નીજે. ૩

---

## પ્રભાત.

અહો અહો આ તેજ પૂંજરવિ પ્રાચીદીશમાં ઉષા રમ્ય સાથે,
રામ સીતા સહિત રાજ્યાસને ધર્મરૂપ વિલાસે વિશ્વવાસે;
તાપ પ્રતાપ તેજનો પૂંજ શું મયુખ આ અણુ અણુમાં પ્રકાશે,
કે હિમાદ્રીથકી તાપ પ્રતાપનો સ્ત્રોતમાં પડી નદી વેગ વાસે.

ધર્મમેઘે સુયોગી સશકિતવડે કલેશકલી દુઃખ સઉ ભગાડે,
તારકજ્ઞાનથી રામ કૈવલ્યપદ જીવ જડ મનુજ વાનર વિશાદે;
સર્વ બંધન છુટી મોક્ષગતિ આપવા–તેજ નિધિયન પંચજ્યોતિ,
એક શ્રી રામમાં રામરૂપ થઈ બધા વિશ્વવિલાસને ધર્મ કર્મે,
ઈન્દિરાનંદ આનંદ ચિદ્દ્ઘન એક અનેકમાં સતતવાસે.

---

## ભૈરવ.

શુભ દીન સુખદની વારી
રઘુવીર સીતા સહીત આ રાજ્ય મુગુટ શીર ધારી,
લક્ષ્મણ ભરત શત્રુઘ્ન મારૂતિ પ્રજા મન રંજનકારી.

સીંહાસનસ્થે સીંહ સમા કરી કુંભરાવણને વિદારી,
સકલપ્રજા હરખે હથી ઉછાળે રામચંદ્ર પુનમપુર પ્યારી.

એક વચન એક બાણુ પત્નિ એક સત્વગુણ સંચારી,
રવિકૂળ રવિમધ્યાન તપ્યો દીન ચત્ર ગુરૂ પ્રતાપની બલીહારી

---

# સીતા શયન ગ્રહ.

## (બપોરનો વખત.)

શ્રીરામઃ-(સ્વગત) આજે માહરી ડાબી આંખ કેમ ફરકે છે. ગઈ કાલનો ઉજાગરો હોવાથી નિંદ્રા દેવી મને ખાળી રાખતી હોય એમ લાગે છે માટે (મ્હોટેથી) અરે ! વેત્રવતી પ્રધાનજીને કહેડાવવો કે આજે માહરી પ્રકૃતિ ઠીક નથી. માટે રાજ્યાસનપર હું ત્રણ ઘટીકા મોડો આવીશ. એટલામાં તમે કામ ચલાવજો. અને જરૂરનું હોય તો તે માહરી પાસે અહીં મોકલજો. સીતાને ઉદ્દેશી વૈદેહી આજે હું ત્રણ ઘટીકા રાજ્યાસન પર મોડો જઈશ.

સીતાઃ-ભલે, માહરે તો આજ સુનાનો સુરજ. કાલ રાતે મને ઉંઘ આવી નથી. માટે હું પણ આરામ લેવા ધારતી હતી. પરમેશ્વરેજ પ્રાણનાથને અહીં રાખ્યા. પ્રાણનાથ આમ સદા માહરી પાસેને પાસે રહો તો કહેવું સારૂં. મારૂં દોહદ દુઃખ પણ કમી થાય. બપોરે શયન કરવું એ ધર્મ નથી. પણ પ્રકૃતિ બગાડવી અને ન સુવું એ પણ ધર્મ નથી. માટે માહરે તો આપની આજ્ઞા એ ધર્મ. મહારા ખોળામાં માથું મુકી આ હીંચકા પર વિશ્રાંતી લો.

રામઃ-પ્રીયે, મને કાંઇ દોહદ દુઃખ નથી. ઉજાગરો તો તને વધારે થયો છે. ને વળી તાહરે દોહદ છે. માટે સાધરતો માહરે પુરવી જોઇએ. તું આ અંકમાં વિશ્રાંતી લે.

(સીતા ચુંબન કરી ગળામાં હાથ નાખી સુવે છે ને રામ હીંચે છે.)

સીતાઃ-(સસ્મીત વદને) પ્રાણનાથ આટલું સુવાડીજ દોહદ પુરૂં કરવું છે કે !

રામઃ-પ્રીયે ! નાના તું જે કંઈ કહીશ અને તારા મનમાં જે હશે તે હું કરીશ. આ જગતમાં જે કંઇ કોઈથી થઈ નહીં શકે એવું હશે તે પણ હું તારી પ્રીતીને અર્થે કરીશ. માટે કહે કે તારૂં દોહદ શી રીતે પુરૂં ! !

સીતાઃ-આપ માંહરી પાસે છો એટલે માહરે કાંઇ ઉણું નથી. મને એમ મન થાય છે કે વનના પર્વત, નદીનાં ઝરણાં, મોટાં વૃક્ષોની સમીપ મહર્ષિઓની સેવા અને જ્ઞાનની વાર્તા ફરી સાંભળું અને રૂષી પત્નીઓના એકવાર દર્શન કરૂં. પણ પ્રાણનાથ આ રાજ્ય ખટપટને લીધે હવે આપણાથી જવાય ને તેમનાં દર્શનથી ફરી કૃત કૃતાર્થ થઇએ એ અસંભવ જેવું છે. આપને માથે એવા કર્તવ્યનો બોજો આવી પડયો છે કે રાજ્ય ખટપટથી ઘડી નવરા પડતા જ નથી અને લોકહીત, લોકોની વૃદ્ધિ, રક્ષણ અને શીક્ષણ વર્ણાશ્રમોની વ્યવસ્થા પાલન એમાંજ આપનું ચિત્ત અહેનિશ ચિંતન કર્યા કરે છે.

રામઃ-પ્રિયે ! એતો જેના ભાગ્યમાં હોય તે એવા મહર્ષી-ઓનાં દર્શન કરે. આપણું ભાગ્ય કયાંથી કે, આપણે હવે ફરી તેમની સેવા કરીએ. કોઈ કોઇ વખતે રાજ્યાસન આગળ મહર્ષીઓના શીષ્ય અથવા આદેશ આવે છે, તે જાણે ચાતકજલ બિંદુ માટે ટમટમી રહેલું હોય ને તે પડતાં એકદમ ગળી જાય છે, તેમ હું તે વચન વંદી તેમને પુજું છું.

સીતાઃ-પ્રાણનાથ ! બગાસાંપર બગાસાં આવે છે. પ્રાણનાથના અંકરૂપ સુખ સુધાનિધિમાં નીરાંતથી ડુબી જવા મને નિંદ્રાદેવી આજ્ઞા કરે છે. (સુઇ જાય છે)

ઉંઘમાંથી ઝબકી ઉઠી સીતાઃ-પ્રાણપતી ! કયાં છો ? કોઈ ધાઓરે ધાઓ ! ! ! (મૂર્છામાં પડે છે)

રામઃ-(ઉંઘમાંથી એકદમ ઝબકીને) પ્રીયે ! વૈદેહી ! જાગ આ હું તારી પાસેજ છું. (ખોળામાં લઇ) વહાલી જાગૃત થા, જાગૃત થા, તને કંઇ દુષ્ટ સ્વપ્ન આવ્યું હોય એમ મને લાગે છે. ( ઢંઢોળી ઉઠાડવા મથે છે ) પ્રીયે ! વૈદેહી, વ્હાલી સુકુમારી, પ્રાણપ્રીય, પ્રાણાધાર, ઉઠ જાગ જાગ—

(સીતાને ઢંઢોળે છે પણ ઉઠતી નથી ત્યારે સીતાની આંખના પોપચાં ઉંચા કરી) ઓહો આતો મૂર્છાવસ્થામાં છે. (ખોળામાં લઈ મોં પર ગુલાબજળ છાંટે છે ને પવન નાંખે છે.) પ્રીયે તને આ એકાએક શું થયું ? વ્હાલી જો હું તારી પાસેજ છું.

સીતાઃ-(ટગર ટગર જોઈ રામના મુખનું પાન કરે છે.)

રામઃ-આર્યે, વૈદેહી, કેમ બોલતી નથી. શું થયું, જાગૃત થા. (પવન નાંખે છે.)

સીતાઃ-મને આમજ સુવા દો (કંઠમાં હસ્ત નાખી મુગી રહે છે)

રામઃ-( ચુંબન કરી ) ( સ્વયં ) ગઈ કાલે મને દુષ્ટ સ્વપ્ન આવ્યું હતું તે આ ખરૂં પડયું, વૈદેહીને આ મરણ તુલ્ય દશા પ્રાપ્ત થઇ. (સીતાને સંબોધી મ્હોટેથી) હે ઈંદીરા, જનકનંદીની, વિશ્વંભરા, તનુજા, વૈદેહી તને શું થાય છે ? ગભરામાં હું તારી પાસેજ છું. વ્હાલી તું નહી બોલે તો આ મારૂં પ્રસન્ન મુખડું ઉતરી જશે, મને અત્યંત દુઃખ થશે.

સીતાઃ-(જાગૃત થઈ જોસસાથી) હું છતે આર્યનું મ્હોં શું કરમાય. લો આ જાગૃત થઇ. જુઓ મને કાંઇ થયું નથી. એમ કહી ખોટું સસ્મિત વદન બતલાવે છે.

રામઃ— શાર્દૂલવિક્રિડીત.

કંપે છે તુજ કાય રોમ ઊઠીને છે બ્હાવરી વાણી આ,
ધબકે છે તુજ કાળજું ભય થકી દૃશ્ચીન્હ સર્વેથી આ;
થાએ છે અનુમાન કાંઈ ભયથી શંકા શિલે ગર્ભિણી,
દુઃખે છે તદપી તું જો મથી હસી આનંદ હે ગર્ભિણી.

સીતાઃ— વસંતતિલકા.

છે રામ સુખ જોર એકજ જોર મ્હારૂં,
તેથી હું કંપ ભય દાબિ પ્રીતિ સ્વીકારૂં;
શબ્દે હું સ્વપ્ન વદતાં અતિ કષ્ટ ધારૂં,
થાશે રખે સુખ મનોહર મ્લાન ભ્યારૂં.

વ્હાલા મ્હારૂં સ્વપ્ન મારા મનમાંજ રહેવા દો. એ તો અમસ્તું. સાંભળીને તમારૂં મુખ કરમાય તે મ્હારાથી નહિ ખમાય.

રામઃ—પ્રીયે ! તો મ્હારાથી તારા મનમાં થતી વ્યથા જોઈ અમણું મન ઘોળાયાં કરશે અને ખુલાસો નહિ થવાથી મ્હારૂં મુખ અમણું કરમાશે માટે કહે કે તારા મનનો ખુલાસો થાય અને મારા મનનું સમાધાન થાય.

સીતાઃ-લો ત્યારે કહું છું. તમારાથી કંઈપણ છાનું રાખવું એ હું પાપ સમજું છું. માટેજ નિવેદન કરૂં છું.

વસંતતિલકા.

વન્હી થકી તપ્યું મૃદુ ઉજળું તથાપિ,
ના મેઘ વારી વીણુ શુદ્ધ ઉંચેથી નાખીઃ
ગંગાસમાન મુજ ગોળિ ફુટી હું ઝાંખી,
વીયોગ સ્વપ્ન ભય મુર્છીત રામ પાખી.

રામઃ-વહાલી ઇંદિરે, આ તો સુસ્વપ્ન છે. કાંઈ વિઘ્ન હશે તે આ દ્વારે નિવારણ થતું હશે. સ્વપ્નમાં પણ ભોગ ભોગવવા એ પણ એક જાતનું પ્રારબ્ધ છે. વિયોગના સંસ્કાર તારામાં અતિ દૃઢ થઈ ગયા છે. તેથી સ્વપ્નમાં પણ તને વિયોગ ભયજ દેખાયા કરે છે. આ પ્રકૃતિનું સ્વપ્ન નહીં હોય. પ્રકૃતિમાં વિકૃતિ થવાથી ઘણાં સ્વપ્ન આવે છે ને તે ખોટાં ઠરે છે. જો રામ પાખી એમ તું કહે છે ને આ રામ તો ત્હારી પાસેજ છે. માટે આ સ્વપ્ન સાચું નથી એમ લાગે છે. હું ત્હારી પાસજ છું, ત્હારૂં રક્ષણ કરવાને સમર્થ છું ને પ્રાણાંત સુધી ત્હારૂં રક્ષણ કરીશ. પછી ભય ક્યાંથી આવશે. ગઈ કાલે મને જે સ્વપ્ન આવેલું તે તારા સ્વપ્ન કરતાં વિશેષ ભયંકર હતું અને તે વખતે સુષુમ્ણામાં વૃત્તિનો પ્રવેશ થવાથી વિશ્વદૃષ્ટિ થવાને લીધે અથવા ઋતંભરા પ્રજ્ઞા થવાથી કદાપિ થયું હોય અને તે સત્ય હોય એમ માનતો

હતો અને તે સાંભળી ત્હારૂં મન દુઃખી થશે એમ જાણી છુપાવ્યું. એ ત્હારો મોટો અપરાધ મને ક્ષમા કરજે. ત્હારૂં વદનકમળ ઝાંખું થાય એ બીકથી, તને કહેવાનું વારંવાર મનમાં આવ્યાં છતાં મેં દબાવી રાખ્યું.

સીતાઃ–આર્યે તે મને કહો.

રામઃ–આર્ય પુત્રી સાંભળ.

### વસંતતિલકા.

મ્હારાં પરાક્રમ અને સુખ પ્રેમ છોડી,
ચાલ્યાં મુકી ધરમ એક હું સાથ જોડી;
ડુબી ગઇ અધવચે તરણીય હોડી,
વિસ્મિત થૈ નમિ રહ્યા જન હાથ જોડી.

સીતાઃ–પ્રાણનાથ આથી તો મને બમણો ગભરાટ થાય છે. માટે હવડાં તો મને કકડાવીને ભેટો. વાહલા ! શું ફરી વિયોગ દુઃખ આવશે. માહરૂં હૃદય કંપે છે ને દીલ થરથર ધ્રજે છે. મને કંઈ સૂજતું નથી.

રામઃ–તો પ્રીયે તને મહર્ષિના આશ્રમોની તથા વનના સૌંદર્યની અને પવિત્ર જ્ઞાનની વાત ગમે છે. તો તેથી કરી પરમેશ્વરમાં તહારો પ્રેમ પોરવાઈ તારૂં દુઃખ નિવારણ થશે. માટે આ વિશ્વરૂપ પ્રભુની વિરાટ મૂર્તિનું દર્શન કર પ્રેમમૂર્તિ ઈશ્વરનો પ્રેમ તૃણથી માંડી રવી સુધી વિલસે છે તે જો.

રામઃ–પ્રીયે જો,

### વસંતતિલકા.

શ્વેતાંબરે ક્ષિતિ સુકૌસુદિ ચંદ્ર કાન્તિ,
છુટા છુટા કંઇક તારક ચમકી ક્લાંતિ;
સસ્મીતમંદ રશ્મિ રણ લ્હેર શાંતિ,
પ્રીયા મધુર રજનિ સમ ઉર ભ્રાંતિ.

સીતાઃ— શું પ્રેમના નિધિ તરંગ રસે ભર્યા તે,
ચંદ્રા શું ભેટિ ગુઢ વાત મિશે ઠર્યા તે;
આકાશ અંતર મુકી સુખમાં સુતા છે,
ને અસ્ત પ્રાણમહીં પ્રાણ મળી જતા છે.

પ્રાણનાથ, વળી જુઓ,

નિદ્રા મહી મધુરી પ્રીતમના શું અંકે,
થૈ સ્થીર આસ રહ્યું સ્તુતિ સુખે નિશંકે;
છે મુખ મસ્તક અખાતજ ઓટ રંકે,
ને વાણી ઇંદ્રિ યશ પામી સુખે લયેશું જંપે.

થાકેલી વાણિ મન ઇંદ્રી સ્વપ્રાણ માંહી,
તાજી થઇ નીકળતી ફરી જાગી નહીં; (સ્નાન કરી)
પ્રાણેશ પ્રીતમ થકી જગજોર આંહી,
ઘુમે સુઇ ફરી ઉઠી નિત સર્વ જયાંહી.

માયા જ્યમે સુતી મહા પ્રલયાંત કાળે,
બ્રહ્માંડનો લય કરી પરબ્રહ્મ ડાળે;
થાએ સમર્થ ઉઠતાં ઉત્પત્તિ કાળે,
સ્થીતી કરે રીઝવી નાથ કુટુંબ જાળે.

પ્રાણપતિ આ હીંચોળાપર રહી આર્યપુત્ર જે પ્રમાણે મને આલ્હાદ આપો છો તે પ્રમાણેજ આ અખિલ વિશ્વ આ સમયે આનંદમાં નિમગ્ન થયું છે.

### વસંતતિલકા.

છે અંબરે તજ્યું પીતાંબર નીજ રૂપે,
વિસ્તારી સુતું અવની પરછે અનૂપે;
મીચાઇ છે રવી શશી તણી નેત્ર લ્હેર,
નીશા કરી ઊંઘી ગયા કર શિષ તદ્રુપે.

રામઃ—ખરેખર પ્રિયા એમ છે જો,

## શાર્દૂલવિક્રિડિત.

આવે છે મલયાચળેથી અથડે સૂગંધિ લ્હેરો ભલી,
આનંદે રમતો સમીરણ અહીં સરયુ તરંગે હળી;
કોરેલા વન વેણુઓ ભ્રમરથી તેની કરી વાંસળી,
ગાનારા રસીયા મધુપ રસની સાધર્મ્યં મૈત્રી મળી.

મધ્યરાત્રીનો સમય છે. ઘડીઆળમાં બાર વાગે છે. ચોકીદાર આલબેલ પુકારે છે.

સીતાઃ—વ્હાલા આ સમીરની મંદમંદ લ્હેરોથી પ્રેરાઈને નિંદ્રાદેવી પ્રાણનાથના અંકમાં હડસેલી દેતી હોય એમ મ્હારી આંખમાં લ્હેર ભરે છે.

રામઃ—તો ભલે પ્રિયે આ અંક સહાયને માટે તાહરોજ છે. માટે એક ચૂમિ લઇ નિરાંતથી વિશ્રાંતી લે.

સીતાઃ—પણ પ્રાણનાથ દુષ્ટ દશાનનના છળથી ઠગાયા પછી માહરા અંતઃકરણમાં વિશ્લેષ ભય અત્યંત ભેહાઈ બેઠો છે. માટે આપ ઊંઘ્યા પહેલા માહરે ઉંઘવું નહિ અને આપ ઉઠયા પહેલાં જાગૃત થવું એ ધર્મને ઘણીજ સખતાઇથી વળગી રહું છું. કે દમયંતીની પેઠે મને કલી વિખુટી પાડે નહિ.

## વસંતતિલકા.

ધારે શું રામ નળના સમ છે વિકારો,
આરામ એક વચને શર પત્નિ પ્યારો;
નિઃશંક ઊંઘ રહી અંક સહાય ત્હારો,
શંકા ધરે શીદ ભીરૂ નથી છોડનારો.

સીતા રામના ખોળામાં સુઈ જાય છે. પ્રતિહાર પ્રવેશ કરે છે. પ્રાતઃકાળનો સમય થાય છે.

પ્રતિહારઃ-જય જય મહારાજ. શૃંગર્ષીના આશ્રમથી ઝંભકાસ્ત્ર લઇ તેમના શીષ્ય પધારે છે.

રામઃ-સત્વર પ્રવેશ કરાવ.

શીષ્યઃ-(પ્રવેશ કરીને) શ્રીરઘુવીર તીલકનો સદા વિજયહો.

રામઃ-કોઈ છે કે ? અર્ધ્યપાદ્ય લાવો. (પૂજન કરેછે.) હે ત્રિવર્ણ તારક ભૂદેવ ! આપ તથા મહર્ષિ આશ્રમ સહીત ક્ષેમકુશળ છો ? મનનશીલ મુનીવર્યનો શો આદેશ છે ?

શીષ્યઃ-ગુરૂજીએ આપ સર્વનું ક્ષેમકુશળ પૂછાવી આશીર્વાદ કહ્યા છે અને કેવડાવ્યું છે કે, આર્યા વૈદેહી સગર્ભા છે. 'તેથી તેઓ અત્યંત હર્ષીત થયા છે અને કહ્યું છે કે એને જે કામનાઓ થાય તે પૂરી કરી દોહદ પાળવું અને આ જંભકાસ્ત્ર એની સંતતીને માટે મોકલ્યાં છે.

રામઃ-મહર્ષિની આજ્ઞા પ્રમાણે હું વર્તીશ એ મહાનુભાવોની અનુકંપા રવીકુળ ઉપર પરંપરાથીજ ચાલી આવી છે.

પ્રતીહાર તથા શીષ્ય જાય છે. રામ અસ્ત્ર લેઇ શયનગૃહમાં આવી સીતાને ઉઠાડે છે.

રામઃ-વૈદેહી ? ઉઠો ? પ્રભાત થયું અને મહાનુભાવ શૃંગર્ષીએ આ દૈવી જૃભંકાસ્ત્ર સુમંત્રિત કરીને મોકલ્યા છે. તેનું દર્શન કરો.*

* કોઇએક સુધારકનો અમારા મિત્ર ઉપર કાગળ આવ્યો છે કે, તમારૂં પશુપતાસ્ત્ર અને નારાયણાસ્ત્રની કીંમત શું છે તે લખી । લશો. એના ઉત્તરમાં તેણે લખ્યું કે એ અસ્ત્રો કાંઇ નાસ્તિકોના પૈસાથી ખરીદ થાય તેમ નથી. તેને માટે જે કાંઈ મૂલ્ય આપવું પડે છે તેમાંની એક કોડી પણ તમારા જેવા મશ્કરા પાસે હમે દેખતા નથી. માટે બંદુક કે રીવોલ્વરની માફક તે પૈસાથી ખરીદ કરાય એમ નથી. નારાયણ અને પશુપતિ પૈસાના લોભિયા નથી. કે તે પોતાનો અસ્ત્રો વેચે. એ અસ્ત્રો સત્ય, સાત્વિકભક્તિ, દૃઢ સંકલ્પવાળા વીર ધાર્મિક યોગીને તપ, સત્ય આદિ દૈવી ગુણોથી વ્યાપ્ત હોઇ તેનો દુરુપયોગ તે કરી શકશે નહિ. એવી ખાતરી દેવોને થાય તોજ તેને તે પ્રાપ્ત થઇ શકે છે.

સીતાઃ-પ્રાણુનાથનો ખોળો દુખવા આવ્યો હશે. મને એવી મીઠી ઉંઘ આવી કે ભાન રહ્યું નહીં. પ્રાણુનાથ હવે શયન કરીએ સૂઇ જાવ,

રામઃ-પ્રાણુપ્રીયે, ઉછંગ દુઃખવાથી મેં તને દૂર ખસેડી નથી પણુ પ્રાતઃકાળ થયો અને મહર્ષીનો શિષ્ય આ દીવ્ય અસ્ત્ર લાવ્યો તેથી તને ખોળામાંથી ખસેડી તાહરી ઉંઘમાં ખલેલ ન કરતાં જવૂં પડયું. આર્યે ક્ષમા કરજે.

( સીતાઃ-ટગર ટગર અસ્ત્રભણી જોઈ એકદમ આવેશમાં આવી ઉભી થઈ. )

**વસંતતીલકા.**

છે પ્રેમબીજ થકી શૌર્ય પ્રતાપ સારો,
આ જાંભકાસ્ત્ર સિદ્ધ છે અધિકાર મ્હારો.
શું અશ્વમેધ મનધારી કરે વીચારો,
બાંધ્યા શ્રીરામ સરખા વીર છે હજારો.

શું એક દશાનનને મારી વીરત્વ માનો છો? મને વનમાં રઝળાવી નીર્દય કહું કે કઠોર એવા હજાર દશાનનને હું ચપટીમાં ચોળીશ.

રામઃ-(સ્વગ) આ શી લવારી કરે છે કંઈ સમજાતૂં નથી. વૈદેહીનું આવું વિક્રાળરૂપ કદી જોયું નથી. ઓચીંતી ઉંઘમાંથી ઉઠી તેથી એને વિયોગની ઝંખનાનું સ્વપ્ન આવ્યું હોય અને તેના આવેશમાં હજુએ જણાય છે. (મ્હોટેથી વૈદેહી જાગૃત થાઓ,

---

જીજ્ઞાસુઓની જાણુ માટે અમે નીચે મુજબ શસ્ત્ર અસ્ત્રની ટીપ અમારા જાણુમાં છે તેટલાની આપીએ છીએ.

વાલ્મિકી રામાયણુમાં જ્યાં વિશ્વામિત્રે શ્રીરામચંદ્રજીને યજ્ઞમાં રક્ષણાર્થે તેડી ગયા અને જ્યાં આગળ શસ્ત્રાસ્ત્રનો ઉપદેશ કર્યો છે તે વધુ જાણુવા માટે જોઇ લેવું. અથવા તો અગ્નિપુરાણુમાં શસ્ત્ર વિષયક છે તે જોઇ લેવું.

અમે તો ફક્ત તેની ટીપ આપીએ છીએ.

તમે વનમાં નથી. વીયોગ નથી. આ રામ તમારી પાસેંજ ઉભો છે. દશાનન તો ક્યારનો સ્વર્ગે ગયો.

સીતાઃ—આણુંપતી શું સવાર થયું. આજે બરાબર ઉંઘ નહીં આવવાથી પ્રથમ ઉઠવાનો માહરો નિયમ ભંગ થયો તેથી હું આર્યપુત્રની ક્ષમા માંગું છું.

---

પ્રત્યેક વિદ્યાનાં રહસ્ય-સાચા તે તે વિદ્યાનાજ્ઞાતા અનુભવી ગુરૂઓજ અન્યમાં તે પ્રકાશ અર્પે છે. જેમકે શ્રીરામ અને વિશ્વામિત્રે દિવ્ય અસ્ત્રો અર્પેલાં-તે કેવા રીતે. અને શ્રીરામની યોગ્યતા વિશ્વામિત્રને જણાયાથી તુરત તે આ રીત અર્પણ કર્યાં વિશ્વામિત્ર રામના સંગવડે બહુજ પ્રસન્ન થયા ત્યારે કહે કે—હે ! રાજપુત્ર મહા યશસ્વી રામ તારૂં કલ્યાણ થાઓ. અને હું તારા પર આજ અત્યંત પ્રસન્ન થયો છું.

હે વત્સ ! તું હવે મારી ખરેખરી પ્રીતીને તેમજ અસ્ત્રવિદ્યા ગ્રહણ કરવાને પાત્ર થયો છે. તેથી તારા ઉપર ઉત્પન્ન થયેલી તે અત્યંત પ્રિતિને લીધે હું તને આજે સર્વ અસ્ત્રોનો સમૂહ આપીશ. એ અસ્ત્રો એવાં છે કે જેના વડે તું આ પૃથ્વીમાંના તારા ગમે તેવા બળવાન શત્રુનો અને—જો ગાંધર્વ સર્પ-દેવતા અસુરઆદિને બળાત્કારથી વશ કરી—જીતી લઇશ, તે વિદ્યા તને હું શીખવનાર છું. તે મહાપ્રતાપી દિવ્યઅસ્ત્રો છે.

પ્રથમ તેમાં જુદાં જુદાં દિવ્યચક્રો છે.

દંડચક્ર ધર્મચક્ર કાળચક્ર વિષ્ણુચક્ર અને અતિઉગ્ર મહાપ્રભાવવાળું ઇન્દ્રચક્ર પછી બીજાં અસ્ત્રો જેવાં કે—વજ્રાસ્ત્ર શંકરનું શુલવરાસ્ત્ર બ્રહ્મશિરાસ્ત્ર ઐષિકાસ્ત્ર વરૂણાસ્ત્ર તથા સર્વ અસ્ત્રોમાં ઉત્તમ બ્રહ્માસ્ત્ર. પછી મોદકી અને શિખરી નામની બે શ્રેષ્ટ તથા પ્રદીપ્ત ગદાઓરૂપ અસ્ત્રો. વળી શત્રુના પ્રાણ ન લેતાં માત્ર તેને બંધન કરનારાં અસ્ત્રો જેવાં કે—ધર્મપાશ કાળપાશ વરુણપાશ પછી શુષ્ક તથા આર્દ્ર એ બે અસની અસ્ત્રો. એ ઉપરાંત પૈનાકાસ્ત્ર નારાયણાસ્ત્ર આગ્નેયાસ્ત્ર હયશિરાસ્ત્ર ક્રૌંચાસ્ત્ર તથા સર્વ અસ્ત્રોમાં મુખ્ય વાયવ્યાસ્ત્ર બે પ્રકારની શક્તિઓ (સાંગો) તથા અસુરોને ધારણ કરવામાં અતિ ભયંકર કંકાલ મુશલ કાપાલ તથા કિંકણી—નામનાં અસ્ત્રો કે જે દૈત્યોનો વધ કરવામાં અતિ ઉપયોગી છે તે બધા હું તને આપીશ.

રામઃ-આર્યે અલૌકીક આવેશમાં આવી એકાએક તું શું બોલી ગઈ તેનો ભાવાર્થ હું કંઈ સમજ્યો નથી.

સીતાઃ-પ્રાણનાથ, હું કાંઈ જાણતી નથી. કાંઈ આર્ય પુત્રની અમર્યાદા હું પાપીણીથી થઈ હોય તો ક્ષમા કરજો.

---

વળી હે! રાઘવ તે ઉપરાંત જેમાંથી ખડગ ઉત્પન્ન થાય એવું વિદ્યાધરોનું નંદનાસ્ત્ર એવું જે અસિરત્ન હે! મહાબાહો તે હું આપીશ તથા ગંધર્વોને ઘણું પ્રિયકર મોહનાસ્ત્ર ને માનવાસ્ત્ર આપીશ. તે અસ્ત્ર શત્રુપર છોડવાથી તેઓને સહજમાં નિદ્રા પમાડે છે. અને તેઓના ક્રોધને શાંત કરી દે છે તેમની શક્તિને ખેંચી લે છે અને તેઓમાં સંતાપ તથા ખેદનો વધારો કરી મુકે છે વળી હે! રાજ શાર્દુલ! મહા યશસ્વી રાજપુત્ર! બીજું ગાંધર્વોનું માનવાસ્ત્ર કે જે પિચાસોનું તેમજ કામદેવનું અસ્ત્ર છે તે જે શત્રુઓને મોહીત કરી મદ ઉપજાવનારૂં છે તે (વાપરવાની વિદ્યા) તને શીખવાથી વળી તામસાસ્ત્ર મહાબળવાન સૌમનાસ્ત્ર અતિ દુર્ધર્ષસંવર્તાસ્ત્ર મૌસલાસ્ત્ર સત્યાસ્ત્ર માયામયાસ્ત્ર શત્રુના તેજને હરણ કરનારૂં સૂર્યનારાયણનું તેજપ્રભાસ્ત્ર ચંદ્રનું સોમાસ્ત્ર ત્વષ્ટાનું દારૂણાસ્ત્ર તથા મહા ભયંકર તેમજ શત્રુઓમાં માન જય અપાવનારૂં ભગ દેવતાનું શીતેષુ નામનું અસ્ત્ર ઇત્યાદિ ઘણાં જ ઉત્તમ દિવ્ય અસ્ત્રોનો મારે તને ઉપદેશ કરવો છે. માટે હે! રાજપુત્ર હે! મોટી ભુજાવાળા રામ-તમે બંને બાહ્ય આચમન પ્રાણાયામ કરી એકાગ્ર ચિત્તથી સિદ્ધાસન કરીને બેસો અને મારી પાસેથી મેં કહેલાં એ કામરૂપ મહાબળવાન તથા અતિ ઉદાર અસ્ત્રો ગ્રહણ કરો.

એ પ્રમાણે મહા પવિત્ર મુનિ વિશ્વામીત્ર પૂર્વાભિમુખે બેઠા અને અતિ પ્રસન્નતાથી તેમણે રામ તથા લક્ષ્મણને એક પછી એક તે સર્વ અસ્ત્રોને સાધ્ય કરવાના શ્રેષ્ટ મંત્રોનો ઉપદેશ કર્યો કે જે દિવ્ય અસ્ત્રોનો સંગ્રહ મોટા દેવતાઓની પાસે હોવો પણ દુર્લભ છે. મંત્રો આપ્યા પછી તે અસ્ત્રોનું બળ બંને જણને પ્રાપ્ત થવા સારૂં ઋષિ તે મંત્રોનો જપ કરવા લાગ્યા તેના પ્રભાવથી તે સર્વ અલૌકિક અસ્ત્રો મુર્તિમાન થઇ ઋષિની પાસે આવીને ઉભાં એટલે તેણે તેઓને તે બંને રાજપુત્રો પાસે જવાની તથા તેની ઇચ્છા પ્રમાણે વર્તવાની આજ્ઞા કરી એ ઉપરથી તે સર્વ અસ્ત્રોના હર્ષ પામેલા દેવ-તાઓએ રામ પાસે આવી હાથ જોડીને તેને કહ્યું હે! અતિ ઉદાર રામ! આ અસ્ત્રો તારા દાસ છે. માટે તારી આજ્ઞા પ્રમાણે તેઓ તારી સર્વ

રામઃ—વિશ્લેષણીરૂ ? તું આખીરાત વિયોગનું ચિંતન કરી ઉંઘી ગઇ તેથી તને વિયોગનું સ્વપ્ન આવી તેનીજ અસર જાગ્રુતમાં આવી તું એકાએક આવેશમાં આવી લવારી કરતી હતી.

સીતાઃ—પ્રાણપતિ કાંઇ અજાણતાં અમર્યાદા થઇ હોય તો ક્ષમા કરજો. હું રંક છું, દીન છું આપને શરણે છું.

---

ઇચ્છિત સેવા બજાવશે એ સાંભળી રામ અતિ પ્રસન્ન થયા ને તે સર્વ અસ્ત્રોને લઇ પોતાના હાથથી સ્પર્શ કરીને તેમને આજ્ઞા આપી કે—હે ! અસ્ત્રો તમો સર્વ મારા મનને વિશે સ્થિર થાઓ ને હું જ્યારે સ્મરણ કરૂં ત્યારે પ્રત્યક્ષ સ્વરૂપ ધરી મને સહાય થજો.

તુરત તે અસ્ત્રો તેની આજ્ઞાને અનુસરી અદ્રશ્ય થઇ ગયાં એટલે લક્ષ્મણસહ રામ મહા મુનિ વિશ્વામિત્રને નમસ્કાર કરીને ત્યાંથી આગળ ચાલવા માટે તત્પર થયા. તે સર્વ દિવ્ય અસ્ત્રો હાસ્ય વદનવાળા તથા પવિત્ર રામને પ્રાપ્ત થયાં એટલે ઋષિ સહ તેઓ ત્યાંથી આગળ ચાલ્યા. એટલામાં રામે વિશ્વામિત્રને નમ્રતાપૂર્વક કહ્યું કે હે ! મુનીવર મેં આપની પાસેથી એ સર્વ અસ્ત્રો ગ્રહણ કર્યા. ને તે વડે હવે હું મોટા દેવતાઓને પણ અજીત થઇ પડયો. પરંતુ તે સર્વમાંનું કોઇપણ અસ્ત્ર શત્રુ તરફથી મારી ઉપર આવતું હોય તો તેનો સંહાર કેવી રીતે કરવો ! તેમજ મેં યોજેલું તેમાંનું કોઇપણ અસ્ત્ર મારે પાછું વાળવું હોય તો કેમ વાળી લેવુ તે વિદ્યા હું જાણવાને ઇચ્છુ છું. એવું અગમચેતિવાળું રામનું વચન સાંભળી મહાતપસ્વી વિશ્વામિત્ર અત્યંત પ્રસન્ન થયા. તેથી તેણે રામને એ અસ્ત્રો વાળી લેવાની તથા સંહારવાળી વિદ્યાનો ત્યાં ઉપદેશ કરવા ઉપરાંત પોતાની પાસેનાં બીજાં અસ્ત્રો પણ તેમણે આપવાનો નિશ્ચય કર્યો. તેણે કહ્યું ! હે ! વત્સ રામ. તારૂ કલ્યાણ થાઓ. તું હવે મારા શિષ્યપણાને પૂર્ણપાત્ર થયો છે. તેથી મારી પાસેનાં સત્યવ્રત સત્યકિર્તિ ધૃષ્ટ રભસ. પ્રતિસીસ્તર પરાંડમુખ અને અવાંડ-મુખ—લક્ષ્ય, અલક્ષ્ય, દ્રઢનાભ સુનાભ. દશાક્ષ. સંતવકની દશશીસ સતોદર પદ્મનાભ. મહાનાભ. દુન્દુનાભ સ્વનાભ જ્યોતિષશકૂન નોરાસ્ય ને વિમલ—દૈત્યોનો નાશ કરનારાં યોગંધર તથા વિનિદ્ર શુચીબાહુ મહાબાહુ નિષકલિ વિરૂચ સાચિમાલી ધૃતિમાલી વૃત્તિમાન રૂચર વિગ્ય. સૌમનસ-વિધૂત મકર પરવિર રતિ ધન ને ધન્ય. કામરૂપ કામરૂચિ મોહ આવરણ જુંભક સર્પનાથ પંથન વરણઆદિ કૃશાસ્ત્ર પ્રજા પતિની પૂજારૂપ ઇચ્છીતરૂપવાળા દિવ્યઅસ્ત્રો

રામઃ-આર્યે ! આ રામને તું કેવો ગણે છે. જન્મમાં તેં અમર્યાદા કરીજ નથી ને ત્હારાથી થશે પણ નહીં આ ગાંડાઈ શીદ કહાડે છે.

પ્રતિહારઃ-મહારાજ સંધ્યાવંદનનો વખત થવા આવ્યો છે માટે સ્નાન કરવા પધારીએ. (પડદો પડે છે.)

---

પણ તું ગ્રહણ કર. જ્યારે રામે અત્યંત હર્ષ પૂર્વક એ દિવ્ય અસ્ત્રોને ગ્રહણ કર્યાં ત્યારે તેઓમાંના કેટલાંક અંગારા સરખાં તેજસ્વી કેટલાંક ધુમ્રવરણાં કેટલાંક સૂર્ય તથા ચંદ્ર સરખાં કાંતિમાન દેખાતાં મૂર્તિમાન થઇ હાથ જોડીને રામની આગળ આવીને ઉભાં રહ્યાં ને બહુ નમ્રતાથી મધુર વાક્યોવડે તેની સ્તુતિ કરી કહેવા લાગ્યાં.

હે ! નર સાર્દુલ. અમે તારે આધિન છીએ. માટે અમને આજ્ઞા કર કે અમે તમારૂં શું હીત કરીએ. એ સાંભળી રામે આનંદ યુકતવદને તેઓને આજ્ઞા કરી હે ! પ્રતાપી દેવતાઓ (અસ્ત્રો) અત્યારે તમે સૌ તમારી ઇચ્છા હોય ત્યાં પધારો. પણ જ્યારે કાર્ય પડે ત્યારે મારા મનમાં રહી મારી સહાયતા કરજો.

એવી આજ્ઞા થવાથી તે માન્ય કરીને સર્વ અસ્ત્રો રામની પ્રદિક્ષણા કરી સ્તુતિ કરતાં સ્વસ્થાન પ્રત્યે ચાલ્યાં ગયાં.

હવે એ પ્રમાણે વિશ્વામિત્રે ઉપદેશ કરેલાને સર્વ અસ્ત્રોને રામે યથાર્થ રીતે જાણી લીધાં. એટલે ઋષિસહ વર્તમાન તે બંને રાજપુત્રો માર્ગે ચાલતાં થયાં.

આ અસ્ત્રવિદ્યા કેટલો અધિકાર ઉચ્ચ હોય ત્યારે પ્રાપ્ત થાય છે. અને વિદ્યાદાતા શ્રીગુરૂનો કૃપાપ્રસાદ કેવું જ્ઞાનનું દિવ્યવર્ષણ કરે છે તે આથી લક્ષમાં આવે છે.

હવે વિદ્યામાત્રની શિખરરૂપ મહાવિદ્યા કે જેને બ્રહ્મવિદ્યા કહે છે. તે મેળવવા કેટલો ઉચ્ચ અધિકાર મેળવવો જોઇએ. અને તે વિદ્યાના દાતા શ્રીગુરૂનો કેટલો બધો કૃપાપ્રસાદ હોય. તે વિના વિદ્યા શી રીતે ફળવાળી થાય. એ આજના સમયમાં કેવળ ગ્રંથોવડેજ જે વિદ્યાની પ્રાપ્તિની આશા રાખે તે વ્યર્થજ છે.

# શ્રી રામચંદ્ર નાટય લહરી.

અંક | પ્રવેશ

વેત્રવતીઃ—મહારાજ ગુપ્તચર કાંઇ સંદેશો લાવ્યો છે.

રામઃ—તો ભલે હું આવું છું. (ગુપ્તચર કાનમાં કંઇ કહે છે)

રામઃ—(સ્વગત) હા! દુષ્ટ જનસમુહ તમોને આવી નિર્દોષ હરીણીપર કલંક મુકતાં કેમ હીંમત ચાલી. અરે! વૈદેહિને શીર આવું કલંક એ કલંકને હણુવાનો ઉપાય શો? (વિચાર કરી) (મોટેથી) અરે! વેત્રવતી લક્ષ્મણુને બોલાવ અને એક રથ તૈયાર કરાવ. (સ્વગત) હા! વૈદેહી સુકુમારી! ભોળી! મ્હારા પર વિશ્વાસ રાખી સમાધિમાં બેઠેલા મુનીવર્યના અંકમાં નિર્ભાંત રહેલી હરીણીના જેવી આ નિંદ્રાવશ દેવીને હું શું કરવા ધારૂં છું. અરે! એ મને નહીં દેખે ત્યારે શું કહેશે. વનના વ્યાઘ્રોને જોઇ છળી મરશે. હા શીવ? શીવ? ગુરૂ મહારાજ તમારા શીષ્યને આ સંકટમાંથી ઉગારો. હે માતા તમારૂં પુણ્ય આડે આવો. અરે! આ રામના પ્રાણુ જાય છે તે ઊગારો. આવા સંકટમાં મ્હારે કોઇ સાહયક નથી. હા! ભાવી હા! વિધાતા, તમારા લેખ તે કેવા હશે. (લક્ષ્મણુ આવે છે)

લક્ષ્મણુઃ—આજ્ઞા શી છે? જયેષ્ટબંધુ!

રામઃ—આ વૈદેહીને ન જાણે તેમ રથમાં બેસાડી ગાઢ વનમાં મુકી ગુપચુપ ચાલ્યા આવો?

લક્ષ્મણુઃ—(આશ્ચર્ય અને શોકયુકત મુદ્રા કરી) જયેષ્ટબંધુ! આ શું આજ્ઞા કરો છો. વિચાર કરો અને આ લક્ષ્મણુને આવા કામથી ઉગારો. શીવ! શીવ! આ નિર્દોષ ભોળી નિંદ્રામાં તમારાપર વિશ્વાસ રાખી સુતેલી સસલીપર કંઇ દયા લાવો. એવો તે એનો શો અપરાધ છે? હે પિતા? હે માતા? તમારાં પુણ્ય આડે આવો. હે ગુરૂવર્ય આ સંકટની વ્હારે ધાઓ.

રામઃ–ચુપ વધારે ન બોલ એકદમ તેડીજા અને મુકીઆવ ?
(લક્ષ્મણ તેમ કરે છે)　　　　(રામ શયનગૃહમાં એકલા)

રામઃ–(સ્વગત) હા દેવી ! હા સુકુમારી ! તું જાગ્રત થઈ વનમાં છળી મરીશ અને મને પુકારીશ તે વેળા તારી સાહ્ય અને રક્ષણ કરનાર કોણ ? હે જનક નંદિની ! તાહરા પીતા આ વાત જાણશે તો શું કહેશે. અરે ! મને વરી તું ક્ષણભર પણ સુખ પામી નહીં. અરે વિશ્વાસ રાખી સુતેલી નિદ્રાવશ ભોળી સસલી તું માહરા અંકને બદલે ભયાનક વનના કાંકરામાં જાગીશ ને સીંહ નાદથી છળી મરીશ. ત્યારે શું કરીશ. હે મુનીવર્યો ! મને આવું ઘાતકી કામ કરતાં આશ્રમમાંથી આવી કેમ અટકાવતા નથી. હે ગુરૂવર્ય ! હું કોની સલાહ લઉં, હું રંક કોને શરણે જાઉં. મારા પ્રાણ તો ગયા. હે ! પ્રેમની પુતળી તું મને શાપ દેતી દેતી વનમાં પંચત્વ પામીશ. હે વિશ્લેષભીરૂ તૂં માહરો વિયોગ કેમ સહન કરીશ. હા કર્તવ્ય ! હા ક્રુરદૈવ ! હા લોકરંજન ! હા ગુરૂઆજ્ઞા ! હા પ્રેમબંધન ! સાધરને કોઈ આવી રીતે પુરતું હશે. પ્રત્યેક પળે ઉઠતા વિચારો માહરા હૃદયને વિંધી નાંખે છે. આ કષ્ટ માહરાથી નથી સહેવાતું.

### વસંતતિલકા.

ધારે શું રામ નળના સમ છે વિકારો,
આ રામ એક વચને શર પત્નિ ધ્યારો;
નિઃશંક ઊંઘ રહી અંક સહાય ત્હારો,
શંકા ધરે શીદ ભીરૂ નથી છોડનારો.

અરે તે આ શ્લોક સંભારી શું કહેશે.

### વસંતતિલકા.

મ્હોટા મુની મનનશીલ મુઝાય દેવો,
છે ભારતી લખી લખી કહી થાકી તેવો;

નેક્ષુર ધાર પર ચાલ સમાન હેવો,
'કર્તવ્ય' 'ધર્મ' સન્માર્ગ કઠીણ એવો.

અરે કર્તવ્ય, ધર્મમાર્ગ, સન્માર્ગ ગુરૂએ છેલ્લો આદેશ મોકલેલો. અરે ! હરિશ્ચંદ્રે સત્યને અર્થે પ્રીયાપુત્રનો વિક્રય કર્યો. પીતાની આજ્ઞારૂપ ધર્મને અર્થે પરશુરામે માતૃવધ કર્યો, અને આ દુષ્ટ દશરથી રામે પ્રજારંજનાર્થં તો વિશ્વાસ રાખી ઊંઘતી પ્રેમદાનો વિશ્વાસઘાત કરી કુલ ધ્વંશ કર્યો એમ કહેવાશે. હા પ્રેમબંધન ! હા યુવતી ! હા નિર્દોષ સુકુમારી ! હા પુત્રરત્નની અનુપમ ખાણ ! હા વિશ્લેષભીરૂ ! હું શું કરૂં. અરે ! ધર્મમાર્ગ શું તું આવો કઠીણ છે ? અરે વિધાતા ! તેં આવા તે કઠોર લેખ રામને કપાળે શા લખ્યા. અરે ! તાહરા હાથ તે કેમ ચાલ્યા ! હે વિધાત્રી ! સ્ત્રી જાતીતો અતિ કોમળ છે તેમાં તું એકજ આવી કઠોર કેમ નીકળી ! તારી કલમ આવા પ્રેમીને વિખુટાં પડાવતાં કેમ ચાલી ! શું તાહરામાં દયાનો અને પ્રેમનો છાંટો પણ નથી ! કઠીણ છે ! શીવ ! શીવ ! હા !! હવે માહરા પ્રાણ નથી રહેવાના. પ્રીયા ! ઘોર કર્મ કરનારની ગતીને પામી હવેતો હું વનનો પર્વત થઈ તેપર તાહરા ચરણ રજની આકાંક્ષા કરૂંછું હા ગુરૂવર્ય ! આ સંકટમાંથી મને ઉગારો. ( મૂર્છામાં પડે છે. )

ભરતઃ-(તે જોઇ) અરે ! કોઇ ગુલાબજળ લાવો ? પેલો પંખો આમ લાવો ! (પવન નાંખે છે) ભાઇ ! મ્હોટાભાઈ ! (રામ ઉઠતા નથી) (ત્યારે) અરે કેટલીવાર કોઈ ગુલાબજળ લાવ્યું કે નહીં, સઘળાજ સુસ્ત છે. અહ રામભદ્ર જાગૃત થાઓ. જાગૃત થાઓ ! ઓ ભાઈ ? ભાઇ ? આશું થયું ! (તેની આંખમાંથી આંસુ પડે છે તે લ્હોય છે અને ગુલાબજળનાં પોતાં મુકે છે.) અરે કોઇ વૈદ્યરાજને તેડવા ગયું કે નહિં. જલદી બોલાવો (રામ જાગૃત થાય છે ને ઘેલછામાં ઉઠે છે.)

રામઃ-(ઘેલછામાં) પ્રીયા ! વૈદેહી !

ભરતઃ—આ શું બોલો છો અર્થ વગરનું. વાયુની લવારી ચઢયા હોય એમ લાગે છે. ભાઇ આંખમીચીંને સુખભાવ જરી આરામ લો.

( વૈદ્ય આવે છે. )

વૈદ્ય—(નાડ તપાસી) અહો! સનિપાતનાં ચીન્હજ જણાય છે. વાયુ એકદમ ઉપડયો છે. આ હીરણ્ય ગર્ભની માત્રા તુલસીના રસમાં પાઉં છું એટલે હવડાં હોંશિયારી આવશે. પોતાં જારી રાખજો. જંપીને ઊંઘી જશે એટલે તરત આરામ થઇ જશે. કાંઇ ગભરાવાનું નથી.

(એટલામાં કૌશલ્યાદિ આવે છે ને સારવાર કરે છે થોડી-વારમાં રામ જાગૃત થાય છે.)

કૌશલ્યા—બેટા, તને શું થાય છે, કુલ દેવતા તારૂં રક્ષણ કરો. (રામ બબડે છે ક્ષુરધાર, છે અંબરે તજ્યું. બાંધ્યા શ્રીસમ સરીખા સાધર.)

રામઃ—અરે ! તું મારી પાસેજ છે ને હું સ્વપ્નામાં શી લવારી કરી ગયો. વૈદેહી ! તમે કાંઇ બીહશો મા. મને પણ કાલનો ઉજાગરો હતો ને ઊંઘ આવી ગઈ પણ આ બધા અહીંયા શું કરવા આવ્યા છે ? શું મ્હેં તને વનમાં મોકલી. નાના પેલા હીંચકાપર તું સુતી છે. ખરૂં. મને આમ કેમ થાય છે. માહરા પ્રાણનાભિથી છાંડે છે. ( ફરી મૂર્છીત થાય છે. )

ભરતઃ—( ચીડીને ) આ વખતે લક્ષ્મણને વૈદેહી ક્યાં ગયા બોલાવી લાવો.

# વનમાં સીતા.

સીતા ઉંઘમાંથી ઝબકી જાગી કહે છે. પ્રાણપતી ! સંધ્યા સમય થવા આવ્યો. જાગ્રત થાઓ આજ બહુ ઉંઘ્યા. એમ કહી બેઠી થઇ આંખ ઉઘાડે છે. અરે ! રાજમહેલના સુંદર હીંચોળા પલંગની સુંદર સ્વેત બીછાનાની સૈયા કયાં ગઇ ? અને તેને બદલે આ ગાઢું વન મારી નજરે કેમ જણાય છે ? શું મને દશાનન ફરી પાછો જીવતો થઇ આવા ગાઢ વનમાં ઊંચકી લાવ્યો છે કે શું ? અહો આ વ્યાઘ્ર વરૂ રીછ અને ફાલુના ભયાનક નાદ કેમ સંભળાય છે. મને બહુ બીક લાગે છે. એમ કહી મોટે સ્વરે રૂદન કરવા માંડે છે. પ્રાણપતિ મારી વ્હારે ધાઓ-ધાઓ. હું છળી મરૂં છું. અરે ? કોઈ મારી મદદે આવો. પ્રાણેશ્વર કયાં ગયા ?

વાલ્મીકીને આ ગાઢ જંગલમાં સંધ્યા સમયે કોઇ સ્રીનો કોમળ અવાજ રૂદન ભર્યો કર્ણે સંભળાય છે. સ્વગત વિચારે છે અહો કોઇ સુંદરી મહા સંકટમાં આવી પડી જણાય છે. ચાલો તેનું સંકટ દૂર કરવું એ આ સમયનું મારૂં કર્તવ્ય કર્મ છે એમ કહી સીતાની સમીપ જાય છે.

સીતા-હા. પ્રાણ તમે કયાં છો. એમ કહી મૂર્ચ્છામાં પડે છે. (વાલ્મિકી ધ્યાન ધરીને યોગાંગ સમાધિમાં આ સ્રી કોણ છે. અહીં કેમ આવી છે. શા કારણથી આવી છે. એ સર્વ જાણી લીધું) સીતા પુનઃ સાવધ થઇ રૂદન કરે છે.

વાલ્મિકી-હે સતી. યોગાંગ સમાધિએ મેં સર્વ જાણ્યું છે. તું મારા પ્રિય સખા દશરથના પુત્ર શ્રી રામચંદ્રજીની ધર્મ પત્ની છે. હે જનકનંદીની ? અખંડ સૌભાગ્યવતી હો, તું રડ નહિ. હે દિવ્ય દેવી ? આપ ભૂમાતા વસુંધરાના પુત્રી હોવાથી મારે પણ માતારૂપ છો. મારા મિત્ર દશરથના પુત્રવધુ હોવાથી મારી પુત્રીરૂપ છો. વનમાં એકલાં હોવાથી મારા શરણને પ્રાપ્ત છો. શરણાગતનું રક્ષણ કરવાનો મારો સ્વધર્મ છે.

હે ધર્મ સ્વરૂપા ! મારા આશ્રમમાં તપસ્વિની મહર્ષિઓની પત્નીઓ દુહિતાઓ ભગીનીઓ વીગેરે સર્વ કોઇ તમારી સુશ્રુષા કરશે માટે મારા આશ્રમમાં આવી નિર્ભય પણે ત્યાં રહો. તમને કોઇ પણ રીતની ઇજા થશે નહિ. અને તમારૂં સર્વસ્વ કલ્યાણ થશે.

એમ કહી સીતાને આશ્રમમાં તેડી જાય છે અને તપસ્વિની-ઓને સ્વાધીન કરે છે.

---

## શ્રીરામાયણ નાટ્ય લહરી.

### વાલ્મિકી આશ્રમનું વર્ણન.

#### શાર્દુલવિક્રિડિત્ વૃત્ત.

વિશ્વાસે જ્યાં હરીણશીશુઓ લાડ લાડી ફરે છે,
કન્યાઓ જ્યાં મુઠીમુઠી મુઠી ફેંકી નીવાર રહે છે.
પંખીઓ તે ભય રહીત થૈ રમ્ય કીલકાર વ્યોમે,
ઉડી ઉડી અહીં તહીં કુદે તૃપ્ત ચારો ચરીને. ૧

નાચે મત્ત મયુર હરખે કન્યકા પ્રેમ પટને,
હરખે જોતી મયુરી સમયે, શુદ્ધ સાત્વીક જ્ઞાને.
અર્ચી માર્ગે હુતવહ હવી આહુતી લેઇ જાએ,
પીતૃ દેવો સતત્ શ્રુતિના ઘોષમાં તૃપ્ત થાએ. ૨

બ્રહ્માનંદે જગનગ નદી પર્વતો ને ધરાએ,
દર્શાવ્યા છે નવનવ સુનેરી સત્વ ભાવો બધાને.
આકાશે ને ઉદધી મહીં શું યોગ વ્યાપ્યો જડોમાં,
એવા હોમે હુતવહ દિસે સંયમી આશ્રમોમાં. ૩

જડ જીવ જાણે જાગ તું ચેતનામાં,
અદ્વૈતે અહાં કરમ ધરમથી અંતરો આર્દ્ર મ્હેમાં.
વધ ધારા અમૃત પયની ધર્મ સેવે શું ચાલી,
ધેનુ ધોળી ધનદ પયનો નીખી અંબા સમાણી. ૪

ત્રિલોકીને કરી ભરી ખરે તૃપ્તી આનંદ માંહે,
સર્વાત્માના સ્મરણ થકી તે આહુતી જ્યાં જ્યાંહે.
વ્હેછે સરયું નદી ખળખળ જ્યાં મેખલા હુંગે સાથે,
તીરે બેઠા ઋષિમુની વરને વર્ણમય અર્ઘ આપે. ૫

આ અવધપુરના ઘોઘડીયાં ધ્વનીએ,
ફરકે કાઠી ઉપર દિપને રામધ્વજ ફરફરી એ.
વાયુ વાએ ત્રિવિધ સમિરે લ્હેર લ્હેકીજ બ્હેકી,
સૂગંધીએ વનં ઉપવંને કીર્તી શ્રીરામ ફેંકી. ૬

ટોળે ટોળાં નભ મહીં ઉડી પક્ષીની હાર શોભે,
સંધ્યાકાળે શશી રવિ સમી જકતને શું પ્રબોધે.
સર્વેની આ સ્થિતિ વિષમ છે કાળથી કો ન છુટે,
જન્મે સ્થીતિ લય થઇ રહે પૂર્ણીમાં ચંદ્ર બાબે. ૭

નિર્વિકલ્પે હુંપદ તજતાં સંયમી સુખ ઝાંખે,
સંધ્યા કાળે જળનિધિ સમો પ્રીતિ આનંદ ચાખે.
અર્ચી માર્ગે હુતવહ હવી–આહુતી લેઇ જાએ,
સંધ્યા સત્વે ત્રિભુવન ભર્યું બ્રહ્મ આનંદ માંહે. ૮

ઐક્યાગ્ને જ્યાં શમિ દમિ તપે, સંયમી જ્ઞાન બોધે,
સત્વે શાંતી પ્રસરી દિશ દિશે, ક્રૂર સૂગંધ યોગે.
અંતર્યામી રમત નિરખે ઈહીશાનંદ પ્રેમે,
સૃષ્ટી માંહે નટ નટિ રમે વેશ વિવિધ લૈને. ૯

---

પોતાના આશ્રમમાં શ્રી વાલ્મીકી સીતાને રઘુકુળ ચરિત્રની વાર્તાઓ અને અનેક રાજાઓને દુઃખ પડયાં તેની કથાઓ કહી જ્ઞાનવાર્તા કહે છે. તેમાં ઋષિ પત્નીઓ અને કુમારિકાઓ સીતાનું પૂજન કરી તેમનું વારંવાર સ્તવન કરે છે અને બ્રહ્મગાનથી શાંતિ પમાડે છે.

શાંતિ સમુદ્ર અખુટ અપાર,

ડુબી ડુબી જાતાં વૃત્તી લયે લીન;
પ્રજ્ઞાન આનંદ સુખરૂપ સાર. શાંતિ૦ ૧

દેશ દિશાકાલ દ્રવ્ય થકી પર,
અણુ અણુને ગર્ભમાં મુકનાર. શાંતિ૦ ૨

નંદ ઇંદીરા પ્રકાશ થકી પણ,
દૂર પોંચ્યો જ્યાંહાં શેષ સકાર. શાંતિ૦ ૩

---

રાગ. (કલ્યાણ તાલ ૩ ચમન.)

( તે મુખ તે દંત પંક્તી એ ઢાળ. )

જય ! કરૂણાનીધી જય ઓમ્કાર. ટેક

જડજીવ શીવ પ્રત્યક્ષ જગતમાં,
ભાવરૂપે રહ્યો નાહીં ન કાર. જય૦ ૧

વેદની આજ્ઞા પાળી કરૂં કર્મ,
ધારી રહ્યા આ ચાર વિચાર. જય૦ ૨

યોગના શાસ્ત્રથી ધોયા મનોમલ,
સ્થીર બુદ્ધી સત્વથી સહુ વશીકાર. જય૦ ૩

ઉપનીષદથી કારણ શક્તી,
પ્રત્યક્ષ પારખ્યો શીવ સુખકાર. જય૦ ૪

નંદ ઇંદીરા સંબંધ સાચો,
તું પીતુ પાલક જીવન આધાર. જય૦ ૫

પદ ઠુમક ચલત રામચંદ્ર એ લય.

કુશતનુ શુભ વસ્ત્ર સ્વેત, કેશ છુટે મ્હોતી.
ભસ્મને રૂદ્રાક્ષ માળ ધારી સીતા સ્હોતી; કુશ.
ઋષિ મુનીની પત્નિ માંહ્ય, તેજ તપની જ્યોતિ હોય,
પ્રેમનિધિથી પર્વતની અગ્નિ જ્યોત જેવી; કુશ.

ચિદ્દપ્રભા શ્રી રામનામ જાપ હૃદય જ્યોતિ,
સૌભાગ્ય સોળ સજી શણગાર કરૂણાકર સ્હોતી;
કુમકુમનો ચાંદલો વિશાળ ભાળ માંહ્યે,
કજ્જલ દૃગ ચંચલમાં, ભ્રમરી સફરી હોય;
પૂર્ણચંદ્ર પૂર્ણિમાનો મુખપ્રકાશ ઘોતિ,
ચમકતાં સુભ્રુ દ્રંગ્રાંત હરિણુ અક્ષો વિદ્યુતી. કુશ.

પાવક તીર્થ પાવન કરી, શાંતિ ધીરજ અવતરી,
અવની સૂતા સતિ વિદેહી, જગત રહી ઠારી; કુશ.

ઉડગણુમાં શશિ સમાન, સતિમાં શીર મણીનું માન,
જ્ઞાની માંહ્ય જ્ઞાનવાન પાવકની પૂર ઘોતી; કુશ.

મ્લાન વદન તદપિ ઉષા સમય મુખ ફીકી,
પૂર્ણ પૂર્ણિમાનો ચંદ્ર નલિની સંકુચિત હોતી; કુશ.

પ્રકટે ભાનુ પૂર્ણિમાનો ચંદ્ર પડે ઝાંખો,
તેમ સતિનું મુખ આજે રામ વિના ભાખો;

કમલિની જેમ પ્રાત સમયે વિલયતી શું હોતી,
હિમકણો ઓગાળી હૃદય અશ્રુધાર વહેતી;

ગંભીરતા જળનિધિ સમાન, ધૈર્યધારી રહેતી,
શાંત આત્મ જ્યોતિતેમ્ શુભ પ્રગટ હોતી. કુશ.

શાંતિ પ્રેમનો અવાસ વન તરૂ પશુ પક્ષીપાસ,
યોજન શત સુધી ન વૈર તપ પ્રભાવ લક્ષી. કુશ.

હસી હસી ઘુંટણીએ ધાય. પ્રીતથી પકડી પયને પાય,
મ્હાનો એમ ઉભરાય લવકુશની માંડી. કૃશ.

રામ રસાયન હૃદયેથી અંક લઈ માતૃ સ્નેહથી,
પ્રેમ પરાક્રમ પૂર ભરાય મીઠી નજરે જોઈ. કૃશ.

નંદ ઈન્દશ શ્રીરામ, રૂપગુણમાં વિશ્રામ,
કરી રહી ઠરી એકઠામ સદ્‌ગુણ સંચારી. કૃશ.

---

એક ઋષિ પત્નિઃ—સખી વૈદેહી, તમારા સરખી પતી-પરાયણ ગર્ભીણી સતીને વનમાં એકલી મુકી આવનાર રામ અને લક્ષ્મણના હૃદયમાં શું દયાનો છાંટો પણ નહીં હોય ? દુષ્ટ દશરથના છોકરાં કેની? ધર્મ શાસ્ત્ર પ્રમાણે અધિકારી ગાદીના વારસને વનમાં રખડાવી સ્રી વશ થઈ ભરતને ગાદી આપી તેનાં છોકરાંમાં દયા કયાંથી હોય.

સીતાઃ—(ક્રોધ યુકત થઈ) સખી ? મ્હારા સસરાજી દીએરજી અને પ્રાણ પ્રીયને અજ્ઞાનપણાથી આવો દોષ મુકે છે ? હા ! ખરીવાત છે કે, મહાત્માના ગુણની પરીક્ષા અલ્પ બુદ્ધી શી રીતે કરી શકે. સખી સાંભળ. પ્રાણનાથને વનવાસ મોકલ્યા તે વખત પંચવટીમાં મને ભ્રમ થવાથી શ્રી રઘુવીરને મ્હેં પ્રશ્ન કર્યો, કે પ્રાણપતી હું એમ સમજુ છું કે, કોઈ અદૃષ્ટ કારણને લીધે સસરાજી સ્રી વશ થયા હશે અને તેથી આપને વનવાસ કાઢયા બાકી આવા નીત્ય લોકોને ન્યાય આપનારા દશ દીશાએ રથ ખેડી વીજયી વીર આવી રીતે કરે નહીં. એ અદૃશ્ય શું હશે. તે વખત શ્રી રઘુનંદન હસીને બોલ્યા, “હે પ્રીયે મહાત્માના કર્તવ્યની પરીક્ષા કરવી અને તેનું કારણ શોધવું એ સાધારણ મનુષ્યનું કામ નથી. બુદ્ધિમાન વીચિક્ષણો પણ એવા વીષયમાં ગોથા ખાય છે. પ્રીયે તમે સમજો છો કે, ચંદ્રમા ઉષ્ણ કણ ઝરે, અગ્ની કદાપિ બરફ જેવો થંડો થાય, તો પણ મહાત્મા સત્ય

વચનથી ફરતા નથી. તમારા દીએરજીને તમારાપર દ્વેષ અથવા પીતાજીને મારાપર વૈર હોયજ નહીં પરંતુ સત્ય વચન આપેલું તે પાળવા ખાતરજ મને વનવાસ કાઢયો અને મારા વીયોગની અસહ્ય વેદનાથી પ્રાણનો ત્યાગ કર્યો." તેમ રઘુવીરે આજ્ઞા કરી અને દીએરજીએ મને વનમાં મુકી તેનું રહસ્ય મારી સમજમાં હાલ નથી. પરંતુ એટલું તો સત્યજ છે કે શ્રી રઘુવીર તીલકે મને દૂર કરવામાં અને દીએરજીએ મને વનમાં મુકવામાં મ્હારૂંજ શ્રેય કર્યું હોવું જોઇએ. કારણ કે; અમૃતનો ગુણ મારી નાખવાનો હોયજ નહીં તે તો સજીવન અને શ્રેયસ્કર ત્રીકાલમાં અબાધીતજ છે. જ્યારે શ્રી રઘુવીર મળશે. ત્યારે આ ગુપ્ત ભેદનું રહસ્ય હુંજ તેમને પૂછી ખુલાસો કરીશ. માટે હે સખી મ્હારા સસરાજી, દીયેરજી અને પ્રાણપ્રીયને મીથ્યા દોષ દઈશ નહીં. એટલું ખાત્રી કરી સમજજે કે તેમણે જે કાંઈ કર્યું હશે તે પુખ્ત વિચારથી મ્હારાજ કલ્યાણાર્થે હોવું જોઇએ. માટે હવે પછી તેમને વિશે આવાં કુતર્ક કરી નીંદા કરીશ નહીં.

તાહરા સરખી નાહાનને પતી ટોકતા હોવા જોઈએ. કારણ કે, હજી તું પ્રેમ શું તે સમજવામાં કાચી છે. આંખમાં કચરો ન ખમાય તેમ નિર્મળ પ્રેમમાં કોઇ પણ કર્તવ્યની ખામી આવે તેથી પતીના પ્રેમની સતત આનંદધારા સ્ખલીત થાય ત્યારેજ તે ચીડવાઈ ઉઠે છે અને ટોકે છે. તે એટલા માટે નહીં કે પતીને પત્ની અળખામણી છે. પણ તેના પ્રેમમાં જેટલી ખામી અને કર્તવ્ય શુન્યતા તે દૂર કરવાને અર્થેજ પ્રીતીની સંતત ધારામાં કોઇપણ પ્રકારે સ્ખલન પ્રેમીથો સહી શકાતું નથી. માટે ઉચ્ચ સુખ લેવા અને આપવાને અર્થેજ પતી અથવા સાસુ સસરા ટોકે છે. વહુ ઉપર વેર છે માટે નહીં પણ વહુ નીચી છે તેને ઉચ્ચ સુખ આપવાને અર્થેજ વડીલોનો પ્રયત્ન હોય છે. માટે હવેથી પતી અનીષ્ટ ધારે એવો કુતર્ક કહાડી નાંખજે હો બેન હું તને સાચી શીખામણ દઉ છું.

વનમાં સીતાને બે પુત્રો થાય છે. અને મુનિવર્ય વાલ્મિકી તેમને યજ્ઞોપવિત આદિ સંસ્કાર કરે છે. અને શ્રી રામચરિત્રનું કાવ્ય બનાવી લવકુશને ભણાવે છે. વેદવિદ્યા, ધનુંવિદ્યા ઇત્યાદિ અનેક વિદ્યાઓ શીખવે છે અને કાળ નિર્ગમન કરે છે.

સીતા—મ્હારો લવ હાલરડું ગવડાવ્યા વગર ઊંઘતો નથી અને એણે સુચના કરી કે, માડી પયપાન કરાવી દીંચ. મ્હારો પાનો પણ ઉભરાઈ આવ્યો છે માટે છોકરાંઓને ધવડાવું.

(હાલરડું કાવ્યનંદનિધિ ભાગ ૨ પાને ૧૫ મે જુવો તથા નીચેનો વધારો જુવો.)

અસીધારા સુતીર્થે રકત સ્નાન કરો,
ભણો વેદ આયુષ્યને ધર્મ અર્થે ચરી;
જાઓ લંકથી પરલંક પૃથ્વી આખી ફરીરે,
ધ્વજા રામ નામની ઉડાવો કીર્તી વરીરે.—અસીધારા.

---

## અશ્વમેધ.

### હરીગીત.

ગર્ભિણી સતિ સુંદરી સુતિ અંક અતિ પ્રેમે ભરી,
વિશ્વાસ તે વનવાસ કાઢી વંશ નીકંદન કરી;
રવીકુળમાં રવીક્રોધ પ્રસર્યો ઉષ્ણ નિશ્વાસે ભરી,
અવનીને આકાશ અર્ણવ અનલ જવાલા વિસ્તરી. ૧

કર્મબીજ વિપાક કાળે ઉગી નીકળ્યાં ઉછરી,
થઈ વૃક્ષ આ દ્વીબાલ પ્રગટયા સકલ સેના સંહરી;
વિજયીવીર કહી સર્વ હાર્યા પ્રગટ દવ અનલે ભરી,
આ અકળ શીક્ષા છળ સતીના શાપ પાપો વિસ્તરી. ૨

આનંદ પ્રિયમન મુદિત મુદિતા મંદ મધુરી વિલસે,
ઇંદિરા સુખ મંદિરા લઈ પ્રમઘેલી પ્રીતવશે;
શ્રીજનક નંદિની જગતવંદિની અવની સુતા સિતલ જતે,
કયાંથી શાંતી સૂખ મંગલ દિવસ આનંદે જશે. ૩

કાપી કુઠારે કેળ કુમળી, કયાંથી કેળાં નિપજશે,
ઘનઘોર તીમીર ચીત્ત ચીતા, ભડકિ ભય સંહારશે;
મૃત તુલ્ય વિર સેના શું ચિતરી, ચીત્ર સમ રણુ ભૂકગ,
કીર્તિ કુળ જય ધ્વજ હાર્યો હય, જૃંભકાસ્ત્રવડે કરી. ૪

વિરબાલ તપને તેજની ચિન્મૂર્તિ ભુ પર અવતરી,
આજાન બાહુ અજીન ધારી બ્રહ્મચર્ય વિદ્યાભરી;
દાવાનળે લવ પ્રગટરૂપ વડવાનળે કુશ અવતરી,
અવનિને આકાશ અર્ણવ, બાણુથી નાખ્યાં ભરી. ૫

એ ગૂઢ સ્ફેટિક અગ્ની વિદ્યા, મંત્ર શકિત રસાયની,
મુનિ મનન શીલના તેજ તપને બ્રહ્મચર્યથી રહે હણી;
કાર્મૂકતંત્રે મુકત થઈને, ગુપ્ત જવાલા ત્વષની,
કરી સર્વ સેના હયહરી, મૂર્છીત શીક્ષા પાપની. ૬

---

# રામહૃદય વર્ણન.

## રાહ. (નટવર નૃત્ય કરે રે.)

ભડભડ ભઠ્ઠી મને, શોષીલે તનને, પરવશ્ય વિકલ કરી;
પણુ શુધ્ધી કરેં, રસ હેમ ઠરે, પુર જ્યોતિ ભલી રેહ ભરી. ભડ૦

પરમાણુંથી વિશ્વ અખીલ વશ થાય પ્રેમ આકર્ષણુથી;
ગળતાં, બળતાં, તપતાં, રડતાંરે, મન મેલહરે,
ચીદરૂપ ધરે, ઇંદીરા જન્મો જન્મ રહે રસ ભરી. ભડ૦

---

## વનવાસિની સીતા

### તાલદાદરો.

સુખદ સુખદ એ પરોપકારી,
રસિક સિ દમતા તનમન ઇંદ્રી;
દીએ તજી સુખ સહુ સંસારી. સુખ૦ ૧

તીવ્ર તપ વૈરાગ્ય લે ધારી,
જ્ઞાન પ્રાપ્તિ કરવા અધિકારી;
સર્વ વર્ણમાં ધર્મ પ્રચારી,
બ્રહ્મ તેજ દીન દીન વધારી સુખ૦ ૨

---

## લક્ષ્મણની મૂર્છા.

### ભીમપલાસ તેતાલ.

કરી છેલ્લી પથારી. ઓ ભાઈરે શું સ્વીકારી,
વીર ઉચીત શયન રણક્ષેત્રનો સુવીહારી. ટેક.
જ્યેષ્ઠ જીવેને અનુજ ઉઠી જાય રે, કલી કારી;
સૃષ્ટીક્રમ શું ગયો પલટાઈરે, બ્રહ્મચારી. કરી. ૨
તેજઃપુંજ તપસ્વી હુતાશને, વ્રત ધારી;
હું શું અવધપુરે મુખ દાખું રે, સુવીચારી. કરી. ૩
કહું કેમ ખબર રહી કાયરો, આ ઉચ્ચારી;
એક સત્ય વચન ધનુ ધર્મરે, મ્હેં સ્વીકારી. કરી. ૪
ખોયા તાત, ખોયો ભ્રાત, ખોઈરે, સતી નારી;
વન વન રઝળ્યો બંધુ વર્ગ ને, છોડી ભારી. કરી. ૫
સેવા ભકતી દૃઢભાવ ભ્રાતરે, તેં સ્વીકારી;
દુષ્ટ દૈત્ય દલન વીરસીંહ રે, ચાપ ધારી. કરી. ૬
સત્ય વ્રત તીવ્ર અનીવાર્ય પ્રેમરે, ધર્મધારી;
છોડયા આપ્ત ગુરૂ માત સ્નેહીરે, સાહ્યકારી. કરી. ૭
વળો વેગે અંજની સૂત વલ્લીની, આશધારી;
જીવે ઈંદીરા રઘુવીર રોઈ રે, અશ્રુભારી. કરી.* કરી. ૮

---

*રાવણના યુદ્ધ વખતે લક્ષ્મણને રાવણે મારેલી શકિતથી લક્ષ્મણજી મૂર્ચ્છિત થયા ત્યારે રામચંદ્રજીએ કાઢેલા ઉદ્ગાર તે જગ્યાએ છાપવા બાકી રહેલા તે અત્રે છાપ્યા છે.

# રામાયણ નાટ્ય લહરી.

### સ્થળઃ—રામનું અંતપુરઃ

### પાત્રોઃ—રામ વશિષ્ઠ.

રામ—લોકવાયકાને માન આપી સીતાને ત્યજી તેની અગ્નિમાં થએલી શુધ્ધતાને ન વિચારી અને વ્યવહારમાં યદ્યપિ શુદ્ધ લોક વિરુદ્ધં ન કરણીયમ ન ચરણીમય એ સૂત્રને અનુસર્યો. આત્માના અવાજને ન ગણકાર્યો અને બહારના પરિવેષ્ટનોમાં ગ્રસાયો. હવે શું કરૂં. ચિત્ત શાંતિ કશાંથી થતી નથી ? મારા વ્યવહારના કે પરમાર્થના, ધર્મના કે રાજ્યના હરેક કામોમાં પ્રિય વૈદિહીની નિર્દોષ મૂર્તિ મારા નયન સમીપ તરવરે છે. ભોળી બીચારી એકલી અટુલી મારાજ આશ્રયે રહેલી એ અર્ધાંગનાને ત્યજવામાં ભૂલજ કરી છે. અને હવે શાંતિ ઇચ્છું છું. મનુષ્યને પોતાનાજ કર્મના બીજ વાવી તેનેજ લણુવાના છે. હવે તો ગુરૂવર્ય વસિષ્ઠને બોલાવી ચિત્ત શાંતિનો ઉપાય પૂછું.

રામ—પ્રતિહાર.

પ્રતિહાર—આજ્ઞા રાજન્ ?

રામ—જા ગુરૂવર્યને કહે કે રામની દશા કઠીન છે. આપ પધારો અગર હું જાતે આપ પાસે હાજર થાઉં.

પ્રતિહાર—મહારાજનો જય થાઓ. (જાય છે)

વસિષ્ઠ—વત્સ. चिरंजीवीभव सुखीभव·

રામચંદ્ર—વંદન ગુરૂવર્ય. મારા અવિનયની ક્ષમા. મારે આપને આશ્રમે આવવું જોઈએ ત્યાં તે મેં આપને અહીં બોલાવ્યા ? દેવ ? મારા ચિત્તની શાંતિ કશાથી થતી નથી. તત્વજ્ઞાનના ગ્રંથો વાંચવામાં પ્રીતિ થતી નથી. નથી રાજકારભાર રૂચતો. નથી ખાવું રૂચતું. નથી સંસારના વ્યવહારો રૂચતાં. મનમાં એમ થાય છે કે આ સઘળા કામોકાજને છોડી કોઈ પર્વતની ગુફામાં ભરાઈ તપ કરૂં. દેવી વૈદિહીને ત્યજવા પછી મારા ચિત્તની વ્યગ્ર દશા થઈ છે. હવે તો

કોઇ ઉપાય બતાવો કે જેથી મન્ અમન પણાને પામી સહજ શાંતિને સેવે.

વસિષ્ઠ–ત્રિભુવનપતિ? આખા વિશ્વને શાંતિમાં સ્થાપનાર આપ અશાંતિની બુમ પાડો છો તે પણ આપની એક માનવ લીલાજ છે, એ હું જાણું છું. છતાં ગુરૂભાવે પૂછો છો તો કહું છું કે ચિત્તની અશાંત દશામાં ધ્યાન, જ્ઞાન કાંઇ રૂચતાં નથી પણ કર્મ રૂચે છે. એટલે આપ અશ્વમેધ યજ્ઞ કરો કે જેથી તે યજ્ઞની ક્રિયામાં આપનું મન રોકાયલું રહેશે વિશ્વમાં પરાક્રમી પણ ગણાશો અને યજ્ઞને અંતે અભિષ્ઠ વસ્તુની પ્રાપ્તિ પણ થશે.*

જગતમાં યજ્ઞ એ પ્રત્યક્ષ ફળ આપનાર છે. અગ્નિદેવ તેના ઉપાસકના સઘળા દુઃખોને હરે છે.

રામ–આપની આજ્ઞા માથે ચડાવું છું. લક્ષમણ ભરત શત્રુઘ્ન વીગેરેને બોલાવે છે અને અશ્વમેધ યજ્ઞની તૈયારી કરવા હુકમ ફરમાવે છે.

### દંડકારણ્યમાં અશ્વમેધનો ઘોડો.

જ્યાં મુનિવર્યના વિદ્યાર્થીઓ દડી દાવ રમે છે ત્યાં આગળ ફરતો ફરતો આવી પહોંચે છે.

મુનિપુત્ર ૧=અલ્યા કુશ જો તો ખરો. પેલો ઘોડો આવે છે તે કેવો સુંદર છે. અને શણુગારેલો છે. આપણે તે ઉપર બેસીને રમવાની ઠીક મઝા પડશે.

---

* અશ્વમેધ એ એક લોકહિતકારક મહાન ધર્મકાર્ય છે. (હાલમાં જેવી કોંગ્રેસ અને ધર્મપરિષદ છે તેવું.) જ્યાં જ્યાં અશ્વ જાય અને પીશાબ કરે ત્યાં જલાશય એટલે વાવ, કૂવા, ડક્કા. ઓવારા ઇત્યાદિ બાંધવા પડે અને જ્યાં ઘોડો લાદ કરે ત્યાં ત્યાં અન્નછત્ર અતિથીને આપવા સ્થાપન કરવા પડે આ રીતે આખી પૃથ્વીમાં અન્ન અને જળની તંગીજ ન મળે. તેમજ વીર વિદુષ વ્યાપારી અનેશુદ્ર સમુદાય એ સર્વ કોઇને આ બાલ વૃદ્ધનો એકત્ર મેળાવડો કરી રાક્ષસો ( ધર્મ વિરોધી ) ને સંહારી પૃથ્વીમાં ધર્મનું સ્થાપન કરવું અને પોતે સ્વર્ગારોહણ કરવું એ આ મહાન કાર્યનો ઉદ્દેશ છે.

**લવ–અરે એના કપાળ ઉપર સુવર્ણ પત્રમાં કાંઇ લેખ લખ્યો છે તે વાંચો જોઇએ. શું લખ્યું છે? કોનો ઘોડો છે.**

**મુનિપુત્ર ૨=લેખ વાંચે છે.**

ત્રિભુવનમાં નિષ્કટંક ધર્મ સંસ્થાપનાવડે પ્રાણીમાત્રને બંધનથી મુકત કરવા અને અધર્મની વૃત્તિઓ છોડાવવા માટે સ્વર્ગ કામનાવાળા રઘુવીર તીલક શ્રીરામચંદ્રજી આ અશ્વને છોડી અશ્વમેધની ×મહાન શરૂઆત કરે છે. જે રાજાઓ અથવા મનુષ્યો અથવા દૈત્ય વીગેરે વેદ ધર્મથી વિરૂદ્ધ આચરણ કરશે અને પારકાને બંધનરૂપ અને દુઃખ આપનારા નીવડશે તે સર્વની સાથે યુદ્ધ કરી શ્રીરામચંદ્રજી તેનો પરાજય કરશે. જેઓ ધર્મને અનુસરી આ અશ્વને નહિ બાંધે તેઓ વેદાનુયાયી વીર શ્રીરામચંદ્રજીના મિત્ર તરીકે ગણાશે. અને આ મહાન યજ્ઞરૂપ ધર્મ

---

× વાયુ મેઘ શીનતા અને ઉષ્ણતા, પ્રકાશ અને અંધકાર ઇત્યાદિ જગતમાં ક્રિયા કરાવી રહ્યાં છે. તેમજ સૂર્ય, વન્હિ, વરૂણ વાયુ ઇત્યાદિ બ્રહ્મની દિવ્ય શક્તિઓરૂપઇ અનુભવાય છે તેથી કરીને સ્વર્ગ મૃત્યુ પાતાળમાં એક મહાન ચૈતન્ય શકિત ક્રિયા કરી રહી છે. તે કરતા વિના હોય નહિ. અને કર્તા વિનાનો છે તે કોઇનો બાંધેલો નથી તેથી કરીને એવું જ્ઞાન હોવાને લીધે કોઇને પણ પીડા ન કરવી અને સ્વતંત્ર કરવાના પ્રયત્ન તરફ પોતાનો ધર્મ બજાવવો એવો ધર્મ શિષ્ટ સંપ્રદાયીઓ પાળે છે. અને તેમાં મુખ્ય અશ્વમેધ છે. હિંદુ ધર્મ એટલે આર્ય ધર્મ. વેદશાસ્ત્ર પુરાણ, સત્રો શ્રુતિ સ્મૃતિ ઇત્યાદિમાં ગ્રથિત થએલો છે. એ ધર્મનું સ્વરૂપ થોડા શબ્દમાં ઋગવેદના મહાવાકયમાં શમાયલું છે.

**પ્રજ્ઞાનં બ્રહ્મ અનવધિ જ્ઞાન** સ્વરૂપ તે બ્રહ્મ છે. જ્ઞાનનો નાશ થાય તો બ્રહ્મના સ્વરૂપનો નાશ થયો એમ કહેવાય. બ્રહ્મ અનાદિ અનત અને અવિનાશી છે. જો વેદનો નાશ થયો તો બ્રહ્મનો નાશ થયો એમ કહેવાય. એટલા માટે ભૂતભાવિ અને વર્તમાનકાળમાં વેદજ અવિનાશી છે. એવો આર્ય સિદ્ધાંત છે. તેમજ ઇશ્વરની અગાધ શકિત જેને પ્રકૃતિ કહે છે. એટલે અજબ શકિતના કાર્ય અને ક્રિયારૂપ છે. તે બ્રહ્મનીજ શકિત છે ઇશુ ખ્રીસ્તના કહેવા પ્રમાણે એ આર્યના બ્રહ્મ સ્વરૂપને દુનિયા બનાવવાનો થાક કે જે એક જાતનો રોગ કે ધક્કારો કહેવાય તે લાગતો નથી અને તેને રવિવારે વિશ્રાંતિ લેવી પડતી નથી.

કાર્ય અને લોક સંગ્રહ કાર્યમાં મદદગાર તરીકે ગણાશે. તેઓની પાસે કંઈ ખંડણી લેવામાં આવશે નહિ. તેઓ પોતાનું રાજ્ય કરવાને સ્વતંત્ર રહેશે અને મિત્ર તરીકે પૂંજાશે અને તેમના ઉપરી તરીકે રામચંદ્રજી ચક્રવર્તી તરીકે વિરાજશે જેઓ આ અશ્વને બાંધશે તેઓની સાથ યુદ્ધ કરી અશ્વ છોડાવવામાં આવશે. અને તેને પરાજય આપી શિક્ષા કરશે.

અશ્વને ઝાડ સાથે બાંધેલો જોઈ એકદમ તેના રક્ષકો ધસી આવે છે.

સૈનિક—અરે નાહાન બાલકો ? અશ્વને છોડી મુકો આ તો અશ્વમેધનો અશ્વ છે. તમને બ્રાહ્મણ બાલક જાણી તમારો વધ કરવામાં આવતો નથી. માટે અશ્વ પાછો આપી દો. અને જે ઘોડાને બાંધે તેની સાથે તો તુમુલ યુદ્ધ કરી અશ્વ લઇ જવામાં આવે છે. પણ તમે બાળક રહ્યા એટલે શું કરીએ ?

લવ—તમે યુદ્ધ કરવા આવ્યા છો કે ઘોડાની ભીખ માંગવા આવ્યા છો. ભીખ માંગે કાંઇ અશ્વમેધનો ઘોડો પાછો મળતો નથી. સામર્થ્ય હોય તો અમારી સાથે યુધ્ધ કરી છોડાવી જાઓ.

---

આખી દુનિયામાં વિધર્મી વિદેશી ફળી કાળના ચક્ર નીચે ચંપાયલા હિંદુ ધર્મીઓ છતાં ભૂમંડલ ના ૧૫૦ કરોડની વસ્તીમાં હિંદુ ધર્મના જુદા જુદા ફાંટા ગણીએ તો હિંદુ ધર્મ સર્વ ધર્મ કરતાં વધારે મોટો છે અને તેમાં ૪૪ કરોડ ચીના ૨૨ કરોડ હિંદુ અને ૪ કરોડ જાપાનીશ અને જાવા સુમિત્રા વીગેરે અનેક બેટો બ્રહ્મદેશ, ટીબેટ, ઈરાન, અફગાનીસ્તાન ઇત્યાદિ સ્થળોની વસ્તી ગણતાં હિન્દુ ધર્મની સંખ્યા લગભગ ૧૦૦ કરોડ ઉપરની થાય છે. એવો શુમાર છે. બાકીના ૫૦ કરોડમાં જગતના નવીન ઉત્પન્ન થએલા અનેક ધર્મોને સમાશ થઇ શકે છે.

વિચારશીલ વાંચકો તમે વિચાર કરી જોજો અને અમારી જે કોઇ ભૂલચાલ હોય તે જણાવશો તો ઉપકાર થશે. ભવિષ્યમાં પણ હિંદુ ધર્મ અખિલ ભૂ મંડલના સુજ્ઞ જનોમાં ફેલાશે એવું વિદ્વાનોનું માનવું છે.

ચંદ્રકેતુ–અરે બ્રાહ્મણના દીકરાઓ બ્રાહ્મણોનો સનાતન ધર્મ યુધ્ધ કરવાનો નથી પણ તપ કરવાનો છે. અને શાંતિ પકડવાનો છે. માટે નકામા સૈનિકોની સાથે લઢશો નહિ. નહિતો પ્રાણ જશે અને અમને બ્રહ્મહત્યા લાગશે.

લવ–બ્રહ્મહત્યાનો ભય રાખનાર આપ ધર્મવીરને ધન્ય છે. પણ અમે તમારા કાંઇ શીષ્ય નથી. ગુરૂપદ તો તમારો ઉપદેશ સાંભળવા જે ઇચ્છા રાખે તેને બોધ આપશો. અમને એ ઉપદેશ વચનોની જરૂર નથી. પ્રાણ જશે તો તેમાં શું થયું એ તો જ્યારે ત્યારે જવાનાજ છે તે ખાલી એવી ધમકીથી અમે કાંઈ ડરવાના નથી. કદાચ પ્રાણ જશે તો સ્થુળ જશે પણ અમારા વિચારને પરાક્રમ એ તો સ્થિરજ થવાના તે કાંઇ જવાના નથી.

લવ–અલ્યા કુશ ? આ મુનિઓના ઉપર પણ બાણ છોડનાર કોઇ દેખાય છે કે કેમ. શું મુનિવર્યો ? ક્ષાત્ર તેજથી અંજાઈ જશે ? અને તાબે થશે, બાંધો આ અશ્વને અને આપણા આશ્રમમાં લઈ જાઓ.

હજારો સૈનિકો દોડતા આવી ખબરદાર અશ્વને કોઇ અડકશો નહિ. નહિ તો માર પડશે. એમ કહે છે.

કુશ—જા જા. અલ્યા ? શું ક્ષાત્રતેજ બ્રહ્મતેજને ગ્રસી જશે ? તમારા જેવા હજારોને એક હુંકારથી ગ્રસી નાંખે એ બ્રહ્મતેજનેશું તું જાણતો નથી. તમારામાં સામર્થ્ય હોય તો આવો યુદ્ધ કરવાને.

ચંદ્રકેતુ પોતાના સૈન્ય સાથે રણભૂમિ ઉપર લડાઇ કરે છે. અને હારી જાય છે.

---

# શ્રી રામાયણ નાટયલહરી.

## સ્થળ—યજ્ઞભૂમિ અશ્વમેધ.

## રામ અને નારદ.

નારદ—હે પ્રજા રંજક રઘુનંદન ? તમારા અશ્વનો રક્ષક જોતાં સાક્ષાત લક્ષ્મણજ હોયની એવી મને પ્રતિતિ થઈ. એ હયનું હરણ કરનાર પેલા બે બ્રહ્મચારી બાલકો સમીપ તે આ પ્રમાણે દીપતો હતો.

### વસંત તિલકા.

જાણે થયો પ્રગટ દીપ થકી પ્રદીપ,
વીર શ્રીલક્ષ્મણ તનુ મનની ખચીત.
ત્રિતંતુ સાચવી ઉભો, કલ્મી સમીપ,
આંબો થતો શું નવપલ્લવ એ પ્રતિત.

રામ—સત્ય છે મુનિવર્ય ? હમો ચાર ભાઈઓ વચ્ચે એકજ સંતાન અને તે રઘુકુળનો ઉચિત માર્ગ ધારણ કરી, હમોને રણથી મૂકાવી પિતૃઓને તૃપ્ત કરનાર અને દેવોને આલ્હાદ આપનાર એજ સંતાનરૂપ દીપક સર્વને તૃષ્ટિ પુષ્ટિ આપનાર છે.

નવ પ્રકારે અંધ એવી મનુષ્ય જાતિ દશમે પ્રકારે આંધળા થયલા નાસ્તિકો અને રાજકૃત્રિમી પુરૂષો ત્રિભુવનનું અસ્તિત્વ અથવા ચૈતન્યાત્મક ઇશ્વરથી ભરપુર છે. તેની ઉપેક્ષા કરે છે. ધર્મને તજી દે છે. લોભ ક્રોધ મોહ, મદ, મત્સર અભિમાનવડે ષડરીપુને ઉત્તેજન આપે છે. તેને આ પરિવર્તન શીલ સંસાર ચક્ર અને નિર્માણ થએલા નિયમો ભાસતા નથી. પરંતુ બ્રહ્મવિદ્ પુરૂષને આ પૃથ્વી લોક માત્ર મનુષ્યથીજ નહિ પણ અનેક પ્રકારના પ્રાણીઓથી અણુઅણુમાં ભરપુર સ્પષ્ટ દીસે છે. તેમજ અંતરિક્ષ ઇત્યાદિ ચંદ્ર લોક અને નક્ષત્ર લોક અથવા પિત્રુ લોકના પણ અણુમાં ત્યાંના હવા પાણીને અનુસરી દેહધારીઓ વસી રહ્યા છે અને શ્રીરામચંદ્રજીની પાસે અંતરિક્ષ માર્ગે નારદજી

આવે છે અને બૃહતિ વીણાનો નાદ શ્રવણ ગોચર થતાંજ શ્રી રામચંદ્રજીએ જાણ્યું કે મુનિવર્ય નારદજી પધારે છે.

પછી નારદમુનિનું શ્રીરામચંદ્રજીએ અર્ઘ્ય પાદ્યવડે પૂજન કર્યું અને કહ્યું કે દેવર્ષિ શી આજ્ઞા છે અને શા સમાચાર છે.

નારદ—આપનો અશ્વ હરી ચંદ્રકેતુને હરાવ્યો એમ વિદ્યાધરોના મુખથી હકીકત સાંભળી છે. અને તેના સમાચાર દેવા આપને આવ્યો છું.

રામચંદ્ર—મુનિરાજ ક્યાં અને કોણે?

નારદ—દંડકારણ્યમાં.

રામ—પણ કોણે.

નારદ—હશે તે જણાશે મારે બ્રહ્મલોકમાં જવાની ઉતાવળ છે તેથી જાઉં છું.

શ્રી રામચંદ્ર—મારે ચંદ્રકેતુને છોડાવવા જવું જોઈએ. એમ કરી રણમાં જાય છે.

જતાં જતાં વિચારે છે. મારો અશ્વ બાંધી આ મુનિ શાર્દુલોએ પોતાનું પરાક્રમ બતાવવાને ઠીક લાગ સાધ્યો. હજી તેમની કીશોરાવસ્થા છે. તેથી પૂર્ણ સત્વનો ઉદય ન થવાથી રાજસી વૃત્તિને લીધે મારૂં તેજ એમનાથી સહન થઇ શકશે નહિ.* આ મુનીવર્યોનાં વીર બાલકો જોઈનેજ મારો ક્રોધ અને ક્લેશ સમાઈ શાંતિ પથરાઇ પ્રીતિ ઉદય થઈ એમાં શું આશ્ચર્ય કેમકે.

## શીખરીણી.

પ્રબોધે પ્રજ્ઞાને તીમીર હરિ ચંદ્રોદય કરે,
શમી ક્લેશો જાએ સદય હૃદયો સાત્વિક ઝરે.
સદા નંદે નંદે સ્વરૂપ સુખ પામી જન તરે,
તપસ્વી કહો શુંના તીરથરૂપ સૌને સુખ ભરે.

( આ શ્લોક બેને લાગુ પડે છે. તપસ્વી અને ચંદ્રોદય. )

---

* અંજીકુંય રામનો પરાભવ થયો એ આજ સુધી સાંભળ્યું નથી પરંતુ વૈદેહીના ત્યાગને લીધે એ મુનીવર્ય મને તે પાપની શીક્ષા કરવાને પ્રવૃત થયા છે એમ લાગે છે.

## માલિની.

જળથકી સીત જેઓ શાંતિ નિર્ભ્રાંતિ ભાવે,
હુતવહ સમ દ્વિજો, તેજ તાપે પ્રભાવે.
શ્રુતિ શીર મધુગીરા વીર્યવંતી સ્વભાવે,
પ્રકૃતિ વિકૃતિ થાતાં બાહુ વિર્યે ધ્રુજાવે. ૧

## શિખરીણી

### વિરોધાલંકાર

કુમારાવસ્થામાં પણ કૃતિથી મ્હોટો થઇ રહ્યો,
ઉભો ધર્ણી એ તો પણ રથી શીરે મ્હારથી થયો.
મુનીવર્યો તોએ શુભ શુર શીરે મણી લહ્યો,
શીલે ગુણે રૂપે શીવ સુત સમો સ્કંદ શું થયો.

## રોળાવૃત.

જટા ભસ્મ રૂદ્રાક્ષ, મેખલા કટી પ્રમાણી,
વિદ્યા વિનયી વાણી, વીરશ્રી આંખે આણી;
ચાપ ચઢાવી ઉભો, બાણુ તાકીને તાણી,
ડોલાવે દીગપાળ, ત્રાસ ટંકારે પ્રાણી.

## વસંતતિલકા.

છાંયી ઘટા ઘન સમી શર અભ્ર[૧] છાયા,
તોએ ન બાળ બટુસિંહ જરી દબાયા;
સ્વાભાવિકી તલપ કુંભ કરી ચીરાયા,
ને જંભકાસ્ત્ર થકી સ્તબ્ધ શું ચીતરાયા.

× × ×  × × ×  × × ×

પાડી ઝડી ઘન સમી શર અભ્ર છાંઇ,
ચાલ્યું મહાન ; વીર તુમુલ યુદ્ધ ત્યાંહિ;
વિકાળ કેશરીથી વૃંદ કરીનું ત્યાંહિ,
છે સ્તબ્ધ સૈન્ય મહા મંત્રથી ચિતરાઇ.

---

૧ મુનિબાલકોની ત્રિભુવન ધ્રુજાવવાની શક્તિનું આ કવિતામાં વર્ણન કરવામાં આવ્યું છે.

છે પ્રેમ ચેતન સ્વરૂપ બધે પીછાણી,
જે એક ભેદી નવધા મીઠું ખારૂં પાણી;
વિસ્તીર્ણ કાવ્ય રચિદે રસરૂપ જાણી,
છે શબ્દ બ્રહ્મરૂપ ભારતી શુદ્ધ વાણી.

એ પ્રેમ પીગળી રહ્યા કરૂણા ભીંજાવી,
બીભિત્સ કુત્સીત પદાર્થ હિધા તજાવી;
રૌદ્રે ભયે અદ્દભુતે હસિને લજાવી.
આ બાલ વૃદ્ધ સરવાશ્રમને ગજાવી.

ને શાંત ધર્મ ધરતાં જરઠે* વખાણી,
ને વીર મધ્યમ વયે રણજંગ જાણી;
છે યૌવને રસપ્રિયા પ્રીતિ ઉભરાણી,
વાત્સલ્ય ભાવ ગુરૂ પ્રીતિ શી શી વખાણી.

પ્રાસાનુપ્રાસ ઝમકે ઝડથી વિહારી,
ભૂલાવતો ભ્રમ સજી ઉપમાન ધારી,
જે ઉપમા રૂપક શ્લેષ વિરોધવારી,
હોયે શું શબ્દ શું અલંકૃત વાણી તારી.×

## શીખરીણી.

ગગન્ને ગાજંતા ધડડડડ શબ્દે વિજ ખસે,
ગુહામાં ઘુઘવાટે પ્રતિ ધ્વનિ થતાં કેસરી ધસે.
સ્વભાવે સ્પર્ધાથી ઘુરકી ઘન સામે ઉછળશે,
નીચો નહિ નામી શીર ભયથી તેજસ્વી ડરશે.

મારા સૈન્યમાંથી કોઇએ આ આશ્રમ વાસીઓને ક્ષુભિત કરી તપમાં ભંગ કર્યાથી ભાર્ગવની પેઠે રણમાં આવી ઉભા છે.

## શીખરીણી.

ખરે ચાપે શાપે સમરથ શીખાવે જગતમાં,
મુનિવર્યો એવા ગુરૂ ત્રિવરણો આશ્રમી તણા.

* વૃદ્ધ લોકોએ. × તરાવનારી.

શકેના મધ્યાન્હે રવિ કિરણુ ચૈત્રે સહીમણી,
સ્વક્રાંતિથી કાઢે જ્વલન શીવ નેત્રો સમહણી.

અથવા અવિવેકે છુટી-છટકી છટ કમાનો છટકશે,
દબાવી જો ઝાઝી ઘસઇ પથરે અગ્ની ઝરશે.
સ્વાભાવિકી શાંતિ શશીમણી રવિકાંતિ કરશે,
તપસ્વી તેજસ્વી જગત ગુરૂનો નિગ્રહ ખસે.

અથવા તો મહોન્મત્તે મત્તે મદ ભય મતંગો વન ધસે,
ઊખેડી વૃક્ષોને કટક કોકીયારી કરી વસે.
સુતા સીંહો ગુહા મહિ જઈ જગાડી મદવશે,
વિહારવાને કુંભ સ્થળ શું જયમ આમંત્રણ હશે.

શ્રી લવકુશનું રૂપ જોતાં તે સર્વ રીતે રામની સમાન હોવાથી વાનરોને સંભ્રમ થાય છે. એક વખત રામ પાસે અને બીજી વખત લવ કુશ પાસે જા આવ કરે છે.

એક ઠેકે બટુ સમીપે અવરથી શ્રી રામશું,
જાએ કુદી કરજોડીને પલમાંય એ કૈતકજ શું.

લવ-ભાઇ જો તો ખરો, આ વાનરાઓ અંહી તંહિ કુદાકડા મારી રહ્યા છે

કુશ-હસીને ભાઇ આપણુને તો યુધ્ધમાં પણુ આ રમત જોવાનો લાભ મળ્યો ખરો.

લવ-પણુ આ વાનરોના મધ્યમાં કોઇ ડુગડુગીયું વગાડનાર હોય તો ખરી મઝા પડે.

કુશ-અલ્યા વાનરાઓ જાઓ જાઓ, તમારા મદારીને બોલાવી લાવો. અમારે તમારી રમત જોવી છે ! તમારા મદારી કોણુ છે તે તો જાણીએ, અને તેણે તમને શું શું શિખવ્યું છે તે પણુ જોઇએ.

હનુમાન-વીર બાલકો ! પ્રથમ તો તમારી વીરતાને ધન્ય છે. તમારૂં અદ્ભુત પરાક્રમ જોઇ હું પણુ પ્રસન્ન થયો છું.

અમારા મહારી તે છે કે જે આખા વિશ્વને પોતાના ડુગડુગીયાથી નચાવી રહ્યા છે. તેણે અમને એવી તો અટપટી રમતો શીખવી છે કે તેને તો જોનારજ જાણે.

લવ–બહુ સારૂં. આ તો યુધ્ધભુમિ છે. અમારે તો તમારી આત્મપ્રસંશાએ સાંભળવી નથી. અને નકામી વાતો પણ સાંભળી વ્યર્થ વખતને ખોવો નથી. લડવા આવ્યા છો તો તૈયાર થઈ જાઓ.

હનુમાન–એમ

ધસી ઉછળ્યો મુષ્ટિ ઉગામી, ભકત પ્રાક્રમ દાવ છે,
હું સરીખો કોઈ નહિ. અભિમાનનો મનભાવ છે;
તે તોડવા માયા રચી, સુઝે નહિ મન હાર્યું છે,
ચિત્ત મારૂં ચકડોળે ચઢયું શ્રીરામ શું દીલ ધાર્યું છે.

આમ લડતાં લડતાં સાંજ પડી જાય છે. યુધ્ધ બંધ પડે છે. અને લવકુશ હસતા હસતા જાય છે.

રામ તેમને જતા જતાં જુએ છે અને બોલે છે.

જોઈ હસંતા બાલવીર બે રમત રણમાં આમશું,
મુખદંતરાજી દીપતી, સંધ્યા સમે સૂર્યાસ્તશું.

લવ—(આશ્ચર્યથી) ભાઈ ભાઈ જોતો ખરો આકાશમાં પેલી તરફથી આપણી તરફ કાંઈ મ્હોટો પદાર્થ આવે છે તે.

કુશ—એતો વિમાન છે જો.

લવ—તો એને પણ આપણે બાણેવતી ભુકે ભુકા કરી ઉરાડી નાંખીએ.

કુશ—એમાં બેસનાર યોધ્ધાને જોઈએ તો ખરાકે તે કેવો લડનાર છે.

લવ—વારૂ ઠીક છે. એમ કહી વાંકી નજરે ધનુષ્ય ટેકી ઉભો રહે છે. ને કુશ સસ્મીત આદર પૂર્વક શ્રીરામને ટગ ટગ જુએ છે તે જોઈ શ્રીરામ કહે છે.

## કલ્યાણુ તેતાલો.

તે મુખ તે દંત પંક્તિ પ્રકાશ.
ઇંદુવદની મમ પ્રાણુ પ્રિયાનું,
વિકસીત કમળ સમું મંદ હાસ્ય. તે મુખ.
આ મુની બાલકમાં પ્રતિબિંબીત,
અંગ પ્રતિ અંગ અંગ આભાસ. તે મુખ.
વદતાં વિલાસે ખાડા કપોળે,
ભાલ વિશાલને કંઠ સકાશ. તે મુખ.
સાદૃશ તે કર્ણ તે મૃગનયનો,
સ્મરણે ભરે સ્ફુટ ઉભાં મુજ પાસ. તે મુખ.
સંપૂર્ણ યૌવન શ્રી મદનાંકિત,
વધતાં પયોધર પુષ્ટ પ્રકાશ; તે મુખ.
તલ્લીન મુગ્ધા રસે ડુબી સ્મરણે.
ભાન ભરે તે પ્રિયાનો વિલાસ. તે મુખ.
નંદ ઇન્દિરા પ્રેમ ધુરી શૂરી,
નૂરી રતિ રણુદેવી શું પાસ; તે મુખ.

### વસંતતિલકા.

વૈદેહીના સુ તનું સ્પર્શથી સુખ જેવું,
આનંદમાં અનુભવું સુખ સ્પર્શ તેવું;
સીંચે સુધા રગ રગે મિંચું નેત્ર એવું.
રે બાલકો અડકી રો, નથી અન્ય કહેવું,
આ દુષ્ટ ક્લેશી દુઃખીયો વિરહી વ્યથાએ;
છે રામ આમ બળતો સુખી સ્હેજ થાએ.
રે ભેટી ભેટી રણુમાં કચડાઇ જાએ,
પ્રેમ સ્વરૂપ શીવ શેષ, વિનાજ કાયે;

છે યોગીઓ તપ પ્રભાવ તમારી કાએ.
એ છે અલૌકિક સુસ્પર્શ ધીકચો ભુઝાયે,
જ્યાં પાપી પ્રાણુ શુદ્ધ થઇ સુખને સધાએ;
જાણે ડુબ્યો રસધિમાં ×રણુ જંગમાંએ.

રામ ધનુષ્ય લઈ લવકુશની જરી આગલ આવી સામા ઉભા છે. રણુ સંગ્રામમાં ધનુષ્ય ઉપર બાણુ ખેંચાતુ નથી. તે વખત વિસ્મીત થઇ રહે છે. અને સ્વગત વિચારે છે- કે શીવનું ચાપ ભાંજનાર, એક પત્ની, એક બાણુ એક વચન ધરનાર, રાવણુનો વધ કરનાર તે હું રામ કે કોઈ બીજો ? મહારી શક્તિ કયાં ગઇ ? હું તે રામ કે કલીપુરૂષ ? કળીયુગમાંનો માણુસ થઈ ગયો કે શું ? આ બ્રાહ્મણોના પુત્રથી તેના બ્રહ્મતેજથી મારૂં ક્ષાત્ર તેજ હણાઇ ગયું. કે સીતાને પરહરી તેથી શૌર્ય ગયું કે એક વચન પત્નીને પરણુતી વખતે પાલન પોષણુ કરવાનું આપી કહાડી મૂકી તેથી સત્ય ગયું ? કે આ વૈદેહી સીતાનો પ્રભાવ મારી સામે ઉભો રહી મારો પરાભવ કરે છે. અને આ બાળકો ઉપર પ્રેમ કેમ ઉત્પન્ન થાય છે. શું ભયથી ? શું પુજ્ય ભાવથી ? કે શું આત્મભાવથી ? કંઇજ સમજાતું નથી. મારી ત્રિશંકુંવત મનની ગતિ થઇ છે. કે સમાન રૂપથી, કે સમાન પરાક્રમથી કે સમાન ધર્મથી કે તત્વથી આ સ્થિતિ પ્રાપ્ત થઇ છે. આ નાના બાળકમાં પરાક્રમ શેનું ? તે કયાંથી આવ્યું. અરે એતો લડવાને ટાંપી રહ્યા છે. અને બાણુ ચઢાવી ઉભા છે અનેં મારાથી તો ધનુષ્ય ખેંચાતું નથી

## શાર્દૂલ.

ઉભો ચાપ ચઢાવી ભાલ ભ્રકૂટી સુભ્રૂવનેત્રે કરી,
અગ્ની ક્રોધ ભરી મને અહી, ગણી માતૃ ભક્તિ ભરી.
ઉછેરી રસવીર હું કૃતિ શું આ ઉભા અંહી અવતરી,
ધરણીતે ગતિથી ધ્રુજવી ભખીઆ, કાલાગ્નિ પ્રલ્હે કરી.

---

( બ્રહ્મસ્વરૂપ )

એ નિર્દોષ બાલક છે. હું પાપી વૃદ્ધ છું એટલે સમાનત્વ ક્યાંથી ? એનું તપોબળ અને પુણ્ય પ્રભાવ હું વૈદેહીને કાઢી મૂકનારને ગ્રશવા આવતો હોય તેમ જણાય છે. બીચારી વૈદેહી ભુખ તરસને લીધે રખડી રવળી મને શાપ દેતી સિંહના મુખમાં કે દાઢાની પડી હશે. તેને પુત્ર સંભવજ ક્યાંથી ? હા. હા. મને સ્ત્રી હત્યાની સાથે બાળ હત્યા પણ ચોંટી ચૂકી. મેં રવિકૂળનો રવિ અસ્ત કર્યો હા. કુલ ધ્વંસી પાપી રામ ? તું જન્મતાંજ કેમ ન મુઓ. કહી મૂચ્છિંત થાય છે.

આ દ્રશ્ય જોઈ લવ કુશને કહે છે. અરે આ પુરૂષને એકા એક કાંઈ થઈ આવ્યું. માટે એને ઉઠાડવો એ આ વખતે ધર્મ છે. યુદ્ધ કરવું એ ધર્મ નથી.

રામને ઉઠાડે છે. પણ રામ પોતાની મેળે ઉભા થઈ જાય છે.

રામ—હે બાલકો ? તમે કોના પુત્ર છો ?

લવ—અમારા દાદા મહર્ષિ વિશ્વામિત્ર છે.

કુશ—અમારી માતાનું નામ આર્યાસતી છે.

રામ—તમારામાં તો ક્ષત્રિ તેજ દેખાય છે અને બ્રાહ્મણો તપશ્ચર્યા મૂકી રણસંગ્રામ કરતા નથી. અને અશ્વને બાંધતા નથી. પણ ગાયને બાંધે છે.

લવ—શું ક્ષત્રી ગૌપાલન નથી કરતા ? મહાનુભાવ દીલીપ જેવાએ પણ ગૌસેવા સ્વીકારી છે.

કુશ—તમે લડવા આવ્યા છોકે હમારી પડપુછ કરવા આવ્યા છે.

રામ—અયોધ્યાપતિ રામચંદ્રને તમે ઓળખો છો ખરા કે ?

લવકુશ—સાંભળો એ મહાનુભાવ શ્રી રામ વિષે.

### વસંતતિલકા.

લવ—
શ્રીરામ પ્રાક્રમ પિનાકી મુખે વખાણે,
જે એક બાણુધર મહારથીઓ પીછાણે.
જેનો પ્રભાવ સમરે દશ કંઠ નાણે,
શીખાઉ મુજ સરીખા કર જોડી જાણે.

કુશ— જે રામ નામથી તર્યા જડપ્હાડ પ્હાણે,
માશ સમાન ભણનાર પૂજી પ્રમાણે.
જે રામ નામ સ્મરતાં વીર શૌર્ય આણે,
કીર્તી ગુમાવી થઇ બે વચનેથી હાણે.

લવ— પ્રારંભમાં ધનુ લઇ શીખવાને ટાણે,
શ્રી રામનામ સ્મરીએ નિત્યે ગુરૂ પીછાણે.
વિદ્યાર્થી સર્વ નમીને પછી શૌર્યઆણે,
સર્વે ઋષિ મુની શ્રી રામ મુખે વખાણે.

રામ—(સક્રોધ) શું રામ બે વચની હતા.

છોકરાઓ—શું નથી થયા.

કુશ—એ વીર શીરોમણીનું નામજ પરાક્રમ ભરવાને સમર્થ છે. ધ્યાન રાખો. હાથમાં શસ્ત્ર લો.

રામ—તમે રામાયણ ભણ્યા છો તો સીતાને રામે વનમાં મૂકી ત્યાર પછી સીતાનું શું થયું તે કહો. પછી હું ધનુષ્ય લઇશ.

લવ—સાંભળો. નિર્દોષ ભોળી યુવતી વળી ગર્ભીણીને,
જે સત્ય પ્રેમવીણ અન્ય ન રે' ભણીને.
જે ક્રૂર ઘાતકી રહચો તરછોડો તેને,
લેવા ન નામ જન આદરશે ફરીને.

રામ—આ સઘળી વાત તો આ મુનિ પુત્રો ખરેખરીજ કહે છે. પરાક્રમની સાથે તેમનું જ્ઞાન પણ તેવુંજ છે. સકલગુણ સંપન્ન મુની હોય એમાં નવાઇ શી ?

---

કવિ— કવિવરોના તર્ક તે રવિ ના ત્યાં જઇ દૂર
તલ્લિન બ્રહ્માનંદમાં ઘુમી થાય ચકચૂર.
જાણે અવર શું તે નિર્વિકલ્પને.
વર્ણી શું શકીએ શું શું અલ્પ હમે,

---

# રામાયણ નાટય લહરી.

## ઋષિ આશ્રમ.

લવ—બા ! બા ! અમે અમારે રમવા માટે તથા બેસવા માટે આ સુંદર ઘોડો પકડી લાવ્યા છીએ.

સીતા—અલ્યા, કોનો ઘોડો, અને તે કેવો છે ?

કુશ—આ રહ્યો. જો તો ખરી. અરે તેને માથે તો એક સુવર્ણ લેખ હતો, તે વાંચીને અમને ઘૃણા ઉત્પન્ન થઈ. અમે વીર જનનીના જાયા છીએ. પૃથ્વી કાંઈ નિસત્વ કે નિર્વિર્ય થઇ ગઇ નથી. એટલે અમે ઘોડાને બાંધ્યો. અને પછી તો એ ઘોડાના રક્ષક મોટા મોટા વાંદરાઓ, રીંછો, અને મનુષ્યો આવ્યા. એ સવને હરાવી નાંખ્યા. ત્યારપછી એક વૃદ્ધ પુરુષ તેની વતી લડવા આવ્યો તેનાથી ધનુષ્ય ઉપર બાણ ખેંચાયું નહિ. અને અમને જોતાંજ મૂર્છિત થઇ ગયો. આખું સૈન્ય મુર્છિત અવસ્થામાં પડયું અને આ શરીર શોભાવવાના વિવિધ શણગારોને અહીં લાવ્યા છીએ.

લવ—બા-બા. જો આ મુગટ કેવો સુંદર લાગે છે. વળી આ રત્ન જડીત હાર તો જો ? પેલા બાજુબંધ અને કડાઓ-કટી મેખલાઓ-જોનારની વૃત્તિ સહસા લોભાવે તેવા છે.

સીતા—અરે નાહાન છોકરાઓ ! તમે આ શું કર્યું. રીંછ અને વાનરનું સૈન્ય શ્રી રામચંદ્રજી વિના બીજા કોઇનું હોય નહિ ? અરે આ મુગટ તો પ્રિય પતિનોજ છે હા ? કૃતઘ્ન ? કુલઘાતકો ? જાઓ, જાઓ, અહીંથી તમારૂં મુખ મને બતાવશો નહિ ખરેખર તમે મારા આખાય જીવનની દુર્દશા કરી-મારી ઉત્તર વયે પણ હે દીકરાઓ ? તમે આ કૃત્ય કરી મારી ભક્તિને લાંછન લગાડયું. બોલો ? બોલો ? એ પ્રિય રઘુવીર કયાં છે. હું ત્યા દોડીને જાઉં. મારા અને તમારા અપરાધની પાચે પડી ક્ષમા માગું. એમ કહી દોડતાં ભીંત સાથે માથું અફળાય છે અને મૂર્છિત થાય છે.

આ ઘોંઘાટ અને કોલાહલથી મુનિવર્ય વાલ્મિકી ત્યાં આવી પહોંચે છે. પોતાની યોગ શક્તિથી સઘળી બીના જાણી જાય છે. અને પોતેજ જ્યાં ભગવાન રામચંદ્રજી મૂર્છિત પડેલા છે ત્યાં જાય છે.

હે અનંત ઐશ્વર્ય શકિત સંપન્ન સ્વામી. તમારી લીલાને હવે તો સંકેલો. ભલભલાને ગોથા ખવાડનાર અદ્દભુત અચિંત્ય આપ પરમાત્માના પારને કોણ પામી શકે? જેવો અવતાર તેવો વેષ ભજવનાર એ અનંત વેષધારી ઉઠો ઉઠો જાગ્રત થાઓ. આખું વિશ્વ જેની આંખની અણી વક્ર થયે થરથર કંપવા લાગે તે એક બાળકને જોઇ આમ મૂર્છિત થાઓ એ બનેજ નહિ. પણ વાત્સલ્યભાવે ક્રિયા કરનાર આપ ત્રિભુવનપાલકને ધન્ય છે. તમારી સામે લડવા આવનાર પ્રભો તમારાજ બાલકો છે પણ પુત્ર કુપુત્ર થાય પિતા કુપિતા ન થાય એ વિશ્વપ્રસિદ્ધ ન્યાયે આપે આપની દયાળુતા પુત્ર સામે બાણ ન ચઢાવીને દર્શાવી આપી છે.

હે રામ! હે રઘુવીર? ચલો હવે આશ્રમપ્રતિ ચાલો. ત્યાં અમારા આતિથ્યને સ્વીકારી પછી અયોધ્યા સીધાવશો.

રામ–ઝબકીને બેઠા થઇને. કોણ મુનિવર્ય વાલ્મિકી. ઘણી કૃપા કરી આપ અહીં સુધી પધાર્યા. હું પોતેજ આપના આશ્રમે આવનાર હતો. નદીએ સમુદ્રની પાસેજ જવું જોઇએ. પણ આ તો સમુદ્ર નદીની પાસે આવ્યો. આપના તપ પ્રભાવયુક્ત નિર્મળ અંતઃકરણને સહસ્ર ધન્ય છે.

द्वाविमौ पुरुषौ सूर्य मंडल भेदीनौ परिव्राट योगयुक्त श्च रणे चाभिमुखो हताहा.

યોગયુક્ત એવો સન્યાસી અને (૨) રણસંગ્રામમાં આગળ ધસી મરનાર એ બે જણા સૂર્યમંડલને ભેદીને જાય છે.

(મહાભારત શાંતિપર્વ)

હે મહર્ષિ! આર્ય અત્યંત પ્રેમાવેશને લીધે આપને નહિ જોતાં ભૂલથી મર્યાદાનું ઉલ્લંઘન થયું હોય અથવા આર્યાશ્રી વૈદેહીને વનમાં મોકલવાથી આપને ક્ષોભ થયો હોય તો ક્ષમા કરો. દયા કરો. હું અપરાધી નથી. મારૂં કર્તવ્ય શું. તેનો વિચાર કરી કલંક રહિત થવા અને સૌનું દોહદ પુરૂં કરવા આ નિર્દોષ સુકુમારી આર્યાજાનો ત્યાગ કર્યો.

### વસંતતિલકા.

રહી એક બાજુ વસુધા નૃપ કીરતીને,
પલ્લે બીજે મનની તાજુડી આ સતીને;
છુપ્યું કલંક હરવા જન આદરીને,
કર્તવ્ય શ્રેય કર્યું પ્રેમ સતીને તજીને.

વાલ્મિકી છે ધન્ય ધન્ય શ્રી રામ જીતેન્દ્રિ કૂળ,
ફેંકી દીધાં રતન જંગલમાં અમૂલ;
સોચ્યાં શરીર મન દુઃખ પ્રિયા અતુલ,
મુક્તિ શું પ્રાણુ કરી ચોગ્ય તર્યો ન ભુલ.

પ્રથમ શીષ્ય–આ સીતાના સત્યથી આ જંગલ અને આશ્રમ એક મહેલ બની જાઓ.

બીજો શીષ્ય–આ રૂદ્રાક્ષની માળા આર્યાશ્રી વૈદેહીના પ્રભાવથી પુષ્પમાળાઓ થાઓ.

ત્રોજો શીષ્ય–આ યજ્ઞ કુંડ છે. ત્યાં આ ક્ષણે છત્ર ચામર ચક્રથી શોભીતું સિંહાસન થાઓ.

ચોથો શીષ્ય–આર્યાશ્રી વૈદેહીના તપ પ્રભાવથી એનાં વૃધ્ધ માતા પિતા સાસુઓ તથા દીયરો સભૃત્ય વર્ગ અહીં પ્રાપ્ત થાઓ. તથાસ્તુ.

વાલ્મિકી–હે મહાનુભાવ આ તમારી સતીનો સ્વીકાર કરો અને આ તમારા પુત્રને જોઈ પ્રસન્ન થાઓ. અને આ અલૌકિક સિંહાસન ઉપર પટરાણી સહિત પુત્રો સાથે વિરાજો.

રામ–હે તપોનિધે ? હે મંત્રદ્રષ્ટા ? જે જીવનમુક્ત મહર્ષિ સદ્‌ગુણીને ઠરવાના ઠામ સત્ય અને ધર્માચરણુ કરતા દુઃખીત થયલાના વિશ્રામ આપ વનમાં વસો છો. તેથીજ હમે ત્રાવર્ગ સર્વ સુખસંપત્તિ પામી ધર્મ નીતિ સત્ય પરાયણુ છૈએ. હમારૂં કર્તવ્ય હમે જાણુતા નથી. તો પણુ આપના વચનનું પાલન કરવું એટલુંજ સમજીએ છીએ. અને તેથી હમોને સર્વ સુખ પ્રાપ્ત થાય છે. માટે આપની આજ્ઞાનુસાર આ સિંહાસન વૈદેહી સહિત સ્વીકારૂં છું. રામ સીતા પુત્રો સહિત સીંહાસને બેસે છે.

# प्रकीर्ण.

વૈદેહીને કાઢી મુકી તે વખતે રામનું આ કૃત્ય પ્રજામાંથી કોઈ સમજ્યું નહિ. અને રામે આ ઠીક ન કર્યું એમ કહેવા લાગ્યા. લક્ષ્મણે રામના કામનો નિષેધ ન કરતાં આજ્ઞા પાળવી એજ કર્તવ્યને સ્વીકાર્યું. સીતાએ તો રામના પ્રેમમાં દોષ દીઠોજ નહિ. તે પોતાના ભાગ્યનો દોષ કાઢતી.

### ઠુમકચલત રામચંદ્ર એ ઢાલનું પદ.

કોણ જાણે રામચંદ્ર અકળ એક બળીયા,
સકલ વિકળ એક ધીર લોકનાથ કળીયા. કોણ૦
ગંભીર પ્રીતિ નિધિ રીતીથી રંજન જન શુભ મન મતિથી,
ભેદ એ અભેદ નીતિથી સમજી નાહિ વળીયા. કોણ૦
લઈ તુલા નીજ તોલ કરે, શોક ધરી અશ્રુ ભરે.
કરી હરીહરી હાય ફરે, વીરહમાંહ્ય વળીયા. કોણ૦
સતિ સગર્ભ ઉંઘતી કનેથી, વન વળાવી વદી વચનેથી,
એક અનુજ છે મનેથી સાહ્ય થઇ હળીયા. કોણ૦
નંદ ઇન્દિરા ટીટોડી જાતકી, હતી એક મ્હોડી,
દોષ દે ન કરને જોડી ભાગ્ય નીતિ છળીયા. કોણ૦

### ચોપાઇ.

ઊંઘતી ગર્ભીણી સતી અને વિશ્વાસુ પ્રિયનાર,
છોડી રામની નીતી ઊંચી કલંક દૂર કરનાર. ૧.
રામ રહ્દયની તુલના રામ થાય તો થાય,
આપે જન નીજ બુદ્ધિથી માત્ર ઊંધો અફળાય. ૨.
સીતા બની સીત હૃદયને સીતા ચક્ષુથી જોય,
સદ્‌ગુણ મૂર્તિ રામનો પ્રેમ જણાશે તોય. ૩.
દોષ નહિ દેખાયને પ્રેમ મૂર્તિ મન મ્હોય,
વૈદેહી થઇ રામને રામ થઈ મતિ તોય. ૫.

---

આજ રામ બનકું સીધાવે એ લય.

આમ રામ કર્તવ્ય કરે, નહિ અવર કશાથી ડરે. આમ૦
હંસગામિની વૈદેહી પગ રણુ રેતીમાં ફરે,
તપી ચૈત્ત મધ્યાન્હે તાતી; અશ્રુ આંખથી ગરે. આમ૦
કોમળ મુખ કરમાયું ભુખથી, જોયે ના નજરે,
અનુજ આમ કરમાઇ ચાલે, પ્રેમ જે અનુસરે. આમ૦
ટીટોડી સમ ટળવળતી માતા મૂર્છામાં હર હરે,
પ્રજા કુટુંબી જન મિત્રોનાં રૂદન કર્ણ ના ધરે. આમ૦
કિસલય કુમળા સમ નીજપદમાં જે જે કંટક ભરે,
ઝટ્ટ કાઢી લે ના લેખવતાં રકત જ્યાંહથી ઝરે. આમ૦
ઝાડી ભયાનકમાં ઘનગરજે પ્રતિ શબ્દે ઉચ્ચરે,
સિંહ ગુહાથી નિસરી સન્મુખે તેથી ભય ના ધરે. આમ૦
પુલ સૈયાને સાટે કંકર મસ્તક નીચે કરે,
શીતળ જળથી સ્નાન કરીને ધ્યાન બ્રહ્મનું ધરે. આમ૦
અશન વસનને છાંય પર્ણની કુશ આસન પાથરે,
પૂજન અર્ચન મુનિનાં કરતાં વનચર પશુથી ડરે. આમ૦
વશિષ્ઠનો એ શીષ્ય વીરધીર તાત વચન શીર પરે,
શસ્ત્ર અસ્ત્રથી સજ્યો દીપેને દીવ્ય ધનુને ધરે. આમ૦

દોહરા.

આનંદે વન ચોવને ફરતા ધર્મ ચરી,
કલિ પેઠો શ્રીરામમાં લેશ દયા ન ધરી;
રામ હૃદયને એક તે પરખે પ્રેમી સીતા,
સીતા હૃદયને રામ તે પ્રોય જાણે અમિતા.

કહો અન્ય શું વરણે વતી,
જ્યોતિ જોવાય કહો કયમ તીમીર વતી;
જયમ સાગરની મોજને તરંગ જાણી રેહ,
પ્રેમ રંગ તરંગ તે સાગર વીણુ કો કેહ.

દ્રષ્ટા દ્રષ્ય કહો થાએ કેમ કરી,
જડ વાણી શું વર્ણે આત્મ ભરી;
જે પ્રેમે કરી કુમુદની ચંદ્રથી વિકસી રેહ,
ચંદ્ર વિના કયમ અવર કે પ્રેમ વર્ણાવે તેહ.

એક રામ કે સીતા અનુભવે,
મૌન રાખવું એ વર્ણન હવે.

ખુબી બધી પ્રાણપ્રિયા ચાતુરીની એ કાવ્યની પૂર્તિ.

## શીખરીણી.

દીપે લક્ષ્મી એ તો રૂમ ઝુમ કરી ગૃહીણી રહી,
સુગંધી સુક્રિતા, શીતળ શ્રમ હારી તરૂ લહી;
સુ સંતાને સાધ્વી, સફળ ભવ તર્ણી ભવ મંહિ,
પીયુષે પ્રેમાબ્ધિ, વિલસતી શચીના સમ સહી.

## વસંતતિલકા.

વિલાસતું વદન સસ્મિત દંત રાજી,
વિદ્યુત વેગ તીરછાં નયનોથી લાજી;
ઉરસ્થળે નભ સુ કૌમુદિ કાંતિ છાજી,
કોકીલ કૂજીત રવે મન આ વિરાજી.

## ઇંદ્રવજ્રા.

અમૃત આલિંગન પામે,
સીંચે ઝરી અંગ અનંગ વામે;
વાધે સીતા કૈમુદિ સીત પામે,
પ્રતિ પળે સુખ સમાધિ આપે.

## વસંતતિલકા.

વાધે પળે પળ ઝરી રસ સિંધુ શામા,
ઠારે ઠરી શીતળ ચંદન પૂર્ણ કામા;
વિશ્રામી જે શ્રમહરી હૃદયે વિરામા,
રંગે રતી રમણની રમણીય રામા.

દોહરા.—દોહદ દુઃખથી શીથીલ થઇ ઢળી નિદ્રાની માંહ્ય,
પણ મુજ કંથે કર પ્રીતિ, સર્વ સમેટી હાય ?

## માલિની.

શીથીલ થઈ ગયાં સૌ ગાત્ર નિદ્રા ભરેલાં,
સ્મિત મુખ મન નેત્રો, લ્હેર સુખે મિચેલાં;
પણ પ્રીતિ કિરણો જે રામ રામે ઝરેલાં,
કર કમલ સમા બે કંઠ આવી ઠરેલાં.

નથી નથી નથી એતો અંક મ્હારે સુતેલી,
પલ વલ પય પ્રીતિ, સ્નેહ સારે ડુબેલી;
કુમળી કળી નિશાએ ભૃંગ ભુજે ભીડેલી,
શ્રમીત સુખ સુહાસે આ નલિની બીડેલી.

## હરીગીત વૃત.

શ્રુતિ ધર્મ સેતુ સત્ય છોડી કોણ સુખી અન્યાયથી,
એ ચામ ચોરી બળ સજોરી પરત્રીયા સંતાપથી;
કયમ છોડશે પટ રોગ સૃષ્ટિ નિયમ શિક્ષા પાપથી
પરઘરના ભંગે ધમણુ પુંકી પુંકી અરમસાર પણ બાળતી. ૧

નિશ્વાસ મૂવાં ઢોરનાં જડચર્મ તણી ધમણો બની,
પુંકી પુંકી નીસાસા નાંખતી ભડકાવી ભભુકા અગ્નીની;
જવાળા કરે છે ભસ્મ લોઢું ખાખ બનતી સર્વની,
છળ કપટ કરી હોર્યો હુતાશન કુબુધ એ ખળ અસુરની. ૨

કુલ શીલ મર્યાદા તજાવે મદન મીન કેતૂ સદા,
જપ યોગ તપ વિજ્ઞાન વિદ્યા જૈ ભરે તીમીર દ્રદા;
ધન ધીરજ કીર્તિ નિયમ ન્હાસે કલેશ કલીભય વિપદા.
ચીર બ્રહ્મચર્ય ઉદ્ય શાંતિ ઘટે કામવાસના સર્વદા. ૩

ફરકે ધ્વજા દશ વદન કાઢી મ્હેલ ઉપર પવનથી,
ઝળકે દીવા કુંડલ મણીમય વીજળી ચમકી મુકુટની;
બેઠો સિંહાસન નિજ સભામાં વ્યષ્ટિ નકારી અંગદતણી,
લંક બાળી ઉદ્ધત કપિવર વાત બે વાનર મણી. ૪

તે જોયું રામે કોઇ ન જાણે, સામી ઉદધી તીરથી,
સૂતા હતા જે અનુજ સાથે વાત કરતા પ્રેમથી.
શોભા સુનાની લંક અરીને જોઇ શર ફેંકયું જહીં,
દીપ કુંડળો ધ્વજ ઉડી મુકુટ અંધારૂં તુટી પુટી તહીં. ૫

---

રાવણનો વધ કર્યા પછી સીતાજીનો મેળાપ કરી લક્ષ્મણ સહિત બેસી અયોધ્યામાં ભરતની ચિંતા આગળ રામ આવે છે. તે દરમ્યાન વિમાનમાંથી સૃષ્ટિ સૌન્દર્ય અને આશ્રમો વીગેરેનું વર્ણન શ્રી રામચંદ્રજી કરે છે. આ કવિતાઓ છાપવી રહી ગયલી હોવાથી અત્રે છાપી છે તે જયાંની ત્યાં વાંચી લેવી.

### વસંતતિલકા.

સૂર્યોદયે પુરણ આહુતિ અર્ધ આપી,
આ બ્રહ્મવાદી મુનિઓ શીખવે અલાપી.
ત્રીવર્ગને ત્રણ રીતે ત્રણ વર્ગ થાપી,
આત્મા શરીર મનના મળ સર્વ કાપી.

સીતા–પ્રાણેશ ! પેલી ઝાડીમાં સૂર્યોદયના કીરણો પેસી અહીંથી દૂર પેલા મઠ આગળ કન્યકાઓને શીખવતી વિદુષીઓ જણાય છે તેને પ્રદર્શિત કરે છે તે પણ જુઓ.

### વસંતતિલકા.

કન્યા વિદુષિ શીખવે ગૃહિણી સ્વધર્મ,
ને સત્ય શીલ પૂજનાદિકના સુકર્મ. ૧.
આત્મા શરીર મન ઉન્નતિ આપી સુકર્મ,
સજ્ઞાન શાસ્ત્ર નીતી ધૈર્ય વીરત્વ મર્મ. ૨.

રામ–અહો પ્રાણપ્રિયા આ વનમાં ફરતાં ફરતાં આપણા કાન કેવા વેદની મધુર ધ્વનિથી પવિત્ર થાય છે. સાંભળ.

### વસંતતિલકા.

સંધ્યા કરી જપ કરી ગુરૂ અગ્ની સેવી,
આ બ્રહ્મચારી ભણુતા કરી ઘોષ એવી.

છે વીપ્રના તનુજ વેદની ધૂન હેવી,
સાક્ષાત ભૂમિ પર ભારતી આવી દેવી.

રામ–વળી પેલા મેદાનમાં ક્ષત્રી તનુજો અભ્યાસ કરે છે તે પણ જુઓ.

### વસંતતિલકા.

બ્રાહ્મે ઉઠી જપ કરી દઇ આહુતિ જે,
ક્ષત્રીતણા તનુજ પેલી તળેટી માંહે.
આ બ્રહ્મચારી સઘળા ભણુતા જણાએ,
જો જો પ્રિયા ધનુર ઘર્ઘર શબ્દ થાએ.

### શાર્દૂલ.

ઊંચા હીમગીરી તણા શીખરથી જાએ ધસી વ્હોકળાં,
જો જો વહાલી દિસે દૂર થકી ઠંડા મીઠા આકળાં.
બાંધી પર્ણ કુટી વસે વટતણા વૃક્ષો નીચે શીતળાં,
વાનપ્રસ્થ તળેટીમાં શમીદમે ઇંદ્રિ મનો વ્યાકુળાં.

### માલિની.

મયૂર મન મૂકીને નાચતા આંગણામાં,
મૂકી ભરી જ્યાંહાં વેર્યાં ફેંકીનીવાર દાણા.
હરિણ શીશુ ચરે શું કીર કોકીલ પાળ્યાં,
વન વસી વિષયોને વાનપ્રસ્થેજ ટાળ્યાં.

### શાર્દૂલ.

જેણે શહેર નૃપાળની ખટપટો એકાંત આવી તજી.
આતીથ્યે અગ્નો પ્રિયા સહિત રે અભ્યાસ યોગે યજી,
કાપી વિકળતા મનોરથ મૂકયા અર્થાર્થ બંને ભજી.
પૂત્રો ધન્ન સ્વબંધુ વર્ગ તજતાં સન્યાસ સારૂં સજી,

રામ–પ્રિયે પેલી દૂર ઝાડી તરફ જો. ત્યાં યોગીઓ ગુહામાં ભરાઇ બેઠાં છે. કારણ કે તેમને કોઇ પ્રકારે સમાધિમાં વિઘ્ન આવે નહિ.

### મહાક્રાંતા.

ગુહા ઊંડી આડી ઘટ વનની ઝાડી જયમનીશી,
બપોરે અંધારૂં ઘન તીમીર અહ્રે થઇ જશી.
પૂરી નાંખી મૂકી મુખમંહિ શીલાદ્વારસરથી,
સમાધી સાધીને છૂપી રહી નીરોધે ચિત્ત વશી

સીતા–વહાલા આપણા વિલાસ મંદિરના પક્ષીઓથી પણુ આ પક્ષીઓ વિલક્ષણ કેટલા બધાં સ્વચ્છંદે કીલકીલાર કરેછે. અને ચરેછે.

રામ-પ્રિયે એનું કારણુ એટલુંજ છે કે આ માહાનુભાવ મુનીવર્યો તેમને પાંજરામાં પુરતા નથી. સ્વતંત્રતાની કિંમત અને બંધનોનો તીરસ્કાર પુરજનોને નથી. પણ સ્વેચ્છાચારી મુની શાર્દુલોજ તેની ખરી કિંમત પીછાણે છે. ને મન વચ કર્મે કોઈનું બંધન સહન કરી શકતા નથી.

### વસંતતિલકા.

મુકિત વિષે મથન જે કરતાજ સૂરે,
જે કહે બંધન મહા દુઃખ સૌથી ક્રુરે.
જેને સ્વતંત્રપણું સર્વથી શ્રેષ્ઠઉરે,
તે કેમ પીંજર વિશે દ્વીજ પક્ષી પૂરે.

---

ડરમાં તું ઢીલ સાથ એ ઢાળની લાવણી.

ધોઇ ધોઇ ચરણુ પીવાય, ઋષિ મુનિ પત્નીઓના પાય.
દૃઢ ભકિત પ્રેમ ઊભરાય, વિદૂષી સતીઓ તાપસી માંહ્ય.

### વળણુ.

ગંધ લેપ કુંમકુમ થકો કુસુમનીમાળ,
વૈદેહી સતી શીરમણી નિર્ગમતી છે કાળ;
સુણીજ્ઞાન સુબોધે થાય.

રામ—

### શીખરણી.

નહિ નિશ્ચે થાયે સુખ શું અથવા દુઃખ સ્થિતિ આ,
ઊંઘું છું કે જાગું પ્રસર્યું વિષ કે કેફ ચઢી આ;
પ્રિયા સ્પર્શે, સ્પર્શે, સકળ મુજ ઇંદ્રિ ગણુ વહ્યા,
બળે છે ચૈતન્યે ચિત શું અથવા તે શમી ગયા.

વહાલી વળી જો.

### વસંતતિલકા.

વ્હાલી રસાયન પ્રીતિ પિયુષે ઠરીને;
આનંદ સિંધુ પ્રતિ રોમ થકી ઝરીને;
વિવર્ત વન્હી વીર વ્યાકુળતા હરીને;
સચ્ચિદ રૂપ સુખ આપે દૃઢ ભક્તિ ભરીને.

### શાર્દૂલ.

જોડયા પ્રાણુ શું પ્રાણુ મન્ન મન શું ને ચિત્ત ચિ-તે હળી,
જે જે લગ્ન સમે ખરા વચનથી તે નિત્ય તેમાં ભળી;
જાએ છેજ સ્વભાવથી ધસી ધસી તે સત્ય સત્યે વળી,
અંગે અંગ અને મને મન મળે જાતિ સ્વજાતી ગળી.

પણ તેને જો વિખૂટા કરે વીપરીતે મહા પાતકી કો ચળી,
કોવાડે કદલી ઢળી પડી જતાં હા કષ્ટ કષ્ટે છળી,
સર્જી જે ચકલાની જોડ મૃગની સાથે રેહેવાવાળી,
વિયોગે ત્રફડી મરે વિકલ થૈ બેઉ વ્યથાએ બળી.

### શીખરીણી.

ફળો ફૂલો મૂળો અશન મન સાત્વિક સ્થળને,
આહારે અભ્યાસે જળ તીરથ વાયુ વિમળને;
તપે યજ્ઞે દાને, તરૂ તળ તળેટી અચળને,
સ્વતંત્રે સેવીને કદી નહિ પરાધીન છળને.

ઉપેક્ષા દુષ્ટોની કરી હૃદયમાંહે પ્રીતિ ભરે,
દયાથી ભીંજાઇ પરહિત અમી દૃષ્ટિથી ઝરે;
તપસ્વી તેજસ્વી ભવ તરણી તારી ભવતરે,
સદા સ્વેચ્છાચારી વન ગજ સમા મત્ત મહરે.

મૂખે માધુર્યે છે મધુથી મધુરી વાણી રસીલી,
પ્રકર્ષે પ્રજ્ઞાને પ્રીતિ હૃદય માંહે રહી ખીલી;
જડા શકિત ગ્રંથી જગત જુઠની થૈ ગઇ ઢીલી,
સદા પૂર્ણાનંદે ચિદ્ સ્વરૂપ વાડી રહી લીલી.

## વસંતતિલકા.

જેના પ્રભાવ થકી હિંસક પ્રાણી છે તે,
નૈસર્ગીકી મતિ મૂકી હળી જાય હેતે,
થાએ પતિત પણ પાવન દર્શને તે,
સાધુ સહાય સહ ભાગ્ય થકી મળે તે.

## સિતાજીની સ્તુતિ.

ઘેન શેરડીએ સંચર્યા એ રાહ. સારંગ.

શ્રી રામ સહ્રદય હૃદય કરી ખેંચી ધાઓને ચાપ,
હું રંક દીનની દાઝમાં ભુલી જઈ અપરાધ;
તપ્ત રેણુ રવિ ચૈત્રનો તપ્યો મધ્યાન્હ તાપ,
ત્રફડતું તન મૃગ મીનનું ફળ્યાં કોણ આ પાપ.

વિપરિત વંટોળ વાયુ આ આંધી આણી અપાર,
પર્વત સમ ઢગ રેતીમાં પડી પોપટી નિરાધાર;
આ નૂપુર નાંખું છું નરપતી એંધાણી ખરી ખાપ,
પગલાં નહિ પરખાય આ ભુંસાઈ થાયે સાફ.

પ્રેમ આકર્ષણ શકિત તે લોહ રામ ખેંચાય,
મુઢ મન ધ્રુવ સમીપે સદા તેથી માર્ગ પમાય;
શૌર્યને નિપજાવનાર એ દૈત્ય દળનો સંહાર,
કરીને મહાશ્રમ વેઠતાં દુઃખ દરીઆનો પાર.

દૈત્ય તે કેમ દયા ધરે, ગણે નહિ પુણ્ય પાપ,
ગાય ગરીબ રેંસી ખાય તે ધરે શેનો સંતાપ;
ટવળું ટીટોડી વન વને રામ રામ પોકાર,
પર્વત પણ અગ્નિ ઓકતા કરૂણારસ આવે બહાર.

શાપ દેતાં સત્ય જાય છે, પ્રેમ પ્રબળ સંહાર,
કરવાને સમરથ કોઈ છે સીત અમૃતધાર;
હઠ ન ધરૂં હવે હેતમાં પામી આમ સી ભાવ,
માન્યા નહિ તમ વચન મેં ભૂલાવી અભિમાન.

સાધર પૂરશો ન સ્વામીજી પ્રીત પૂર્ણ શ્રી રામ,
કંચૂકી સોજન્મે નહિ માગું સમ રામ નામ;
ઈન્દિરા આકૂળ એકલી રહે છે ભજી રામ નામ,
પૂર્ણ પ્રીતે ભુલી ભામીની થયો સંતાપ આમ.

---

# શ્રી રામાયણ નાટ્ય લહરી.

## સીતાશમન.

વાલ્મિકી—હે રામ. હું આ પ્રસંગના એક દ્રષ્ટા સાક્ષીરૂપે સતિ સીતાના શપથપૂર્વે કંઇક જણાવવાની મારી ફરજ સમજું છું.

મેં માત્ર દયાળુ અંતઃકરણથી વૈદિહીનું રૂદન સાંભળી તેને મારા આશ્રમમાં લાવી સત્યશીલ અને ધર્મની અને પતિપરાયંણુ પતિનની વાર્તાઓથી શાંત કરી ધર્મ તરફ તેની પ્રેરણા ન કરાવી હોય—તો મારા દશહજાર વર્ષનું તપ નિષ્ફળ જજો. અને મારા શરીર ઉપર આ ક્ષણેજ વજ્રપાત થાઓ.

(આકાશવાણી) હાંહાં. હાંહાં સત્ય તપા મુનીવર્ય વાલ્મિક ! આવી આકરી પ્રતિજ્ઞા શીદ કરો છો. તમારા સત્ય વિષે અને વૈદિહીની પતિપરાયણુતા પ્રત્યે અખિલ બ્રહ્માંડમાં કોઇને પણ શંકા નથી. અને તેના પરિણામે અમારી તમારા ઉપરની પ્રસન્નતા બતાવવા ખાતર અમે અમારી દિવ્ય દુંદુભી ગગડાવીએ છીએ અને દિવ્ય પુષ્પોની વૃષ્ટિ કરીએ છીએ.

વાલ્મિકી—હે આર્યા સતી વૈદેહી. આ ભૂમંડલના સર્વે મનુષ્યો આકાશમાંના સર્વ દેવતાઓ, ચંદ્રાદિ લોકના સર્વ પીતરો અને અકથ્ય વિભુ એવા ૐકારની સમક્ષ અને આ વૈશ્વાનરની સમક્ષ સર્વની ખાત્રી કરી આપો કે તમો સત્યપરાયણુ સતિ છો.

સીતા—આસન ઉપરથી ઉઠીને. હે ત્રિભુવનના ઉત્પાદક ! અને તે સિવાયનું બીજું જે કાંઇ અકથ્ય અગોચર ૐકાર જેને બ્રહ્મસ્વરૂપ કહે છે તેના સોગન ખાઈને હું કહું છું કે સૂર્યવંશના

શ્રી રામચંદ્રજી સીવાય મન કર્મ અને વાણીવડે અન્ય કોઈ પુરુષને મેં સ્વપ્નામાં પણ ચિંત્યો નથી. મારા શ્વાસ પ્રશ્વાસના રટણમાં પણ એ રામચંદ્રજીનું સ્મરણ ગુંજી રહ્યું છે. અને એ વાતની સત્યતા મેં અગ્નીમાં પડીને પણ આપેલી હોવા છતાં ફરી ફરીને કસોટીરૂપ માર્ગમાંથી પસાર થવાની મને તક મળે છે એ પણ મારા એક ધન્ય ભાગ છે. હે જનની! હે માતા! હવે તો તું મને માર્ગ આપી તારામાં સમાવી દે.

કવિ—આટલું કહેતાં વારમાંજ એક મહાન ત્રિભુવનને કંપાવી નાંખે એવો ભડાકો થયો. અને પૃથ્વી ફાટીને ચીરાઈ ગઇ તેમાં રત્નજડિત સીંહાસન લઇ પૃથ્વીમાતા પ્રકટ થયાં અને બોલ્યાં કે કે હે ભૂમિજાયા! હે દીકરી! તારી આર્તવાણી મેં સાંભળી છે. ચાલ ચાલ, મારે ઘેર ચાલ. આ સિંહાસન ઉપર બેસ.

સીતાજી દોડીને હે માતા તમને પ્રણામ છે. પ્રિય પતિ! આપને પણ આ કીંકરીના છેલ્લા પ્રણામ છે. કૃપાળુ નાથ! આ જન્મે મારા આત્માના ઓજસરૂપે આપ પ્રકટ ને પ્રકટ રહેજો.

આ પ્રમાણે પૃથ્વીની મહાન વિવરમાં સીતાજીનું શમન થયું તે સમયે સ્વર્ગ મૃત્યુ પાતાળ અને પૃથ્વિના સર્વ લોક દેવ, મહર્ષિ ગંધર્વ પીતરો અને ચારે વર્ણના લોકો ધન્ય સતિ સીતા! વૈદેહી! ધન્ય છે! ધન્ય છે! ધન્ય છે! એમ કહેવા લાગ્યા અને શોકગ્રસ્ત થઈ ગયા. શ્રી રામચંદ્રજી અને તેમના બે પુત્ર મૂચ્છિંત થઇ ગયા. એટલામાં શ્રી વાલ્મિકીએ કહ્યું કે હે રાઘવ! હે રઘુકૂળ નંદન! સાવધ થાઓ. સાવધ થાઓ. આ તમારા પુત્રોનું આશ્વાસન કરો અને શોકરહિત થાઓ. તમે શોક કોનો કરો છો. વૈદીહીના શરીરના ૨૭ તત્ત્વમાંથી દશ તત્વો તે જડ છે તે અદૃષ્ટ રહેવાથી શોક કરતા હો તો નિત્ય પ્રલયમાં દરરોજ તેમાં વધ ઘટ પ્રતિક્ષણે થયા કરે છે. તો પછી જીવતા મનુષ્યોનો પણ શોક કરવો જોઈએ, બાકી રહેલા ૧૭ તત્વોનું લીંગ શરીર અમર છે. તેને મરેલું ધારી શોક કરતા હો તો તમારી ભાવના અસત્ય છે. માટે શોક

કરવો મૂકી દો. એટલા માટે આ તમારા પુત્રોની સાથે લો લ્યાણાર્થે જે યજ્ઞકર્મ આરંભ્યું છે તે પૂર્ણ કરો અને સાવધ થાઃ આ તમારા પુત્રો છે એ વાત જો સત્ય ન હોય અથવા તેમા કાંઈ પણ શંકા હોય તો મેં જે દશહજાર વર્ષ સુધી તપ કરેલું છે તેનું ફળ વૃથા થાઓ. મહાસતિ વૈદીહીની અનેક પ્રતિજ્ઞાઓ થકી દેવોએ તેનું સતિપણું સ્વીકાર્યું છે અને ત્રિભુવનમાં એક પણ મનુષ્યને તેના સતીત્વને વિષે લેશ પણ શંકા રહી નથી.

ત્યારબાદ મુની વસિષ્ઠ ઉભા થઈ સર્વ દેખતાં કહે છે કે,

**मरणं प्रकृर्तिहि जंतुना विकृर्ती जीवत मुच्यते बुधिहि**

તમારી ત્રિભુવન પાલન કરનારી સતી સ્ત્રી, માતાનો સત્કાર પામી લીંગ શરીરે વિષ્ણુલોકના હિંચોળા ઉપર લક્ષ્મીજીનું સ્થાન ફરી પામ્યા છે. અને તમારી રાહ જોતાં જોતાં બેસી રહ્યા છે. અને જયાં કાંઇ પણ કલેશનો ગંધ પણ નથી એવું સ્વધામ પામ્યાં છે. અને તેમને ઊચ્ચ સ્થિતિ મળવાથી તમે શોક કરતા હો તો વૃથા છે માટે સાવધ થઇ લોકહીતાર્થ યજ્ઞકર્મનું જે કામ આરંભ્યું છે તેને પરિપૂર્ણ કરો.

## ધ્રુપદ તેતાલો.

જાકો બેદ રટત,–બ્રહ્મા રટત, શારદ શેષ મહેશ રટત,
ઝટત સબ મુનિજન નિશદિન ગાવત.

ધરત ધ્યાન, સુખ સમાધિ લાવત,
યોગારૂઢ સંયમી મુકિત પાવત.
મન મલિન ચિદ્દ શુદ્ધિ આવત,
પંચ કલેશ સબ દુઃખદ જાવત.

મનવાંચ્છિત ફળ સકળ લાવત,
સોહી સર્વ પરિપૂર્ણ ઇશ્વર.
વ્યાપક વિભુ મહેશ્વર પ્રશાશનકર,
સર્વ આધાર રૂપ, સર્વ શકિતરૂપ.

સર્વ જ્ઞાનરૂપ, સર્વ સત્યરૂપ, સવ જ્યોતિરૂપ,
સર્વ બીજરૂપ સર્વ આનંદરૂપ સર્વ બ્રહ્મરૂપ.

શુદ્ધ બુદ્ધ મુક્ત અખંડ અગોચર,
રસ પ્રેમ આકર્ષણશકિત કહાવત.
મન વાણીસે દૂર દૂર હો વત,
સોહી સનાતન–સ્વાનુભૂત હોવત.
અકલ સકલ આત્મ જ્યોતિ સોહી સત્ય સનાતન
બ્રહ્મરૂપ શાંતિ શિવ અકથ્ય અનુપ.
ઇન્દીરા ઉર લલિત આનંદ ગાવત.

॥ ॐ तत्सत् ब्रह्मार्पण मस्तु ॥

असतो मा सद्गमय. तमसो मा ज्योतिर्गमय.

ॐ शांति: शांति: शांति:

इतिश्री रामराज्य नाट्य लहरी संपूर्ण.

# આ ગ્રંથકર્તાના બીજાં પુસ્તકો.

**શ્રી પાંતજલ યોગસૂત્ર**—યોગનો સર્વોપરી ગ્રંથ. ભગવન્ પાતંજલિકૃત સૂત્ર અને તેની હરેકને સમજણ પડે તેવી વિસ્તાર યુક્ત ગુજરાતી ટીકા સાથે આ પુસ્તક બહાર પડયું છે. વિશેષે કરીને તેમાં વર્તમાન સાયન્સ વેદશાસ્ત્ર પુરાણુ અને પદાર્થ વિદ્યા તથા લૌકિક દ્રષ્ટાંતો આપી તેની લોકપ્રિયતા વધારી છે. મૂલ્ય રૂા. ૧–૦–૦ પોષ્ટેજ ૦–૨–૦.

**રૂદ્રાધ્યાય**—આ પુસ્તકમાં રૂદ્રશક્તિનો કલીષ્ટ અને ત્રુટક અર્થ નહિ કરતાં રસમય રૂદ્રનું દર્શન કરાવી વસ્તુ સાક્ષાત્કાર કરાવનાર અને અનુષ્ઠાન કરવાની પધ્ધતિ દર્શાવી મનવાંચ્છિત ફળ આપનાર સરળ ભાષામાં ગાન અને કાવ્ય તેમ ગદ્યસહિત આનંદ આપનાર અદ્‌ભુત પુસ્તક કિંમત રૂા. ૧–૮–૦

**કાવ્યાનંદનિધિ ભાગ પહેલો**—શાંત અને વીરરસના કાવ્યો. યુરોપીય પ્રચંડ યુદ્ધ આદિ મોટા કાવ્યોથી ભરપુર. મૂલ્ય રૂ. એક.

**કાવ્યાનંદનિધિ ભા. ૨** ઇશ્વરપ્રાર્થના ભોળા ભિમદેવની સ્તુતિ હાલરડાઓ—રામચરિત્ર નાટયલહરી નાયીકાલહરી પદ્મિની ચિત્રીણી આદી શૃંગારલહરી વિપ્રલંભ યુરોપીય પ્રચંડ યુધ્ધલહરી આદી ભક્તિના પ્રેમના વીરરસના નીતિના કાવ્યોથી ભરપુર મૂલ્ય રૂ. ૧-૮-૦

**કાવ્યાનંદનિધિ ભા. ૩** રામચરિત્ર નાટયલહરી—અશોકમાં શોક યુરોપીય જગદ્‌વ્યાપી યુદ્ધ નાયિકાલહરી. પ્રકીર્ણ વિષયો ઉપર કાવ્યો આપવામાં આવ્યાં છે. મૂલ્ય રૂા. ૧–૮–૦

**કાવ્યાનંદનિધિ ભા. ૪** આ પુસ્તક પોતેજ ૧–૮–૦

**કાવ્યાનંદ નિધિ ભાગ ૫**–(છપાય છે.)

**મંત્રરહસ્ય સ્પષ્ટીકરણ**—ઇશ્વરપ્રાપ્તિના સાધનો, મંત્રશક્તિની યથાર્થ સમજણ આપનાર ગ્રંથ. મૂલ્ય રૂ. દોઢ.

## બ્રહ્મસૂત્ર વેદાંતદર્શન.

વેદાંતનો સર્વોપરી ગ્રંથ. મેટ્રીકના સ્કોલરોને ચલાવવા યોગ્ય પુસ્તક. પ્રત્યેક સૂત્ર, તેનો અર્થ અને તે ઉપર વિદ્વતાયુક્ત ચર્ચા–ટીકા સાથે આ પુસ્તકમાં આધુનિક નાસ્તિક વાદીઓની શંકાના સમાધાન કર્યાં છે. ધર્મ જીજ્ઞાસુએ વાંચવા વિચારવા યોગ્ય છે. ૫૦ ફોર્મ રૂ. ૫.)

ઇન્દિરાનંદ લલિતાનંદ પંડિત નાગરફળીયા–સુરત.

# આ ગ્રંથકર્તાના બીજાં પુસ્તકો.

**શ્રી પાતંજલ યોગસૂત્ર**—યોગનો સર્વોપરી ગ્રંથ, ભગવન્ પાતંજલિ કૃત સૂત્ર અને તેની દરેકને સમજાણુ પડે તેવી વિસ્તારયુક્ત ગુજરાતી ટીકા સાથે આ પુસ્તક બહાર પડ્યું છે. વિશેષે કરીને તેમાં વર્તમાન સાયન્સ વેદશાસ્ત્ર, પુરાણુ અને પદાર્થ વિદ્યા તથા લૈકિક દ્રષ્ટાંતો આપી તેની લોકપ્રિયતા વધારી છે. મૂલ્ય રૂા. ૧—૦—૦ પોષ્ટેજ ૦—૨—૦.

**રૂદ્રાધ્યાય**—આ પુસ્તકમાં રૂદ્રશકિતનો કલીષ્ટ અને ત્રુટક અર્થ નહિ કરતાં રસમય રૂદ્રનું દર્શન કરાવી વસ્તુ સાક્ષાત્કાર કરાવનાર અને અનુષ્ઠાન કરવાની પદ્ધતિ દર્શાવી મનવાંચ્છિત ફળ આપનાર સરળ ભાષામાં ગાન અને કાવ્ય તેમ ગદ્યસહિત આનંદ આપનાર અદ્‌ભુત પુસ્તક કિમત રૂા ૧—૮—૦.

**કાવ્યાનંદનિધિ ભાગ પહેલો**—શાંત અને વીરરસના કાવ્યો, યુરોપીય પ્રચંડ યુદ્ધ આદિ મોટા કાવ્યોથી ભરપુર. મૂલ્ય રૂા. ૧—૦—૦

**કાવ્યાનંદનિધિ ભા. ૨**—ઇશ્વરપ્રાર્થના ભોળા ભીમદેવની સ્તુતિ હાલરડાંઓ-રામચરિત્ર નાટયલહરી, નાયીકાલહરી, પદ્મિની, ચિત્રાંગી આદી શૃંગારલહરી વિપ્રલંભ યુરોપીય પ્રચંડયુદ્ધ લહરી આદિ ભકિતના, પ્રેમના, વીરરસના, નીતિના કાવ્યોથી ભરપુર. મૂલ્ય રૂા. ૧—૮—૦

**કાવ્યાનંદનિધિ ભા. ૩**—રામચરિત્ર નાટય લહરી-અશોકમાં શોક, યુરોપીય જગદ્‌વ્યાપી યુદ્ધ, નાયીકાલહરી, પ્રકીર્ણ વિષયો ઉપર કાવ્યો આપવામાં આવ્યાં છે. મૂલ્ય રૂા. ૧—૮—૦.

**કાવ્યાનંદનિધિ ભા. ૪**—આ પુસ્તક પોતેજ. મૂલ્ય રૂા ૧—૮—૦

**કાવ્યાનંદનિધિ ભા. ૫**—(છપાય છે.)

**મંત્રરહસ્ય સ્પષ્ટીકરણ**—ઇશ્વરપ્રાપ્તિના સાધનો, મંત્રશકિતની યથાર્થ સમજણ આપનાર ગ્રંથ. મૂલ્ય રૂા. ૧—૮—૦.

## બ્રહ્મસૂત્ર વેદાંતદર્શન.

વેદાંતનો સર્વોપરી ગ્રંથ. મેટ્રીકના સ્કોલરોને ચલાવવા યોગ્ય પુસ્તક. પ્રત્યેક સૂત્ર, તેનો અર્થ અને તે ઉપર વિદ્વત્તાયુકત ચર્ચા—ટીકા સાથે આ પુસ્તકમાં આધુનિક નાસ્તિક વાદીઓની શંકાના સમાધાન કર્યાં છે. ધર્મ જીજ્ઞાસુએ વાંચવા વિચારવા યોગ્ય છે. ૫૦ ફોર્મ રૂ. ૫.)

ઇન્દિરાનંદ લલિતાનંદ પંડિત નાગરફળીયા—સુરત.